# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 183 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 August 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૪ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતના શહેરી વિકાસ માટે ૪૧૭૯ કરોડ રૂપિયા મંજૂર, સાત મનપા અને ૧૨ પાલિકાઓમાં વિકાસ કાર્યો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તિકરણની પ્રતિબદ્ધતા સાથે ઉજવાઇ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અન્વયે રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ અને ૧૨ નગરપાલિકાઓને બહુવિધ વિકાસ કામો માટે ૪૧૭૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ દ્વારા આયોજનબદ્ધ શહેરી વિકાસનો જે પાયો નાખ્યો હતો તેની બે દાયકાની સિદ્ધિ અને સફળતાને પગલે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું આ વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

ભૂપેન્દ્ર પટેલે આ શહેરી વિકાસ વર્ષમાં પરિવર્તનશીલ શહેરી વિકાસ માટેની નેમ સાથે શહેરોમાં વધુ ને વધુ જનસુખાકારીના કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આ ૪૧૭૯ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

તદ્અનુસાર, આ રકમ મહાનગરો-નગરો માટે ફાળવવામાં આવી છે તેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને નવરચિત ૩ મહાનગર પાલિકાઓ નડિયાદ, પોરબંદર અને મોરબી તથા નગરપાલિકાઓમાં વિસનગર, બોરસદ, વિરમગામ, પાટણ, આમોદ, ઉના, હળવદ, ખંભાળિયા, સાવરકુંડલા, ધાનેરા તેમજ વેરાવળ અને પાટણ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટના કામો માટે રૂ. ૩૭૬૮ કરોડ ફાળવ્યા હતા. તેમાં વડોદરા મહાનગરપાલિકાને અર્બન મોબિલિટી અને ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓના ૩૪૯ કામો માટે રૂ. ૪૫૫ કરોડ, રાજકોટને ૩૦૨ કામો માટે રૂ. ૩૬૭ કરોડ અને અમદાવાદને ૨૫૨ કામો માટે રૂ. ૨૯૪૦ કરોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવરચિત પોરબંદર મહાનગર પાલિકા માં ૧૧ કામો માટે ૬.૨૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા.

શહેરી વિકાસ વર્ષમાં મહાનગરો અને નગરો-શહેરોમાં આઇકોનિક રોડ અન્વયે શહેરી સડક તેમજ ગૌરવ પથ નિર્માણ માટે સમગ્રતયા ૨૧૯ કરોડ રૂપિયાના કામો મંજૂર થયા છે. તેમાં મોરબી મહાનગરપાલિકાને રૂ. ૧૫ કરોડ, નડિયાદ મહાનગરપાલિકાને રૂ. ૧૩ કરોડ, રાજકોટ મહાનગરપાલિકાને રૂ. ૧૩૬ કરોડ અને નગરપાલિકાઓમાં ઉનાને રૂ. ૧૭.૭૬ કરોડ, હળવદને રૂ. ૧૯.૨૮ કરોડ તથા ખંભાળિયાને પાંચ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી.

આ ઉપરાંત મુખ્યપ્રધાને પાણી પુરવઠા લાઈનોના કામો અને વરસાદી પાણીના નિકાલ માટેના સ્ટોર્મ વોટર ડ્રેનેજ કામો માટે કુલ ૯૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. આ રકમમાંથી મોરબી મહાનગરપાલિકાને રૂ.૬૧.૬૪ કરોડ, સાવરકુંડલા નગરપાલિકાને રૂ. ૧૯.૨૮ કરોડ અને ધાનેરાને રૂ. ૧૧.૩૧ કરોડ ફાળવાયા છે.

નગરોમાં આગવી ઓળખના કામો માટે વેરાવળ-પાટણ નગરપાલિકા અને આમોદ નગરપાલિકાને કુલ રૂ. ૧૪ કરોડ તથા ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અન્વયે વિસનગર, બોરસદ અને વિરમગામને રૂ. ૨.૭૨ કરોડના કામોની મુખ્ય પ્રધાને અનુમતી આપી હતી. એટલું જ નહીં, આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ માટે રૂ. ૮૦ કરોડ રાજકોટને અને ૨.૭૨ કરોડ રૂપિયા પાટણને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવાયા છે.

મુખ્ય પ્રધાને શહેરી વિકાસ વર્ષમાં નાગરિક કેન્દ્રિત શહેરોના નિર્માણના ધ્યેય સાથે અર્નિંગ વેલ લિવિંગ વેલના મંત્રને સાકાર કરીને સ્માર્ટ, સસ્ટેઈનેબલ અને ગતિશીલ શહેરી કેન્દ્રો બનાવવા રાજ્યના શહેરો અને નગરોમાં સુવિધા-સુખાકારીના વિકાસ કામોને પ્રાથમિકતા આપવાના હેતુસર આ ૪૧૭૯ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરીઓ આપી હતી.

# મોરબીમાં દાંડિયા ક્લાસિસ સામે પાટીદાર સમાજ એક જૂથ, ડિસ્કો દાંડિયા ક્લાસમાં ન જોડાવવા પ્રતિજ્ઞા લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીમાં ચાલતા અર્વાચિન દાંડિયા ક્લાસિસમાં વલ્ગારિટી ફેલાતી હોવાનો અને પાટીદાર સમાજ સહિતના સમાજની દીકરીઓને બ્લેકમેઈલ કરાતી હોવાના પાટીદાર સમાજના આગેવાનો દ્વારા ગંભીર આક્ષેપ કરાયા હતા. જેથી મોરબીમાં તમામ દાંડિયા ક્લાસિસ નામના દૂષણોને બંધ કરાવવા માટે પાટીદાર સમાજ દ્વારા એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

આ ઝુંબેશના ભાગરૂપે પાટીદાર સમાજના આગેવાનો અને ઉદ્યોગપતિઓ સહિત તમામ રાજકિય પક્ષના નેતાઓને એકસાથે જોવા મળ્યા હતા.

આ કથિત દૂષણના વિરોધમાં શનિવારે રાત્રે મોરબીમાં 'જન ક્રાંતિ સભા'નું આયોજન કરાયું હતું. જેમાં મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા, પાટીદાર સમાજના આગેવાન મનોજ પનારા સહિતના પાટીદાર અને અન્ય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સભાના માધ્યમથી ૨૦ હજાર પાટીદારોએ આગામી સમયમાં અર્વાચીન ડિસ્કો દાંડિયા ક્લાસમાં ન જોડાવવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.

જન ક્રાંતિ સભામાં સામેલ થયેલા પાટીદાર આગેવાન મનોજ પનારાએ કહ્યું હતું કે, પાટીદાર હવે ફરિયાદી નહીં પણ આરોપી પણ બનવા તૈયાર છે.

આ પ્રસંગે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, અમારા સમાજના આગેવાનોને લુખ્ખા કહેવા વાળાને જઈને મારી આવજો! હું બેઠો છું, કોઈના બાપની તાકાત નથી. તમને કોઈ આંગળી અડાળી શકે. આ ઉપરાંત તેમને, સમાજ મોબાઈલ બાબતે પણ ટકોર કરી હતી કે, 'ગ્રેજ્યુએટ થયેલા દીકરી કે દીકરાઓને રાત્રે ૧૦ વાગ્યા પછી મોબાઈલ આપવો નહીં. કારણ કે, રાત્રે ૧૦ વાગ્યા પછી કોઈ મોબાઇલ લઈને બેસે તો સમજી જવાનું કે એ કાળા કામ જ કરે છે. આ ઉપરાંત કાંતિ અમૃતિયાએ સમાજને સ્પષ્ટ કહી દીધું હતું કે, તમને કાંઈ પણ તકલીફ હોય ને, તો મને ગમે ત્યારે ફોન કરજો, અડધી રાતે પણ અને મારો કોઈ વાંક હોય તો મારો ઝભ્ભો ફાડી નાંખજો.

આ તકે પાટીદાર આગેવાન મનોજ પનારાએ ખાસ જણાવ્યું હતું કે, મોરબીમાં દાંડિયા ક્લાસિસ સંચાલકોને પ્રેમથી સમજાવ્યા હતા પરંતુ એને સમજાવવા ગયેલા પાટીદાર આગેવાનોને એ લોકોએ આવારા તત્ત્વો કીધા અને પોલીસ મથકે અરજી કરી હતી. અમને અમુક લોકોએ એવું કીધું કે, તમે રોટલા પર પાટું મારો છો. ત્યારે રોટલા પર પાટું નહીં પણ માથામાં ધારીયું મારવાની અમારી તૈયારી છે. અવું મનોજ પનારાએ ઉમેર્યું હતું.

અત્રે પાટીદાર સમાજના આગેવાનોએ સ્ટેજ પરથી કરેલી હાલક અંગે અને ખાસ કરીને દાંડિયા ક્લાસિસ બંધ કરાવવા મુદે સમાજની મહિલાઓએ અને યુવતીઓએ સહમતિ દર્શાવી હતી અને આવા દાંડિયા ક્લાસિસમાં ન જવા માટે તૈયારી દર્શાવી હતી.

# રાજ્યમાં ૧૨ સેન્ટરો પર નીટ પીજીની પરીક્ષા યોજાઈ: ૫૦ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં મેડિકલના વિદ્યાર્થીઓ માટેની નીટ પીજીની પરીક્ષા યોજાઈ હતી. એમબીબીએસ પછી માસ્ટર્સ માટેની આ પ્રવેશ પરીક્ષા સિંગલ સેશનમાં લેવામાં આવી હતી. રવિવારે સવારે ૯:૦૦ વાગ્યાથી પરીક્ષાનો પ્રારંભ થયો હતો જે બપોરે ૧૨:૩૦ સુધી ચાલી હતી. અમદાવાદ પરીક્ષા માટે એક જ સેન્ટર હોવાના કારણે વિદ્યાર્થી-વાલીઓએ ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના ૧૩ હજાર સહિત રાજ્યમાંથી અંદાજિત ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.

અમદાવાદમાં એક જ સેન્ટર હોવાને કારણે સવારે પરીક્ષા શરૂ થતાં પહેલાં જ અફરાતફરી જેવો માહોલ સર્જાયો હતો. પરીક્ષા કેન્દ્ર તરફ જતાં રસ્તા પર લગભગ બે કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થયો હતો. વાલીઓને પાર્કિંગની કોઈ વ્યવસ્થા ન હોવાથી રસ્તા પર જ પોતાનાં વાહનો પાર્ક કરવાં પડ્યાં હતાં, જેના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની હતી.

જોકે, આ ટ્રાફિક જામને કારણે કેટલાક વિદ્યાર્થીઓ મોડા પડ્યા હોવા છતાં તેમને રાહત મળી હતી. નિયમો મુજબ સવારે ૮:૩૦ સુધી પ્રવેશ આપવાનો સમય હતો, પરંતુ બે વિદ્યાર્થીઓને મોડા પહોંચવા છતાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થી ૮:૩૨ વાગ્યે અને બીજો ૮:૪૧ વાગ્યે પહોંચ્યો હોવા છતાં, તેઓ સમયસર પોતાના પરીક્ષા ખંડમાં પહોંચી શક્યા હતા. પરીક્ષા શરૂ થયા બાદ સવારે ૯ વાગ્યા સુધી વાલીઓ ગેટ પાસે ઊભા રહીને પોતાના સંતાનોને શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા.

# તાપી જિલ્લામાં લમ્પી વાઈરસથી ૨૮ ગાયો પોઝિટિવ, પશુપાલકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાપી જિલ્લામાં ફરી એકવાર લમ્પી વાઈરસે માથું ઊંચક્યું છે. જિલ્લામાં છ તાલુકામાં ૨૮ ગાયોમાં લમ્પી વાઈરસના કેસ નોંધાતા પશુપાલકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, ૨૧ જેટલા એક્ટિવ કેસ અને ૭ પશુઓ રિકવર થયા છે. રાહતની વાત એ છે કે આ વાઈરસથી હજુ સુધી કોઈ પશુનું મૃત્યુ થયું નથી.

તાપી જિલ્લાના વ્યારા, સોનગઢ, વાલોડ, કુકરમુંડા, ડોલવણ અને નિઝર તાલુકાના ૨૦ જેટલાં ગામોમાં ગાયોમાં લમ્પી વાઈરસનાં લક્ષણો દેખાયાં છે. અત્યાર સુધીમાં કુલ ૨૮ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાંથી ૭ પશુઓ રિકવર થયા છે. આ મામલે પશુપાલન વિભાગ દ્વારા ૧ લાખ ૨૧ હજારથી વધુ પશુઓનું રસીકરણ કરાયું છે. બીજી તરફ પશુપાલન વિભાગ દ્વારા પશુપાલકોને સાવચેતી રાખવા અને પશુઓમાં કોઈ પણ લક્ષણો જણાય તો તાત્કાલિક પશુઓના ડોક્ટરનો સંપર્ક કરવા અપીલ કરાઈ હતી. રસીકરણ અભિયાનને વધુ સઘન બનાવીને આ રોગના ફેલાવાને અટકાવવા માટેના પ્રયાસો ચાલુ છે.

# ત્રણ સિંહ બાળનાં મોત બાદ રાજુલામાં વધુ એક સિંહણનો મૃતદેહ મળતા ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાફરાબાદ રેન્જમાં ત્રણ સિંહ બાળના અચાનક મોત થતા વન વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના મુદ્દે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકીએ વન પ્રધાન મુળુ બેરાને પત્ર લખી ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ત્યારે વધુ એક સિંહણના મૃતદેહ મળી આવતા વન વિભાગે વધુ સઘન કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગતો અનુસાર અમરેલીના રાજુલા તાલુકાના માંડરડી ગામની સીમમાંથી વધુ એક સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો. માંડરડી ગામમાં એક ખેતરમાંથી સિંહણનો મૃતદેહ મળી તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી અને વન વિભાગનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વન વિભાગની ટીમે સિંહણના મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમની કામગીરી માટે તેને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખસેડવામાં આવ્યો હતો. વન વિભાગે આ સિંહણનું મૃત્યુ કુદરતી હોવાનો દાવો કર્યો હતો.

સિંહોના મોતની ગંભીર ઘટનાને પગલે ગાંધીનગરથી પીસીસીએફ જયપાલસિંહ રાઠોડ રાજુલાના ઝાંઝડા એનિમલ કેર સેન્ટરે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે જૂનાગઢના સીએફ, ધારી ગીર પૂર્વનાં ડીસીએફ અને શેત્રુંજી ડિવિઝનના ડીસીએફ સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. તેમની ટીમે જાફરાબાદ રેન્જ અને રાજુલા વિસ્તારની મુલાકાત લીધી હતી.

સિંહોના મોતની ઘટનાને પગલે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકીએ વન પ્રધાન મુળુ બેરાને પત્ર લખી ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે વન વિભાગના અધિકારીઓની બેદરકારી અને નિષ્કાળજીને સિંહોના મોત માટે જવાબદાર ઠેરવી તાત્કાલિક કાર્યવાહીની માગ કરી હતી.

# ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશભરમાં બીજા સ્થાને, ૨૦૨૪-૨૫માં ૧૦.૩૭ લાખ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદનની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

છેલ્લાં ૪ વર્ષોમાં ગુજરાતમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫૬ લાખ મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૦૪,૮૨૮ મેટ્રિક ટન અને આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૩,૦૭૩ મેટ્રિક ટન થયું હતું. છે. આમ, વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૯,૦૭,૯૦૧ મેટ્રિક ટન રહ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૬૪,૩૪૩ મેટ્રિક ટન, જ્યારે આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૭૨,૪૩૦ મેટ્રિક ટન થવાની સંભાવના છે. આમ, વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૧૦,૩૬,૭૭૩ મેટ્રિક ટન થવાની સંભાવના છે.

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (પીએમએમએસવાય) સમગ્ર દેશમાં લાગુ કરી છે, જેમાં મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધી કુલ રૂ. ૮૯૭.૫૪ કરોડના વિવિધ ઘટકો ધરાવતા પ્રોજેક્ટ્સ માટે ભારત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે પીએમએમએસવાય હેઠળ ગુજરાતને રૂ. ૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેનાથી પણ રાજ્યમાં મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિઓને વેગ મળી રહ્યો છે.

# સુરતમાં ગર્ભ પરીક્ષણ કરતી બે હોસ્પિટલ ઝડપાઈ, સોનોગ્રાફી મશીન સીલ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગર્ભ પરીક્ષણ કરવું તે કાનૂની ગુનો હોવા છતાં કેટલાક તબીબો પૈસાની લાલચે આ ગેરકાયદે કામ કરતા હોય છે. આવો જ એક કિસ્સો સુરતમાં બન્યો હતો. જ્યાં બાતમીના આધારે આરોગ્ય વિભાગે બે હોસ્પિટલમાં ગેરકાયદે થતા ગર્ભ પરીક્ષણના રેકેટને ઝડપી પાડ્યું હતું.

મળતી માહિતી મુજબ, સુરતના અમરોલીમાંથી ગેરકાયદે ગર્ભપરીક્ષણનો પર્દાફાશ કરાયો હતો. જિલ્લા આરોગ્ય વિભાગમાં ફરિયાદ મળ્યા બાદ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે તપાસ કરતા બહાર આવ્યું હતું કે, અમરોલીની શિવમ અને ઓમસાઈ હોસ્પિટલમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ કરાવવામાં આવતું હતું.

શિવમ હોસ્પિટલમાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણનો ધંધો ચાલતો હતો અને ઓમ સાઇ હોસ્પિટલના ડોક્ટર ઝડફિયા અને તેનો રિક્ષા ડ્રાઇવર ગર્ભવતી મહિલાઓનો સંપર્ક કરતા હતા. આ સિવાય એજન્ટો મારફતે પણ ગર્ભવતી મહિલાઓને સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવતી હતી. ગર્ભમાં બાળક છે કે બાળકી તે તપાસ કરવા માટે ૧૦-૧૫ હજાર રૂપિયા લેવામાં આવતા હતા. હાલ, આરોગ્ય વિભાગ દ્વારા સોનોગ્રાફી મશીન સીલ કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ મામલે ડોક્ટર ઝડફિયા હેઠળ અન્ય ત્રણ લોકો પણ સામેલ હતા. આ લોકોની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, સગર્ભા બહેનોને શિવમ હોસ્પિટલમાં જ ગર્ભ પરીક્ષણ માટે મોકલવામાં આવતી હતી.

આ મામલે આરોગ્ય વિભાગને હોસ્પિટલમાંથી અનેક દર્દીઓના નંબર પણ મળ્યા છે. આ સિવાય લેવડ-દેવડના ટ્રાન્ઝેક્શનની વિગત પણ બહાર આવી છે, જે કોર્ટમાં પુરાવા તરીકે રજૂ કરવામાં આવશે.

# રાજકોટ ફોઈ-ભત્રીજી ગુમ કેસઃ ફોઈએ જ મિલકત માટે અપહરણનું નાટક રચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલા ફઈ ભત્રીજી એકાએક રહસ્યમય સંજોગોમાં થવાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. પોલીસે ફઈ-ભત્રીજીને મધ્ય પ્રદેશના ઈન્દોરથી હેમખેમ શોધી કાઢ્યાં હતાં અને બન્નેના અપહરણનો ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે ઊંડી તપાસ આદરતા ચોંકાવનારી વાત સામે આવી હતી અને ૪૪ વર્ષની ફઈ રીમા માખાણીએ જ વારસાઇ મિલકતમાં ભાગ મેળવવા માટે આ આખા કાવતરાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર રાજકોટના અલકાપુરી મેઇન રોડ નજીક રહેતા ખોજા પરિવારની ફઈ ભત્રીજી થોડા દિવસ પહેલા ઘરેથી આઈસક્રીમ ખાવા માટે બહાર નીકળ્યા બાદ કાર સાથે રહસ્યમય સંજોગોમાં ગુમ થઇ ગયાં હતાં. પરિવાર દ્વારા બંનેની શોધખોળ કર્યા બાદ પણ કોઈ ભાળ ન મળતા પરિવારજનોએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અપહરણનો અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જો કે પોલીસ અધિકારીઓને પ્રારંભથી જ ફઇ રીમા પર શંકા હતી. આથી જ પોલીસે ફઇ રીમાની ઊલટ પૂછપરછ કરી ત્યારે તે ભાંગી પડી હતી.

પોલીસની ઊલટતપાસમાં સામે આવ્યું હતું કે આરોપી રીમાએ કબૂલ્યું હતું કે, પિતાની માલિકીની કરોડો રૂપિયાની મિલકતમાં ભાગ પડાવવા પોતે રેલનગરમાં રહેતા વકીલ રાજવીરસિંહ ઝાલાને મળી હતી અને વકીલ ઝાલાએ આ સમગ્ર કાવતરું ઘડ્યું હતું અને તે મુજબ જ તેની ભત્રીજી અનાયાને લઇને ઘરેથી આઈસક્રીમ ખાવા નીકળી હતી. આ દરમિયાન વકીલ રાજવીરસિંહ ઝાલા મોઢે બુકાની બાંધી અને હાથમાં છરી સાથે આવ્યો હતો અને ફઇ-ભત્રીજી બન્નેને કારમાં મોરબી, ત્યાંથી ભુજ, ત્યાંથી રાજસ્થાન અને ઇન્દોર પહોંચ્યા હતા, ઇન્દોરમાં રીમા અને અનાયાને મૂકી વકીલ રાજવીરસિંહ ઝાલા નાસી ગયો હતો.

# વડોદરાના છાણીમાં સ્મશાનનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપાતા ગામલોકોએ બંધ પાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા કોર્પોરેશન દ્વારા જ્યારથી ૩૧ સ્મશાનો સ્વૈચ્છિક સંસ્થાઓને સંચાલન અને નિભાવની માટે સોંપવાનો ઠરાવ કરવામાં આવ્યો, ત્યારથી જ વિવાદના મંડાણ થયા હતા. કોર્પોરેશન દ્વારા સ્મશાનોના કરવામાં આવેલા ખાનગીકરણના વિરોધમાં છાણી ગામના લોકોએ સ્વૈચ્છીક બંધ પાળ્યો હતો. લોકોએ સ્મશાનનો વહીવટ ગામના ટ્રસ્ટને હસ્તક રાખવામાં આવે તેવી માંગ સાથે બંધનું એલાન કરવામાં આવ્યું હતું, જેમાં ગામના તમામ વેપારીઓ પણ જોડાયા હતા.

મળતી વિગતો અનુસાર વડોદરા કોર્પોરેશને દ્વારા શહેરના ૩૧ સ્મશાનોનું સંચાલન અને નિભાવ ખાનગી સંસ્થાઓને સોંપવાનો ઠરાવ કર્યો હતો. આ ઠરાવ બાદ શહેરમાં વિવાદના મંડાણ થયા હતા. આ દરમિયાન મોડી રાત્રે છાણી ગામના સ્મશાનમાંથી લાકડાને અન્ય કોઈ સ્થળે લઈ જવાની ચાલી રહેલી કામગીરીને કોંગ્રેસના કાઉન્સિલરો દ્વારા રોકવામાં આવી હતી અને આ મુદ્દે સ્થાયી સમિતિના ભાજપાના પૂર્વ ચેરમેન સહિત ગામ લોકો અને કોંગ્રેસના કાઉન્સિલરો વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું.

આ વિવાદ મુદ્દે કોર્પોરેશનની સ્થાયી સમિતિના ભાજપાના પૂર્વ ચેરમેને કહ્યું હતું કે, છેલ્લા ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી છાણી ગામના લોકોના દાનથી સ્મશાન ચાલી રહ્યું હતું. જો કે કોર્પોરેશને ખાનગી સંસ્થાઓને સ્મશાનોનુ સંચાલન સોંપ્યું છે અને આથી સ્મશાનમાં પડેલા ૩ મણ જેટલા લાકડાંને આજુબાજુના ગામોના સ્મશાનોમાં દાન આપી દેવાનો ટ્રસ્ટીઓ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો અને તેના જ આધારે લાકડા મોકલવાનું શરૂ કરતાં કોંગ્રેસના કાઉન્સિલરો આવી પહોંચ્યા હતા અને ખોટા આક્ષેપો મૂકી હોબાળો મચાવ્યો હતો.

# અમરેલી નગરપાલિકાના ડંપિંગ સાઈડમાં બાયોમેડિકલ વેસ્ટ મળતા તંત્ર હરકતમાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં નગરપાલિકાની ડંપિંગ સાઈડ પર મોટી માત્રામાં બાયોમેડિકલ વેસ્ટ મળી આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું.

ડંપિંગ સાઈડ પર સામાન્ય કચરાની સાથે મોટા પ્રમાણમાં બાયોમેડિકલ વેસ્ટ જોવા મળતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અમરેલીના મેડિકલ ઓફિસર અને તેમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ બાયોમેડિકલ વેસ્ટમાં મુખ્યત્વે ડાયાલિસિસ માટે વપરાતી હેમો ડાયાલાઈઝર, ફિલ્ટર, ટ્યૂબ અને સર્જિકલ ટ્રે સહિતની સામગ્રી હતી. સૂત્રો મુજબ, જો આ બાયોમેડિકલ વેસ્ટ કચરાની સાથે સળગાવવામાં આવે તો વાયરસ ફેલાવાની શક્યતા હતી.

આ બાયોમેડિકલ વેસ્ટની સંખ્યા અંદાજે ઘણી મોટી છે. આ અંગે વિગતવાર રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા આરોગ્ય કચેરીને જાણ કરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં આ પહેલા પણ જાહેર જગ્યાઓ પર કચરાની સાથે બાયોમેડિકલ વેસ્ટ ફેંકાયેલો મળી આવ્યો હતો, પરંતુ આ અંગે અત્યાર સુધી કોઈ નક્કર તપાસ કે પગલાં લેવામાં આવ્યા નથી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા શાળાઓમાં સંસ્કૃત સપ્તાહ ઉજવણી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષાના વિકાસ માટે સંસ્કૃત બોર્ડ- ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા મુખ્ય પ્રધાનના હસ્તે પાંચ પ્રકલ્પ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્કૃત સપ્તાહ ઉજવણી, સંસ્કૃત સંવર્ધન સહાયતા, સંસ્કૃત પ્રોત્સાહન યોજના, શ્રીમદ્ ભગવત ગીતા યોજના, શતમ સુભાષિત કંઠપાઠ યોજના સામેલ હતા.

આ પાંચ પ્રકલ્પો પૈકી આગામી તા.૦૬ ઑગસ્ટના રોજ ભગવાન દ્વારકાધીશની નગરી દ્વારકા ખાતે સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક શાળા થી લઈ માધ્યમિક શાળા અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષાની વિવિધ થીમ આધારિતનું આયોજન છે.

તા.૦૭ ઑગસ્ટ એટલે બીજા દિવસે સંસ્કૃત સંભાષણ દિન તરીકે દરેક શાળાઓમાં ઉજવણી કરવામાં આવશે. જેમાં શાળા કક્ષાએ સંસ્કૃતમાં પ્રાર્થના સંચાલન અને શાળા સંચાલન શ્લોક ગાન, સંવાદ સ્પર્ધા જેવા વિવિધ સંસ્કૃત ભાષાને પોષક અને સંસ્કૃતિ સંવર્ધન કરે તેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જ્યારે તા.૦૮ ઑગસ્ટના રોજ સંસ્કૃત સાહિત્ય દિન તરીકે શાળામાં આયોજિત છે, જેમાં સંસ્કૃતના વિવિધ ગ્રંથો એના રચયિતાઓની પ્રદર્શની જાણકારી સંસ્કૃતના વિવિધ સૂકતોની ચિત્રાત્મક રજૂઆત વિઝ્યુઅલ આર્ટ સંસ્કૃત સાહિત્યની સંવેદનાઓ વિદ્યાર્થી-શિક્ષક દ્વારા અભિવ્યક્ત થશે.

આ ત્રિવિધ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ સાથે વાલીઓને પણ અને સંસ્કૃત ભાષા તજજ્ઞોને પણ જોડવાનો છે. તેમ જ સંસ્કૃત ભાષાને પ્રોત્સાહિત કરતી અન્ય યોજનાઓ જાણકારી શાળા કક્ષાએથી મળશે.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 183 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 August 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૪ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૨૦૦ કરોડની છેતરપિંડીઃ મુંબઈ, ગુજરાતમાં દરોડા

## ઍક્સિસ મ્યુચ્યુઅલ ફંડના માજી મેનેજર વીરેશ જોશીની ધરપકડઃ અમદાવાદ, ભાવનગર, ભુજ, મુંબઈમાં ઈડીની કાર્યવાહી




નવી દિલ્હી : ટ્રેડ પ્રવૃત્તિમાં રોકાણકારો સાથે ફ્રન્ટ રનિંગ વડે ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની કથિત છેતરપિંડીના કેસમાં એન્ટિ-મની લોન્ડરિંગ કાયદા હેઠળ ભૂતપૂર્વ ચિફ ટ્રેડર અને એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના ફંડ મેનેજર વીરેશ જોશીની ધરપકડ કરવામાં આવી છે, એવી માહિતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ રવિવારે આપી હતી. ઈડીએ કેસમાં પહેલી ઑગસ્ટે દિલ્હી, મુંબઈ, ગુરુગ્રામ, લુધીયાણા, અમદાવાદ, ભાવનગર, ભુજ અને કોલકાતાનાં વિવિધ ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા.

સ્પેશ્યલ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટે જોશીને આઠ ઑગસ્ટ સુધી ઈડીની કસ્ટડીમાં મોકલ્યો છે. તેની ધરપકડ શનિવારે કરાઈ હતી. ફ્રન્ટ રનિંગ એ સિક્યોરિટી માર્કેટની અનૈતિક અને ગેરકાયદે રીતરસમ છે જેમાં બ્રોકર કે ટ્રેડર ગ્રાહકના પેન્ડિંગ રહેલા ઑર્ડરની જાણકારી લઈને તેને પોતાના લાભમાં અમલમાં મૂકે છે. આ ગેરરીતિને લીધે બજારની શાખ પર અસર થાય છે અને રોકાણકારોને ગેરલાભ થાય છે.

ઈડી આ બાબતની ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા)ની સિવિલ જોગવાઈ હેઠળ તપાસ કરી રહી છે. આવકવેરા ખાતાએ ૨૦૨૨માં આ કેસમાં દરોડા પાડ્યા હતા.

ઈડીએ કહ્યું હતું કે અમુક એન્ટિટી અને વ્યક્તિએ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા જેનું ટ્રેડિંગ થાય છે એવી સ્ક્રીપ્ટમાં ફ્રન્ટ રનિંગ એક્ટિવિટી વડે ગેરકાયદે નફો મેળવ્યો હતો એ કેસની તપાસના ભાગરૂપે એજન્સીએ દરોડા પાડ્યા હતા.

મુંબઈ પોલીસે ડિસેમ્બર ૨૦૨૪માં એવો એફઆઈઆર કર્યો હતો કે એક્સિસ મ્યુચ્યુલ ફંડના ભૂતપૂર્વ ફંડ મેનેજર જોશીએ ગ્રાહકોની ખરીદવાના શૅરની ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને નોંધપાત્ર ગેરકાયદે નફો કર્યો હતો. જોશીએ આથી એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારોને છેતર્યા હતા અને જેઓ મેનેજમેન્ટ હેઠળ બે લાખ કરોડ રૂપિયાની ઍસેટ ધરાવતા હતા. આરોપીએ વિવિધ દલાલો દ્વારા મેળવેલા મ્યુલ ટ્રેડિંગ અકાઉન્ટનો ઉપયોગ કરીને ફ્રન્ટ રનિંગ ટ્રેડ ઓર્ડરને પંચ કરવા દુબઈના એક ટર્મિનલનો ઉપયોગ કર્યો હતો. તપાસમાં માલૂમ પડ્યું હતું કે બીજા અનેક ટ્રેડર અને બ્રોકરે એક્સિસ મ્યુચ્યુલ ફંડના એડવાન્સ ઈનપુટનો દુરુપયોગ કરીને ગેરકાયદે ટ્રેડ પ્રોફિટ કમાયા

(જુઓ પાનું ૨) ▸▸

## રિઝર્વ બૅન્ક બુધવારે વ્યાજદર જાહેર કરશે

મુંબઈ : આરબીઆઈના ગર્વનર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની છ સભ્યની વ્યાજદર નક્કી કરતી સમિતિ-મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)ની દ્વિમાસિક વ્યાજદર બુધવારે (છ ઑગસ્ટે) જાહેર કરવા માટે બેઠક મળવાની છે. ત્રણ દિવસની બેઠક સોમવારે શરૂ થશે.

નિષ્ણાતોનું કહેવું છે કે સતત ત્રણ વાર વ્યાજદર ઘટાડ્યા બાદ અમેરિકના ટૅરિફની અનિશ્ચિતતાને લીધે આર્થિક વૃદ્ધિ સામેની ઊભી થયેલી અડચણો અને ઘટતા ફુગાવાના ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને આરબીઆઈ ચાવીરૂપ શોર્ટ ટર્મ લેન્ડિંગનો દર ૫.૫ ટકા જાળવી રાખે એવી સંભાવના છે. જોકે અમુક નિષ્ણાતોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ફુગાવા વધવાના જોખમ કરતાં વિકાસ સામેના પડકારો ભારી હોવાથી સેન્ટ્રલ બૅન્ક વ્યાજદરની કપાત ચાલુ રાખશે એવી સંભાવના છે. આરબીઆઈએ આ અગાઉ સતત ત્રણ વાર શોર્ટ ટર્મ લેન્ડિંગ રેટ (રેપો) ઘટાડીને ૧૦૦ બેસિસ પોઈન્ટ્સ પર લાવ્યો છે. (એજન્સી)■

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન જલદી શરૂ થશેઃ રેલવે પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન જલદી શરૂ થશે.

ભાવનગર ટર્મિનસ ખાતેથી આયોધ્યા એક્સપ્રેસ, રીવા-પુણે એક્સપ્રેસ અને જબલપુર-રાયપુર એક્સપ્રેસને વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવી હતી. આ કાર્યક્રમમાં પોરબંદરના સાંસદ અને રમતગમત પ્રધાન ડો. મનસુખ માંડવિયા અને ખાદ્ય-સાર્વજનિક વિતરણ રાજ્ય મંત્રી નીમુબેન બાંભણીયા ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનની શરૂઆતનો સંકેત

આ પ્રસંગે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ''મુંબઈથી અમદાવાદ સુધીની પ્રથમ બુલેટ ટ્રેન ખૂબ જ ટૂંક સમયમાં શરૂ થશે, અને પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. જ્યારે તે દોડવાનું શરૂ કરશે, ત્યારે મુંબઈથી અમદાવાદ સુધીની યાત્રામાં માત્ર બે કલાક અને

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત-પાકિસ્તાનની મેચ ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં

દુબઈઃ યુએઇમાં આગામી ૯-૨૮ સપ્ટેમ્બર દરમ્યાન ટી-૨૦નો જે એશિયા કપ રમાવાનો છે એમાં સૌથી ચર્ચાસ્પદ અને આયોજકોને સૌથી વધુ કમાણી કરાવી આપતી ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઇ-વૉલ્ટેજ મૅચ ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં રમાશે. રવિવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી જે મુજબ ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૪ સપ્ટેમ્બરનો મુકાબલો લીગ રાઉન્ડનો હશે. ગ્રૂપ-એમાં આ બે દેશ ઉપરાંત યજમાન યુએઇ અને ઓમાનનો પણ સમાવેશ છે. ગ્રૂપ-બીમાં શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને હૉન્ગ કૉન્ગ છે.

બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સુપર-ફોરમાં પહોંચશે. એમાં પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે (૨૧મી સપ્ટેમ્બરે) ટક્કર થઈ

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયામાં ફરી ભૂકંપ

મોસ્કોઃ રશિયાના પૂર્વ ભાગમાં આવેલા કુરીલ ટાપુઓ નજીક કામચટકા ક્ષેત્રમાં રવિવારે ફરી એક વાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૭ માપવામાં આવી છે. ભૂકંપ બાદ રશિયામાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે.

રશિયાના કટોકટી સેવા મંત્રાલયે ચેતવણી જારી કરી છે કે કામચટકા દ્વીપકલ્પમાં ભૂકંપ પછી ત્રણ જિલ્લામાં સુનામીના મોજા ઉછળવાની શક્યતા છે. મંત્રાલયે સ્થાનિક વહીવટીતંત્ર અને નાગરિકોને સતર્ક રહેવા અને દરિયાકાંઠાના વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપી છે. નોંધનીય છે કે ગયા

(જુઓ પાનું ૨) ▸▸

### ન્યૂ યોર્ક, ન્યૂ જર્સીમાં આંચકા

હસબ્રોક હાઈટ્સ (અમેરિકા) : એક નાના ભૂકંપે શનિવારે રાત્રે ન્યૂ યોર્ક મેટ્રોપોલિટન એરિયાને ધ્રુજાવી દીધો હતો. અમેરિકા જીયોલોજિકલ સર્વેએ કહ્યું હતું કે ભૂકંપનું પરિમાણ ૩.૦નું હતું.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ન્યૂ જર્સીના પરાં હસબ્રોક હાઈટ્સમાં સેન્ટ્રલ પાર્કના આઠ માઈલ પશ્ચિમે અને

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં ચાર ભારતીયનાં મોત

ન્યૂ યોર્ક : અમેરિકામાં એક કાર અકસ્માતમાં ભારતીય મૂળના પરિવારના ચાર નાગરિકોનાં મોત થયાં હતાં. આ ચાર લોકો ન્યૂ યોર્કના બફેલો શહેરથી પશ્ચિમ વર્જિનિયામાં આવેલા એક આધ્યાત્મિક સ્થળ ''પેલેસ ઓફ ગોલ્ડ'' જઈ રહ્યા હતા. અકસ્માત બાદ પરિવાર ૨૯ જૂલાઈના રોજ ગુમ થઈ ગયો હતો અને શનિવારે તેમના મૃતદેહ મળી આવ્યા હતા. આ દુઃખદ ઘટનાના કારણે સમગ્ર પરિવાર શોકમાં ડૂબ્યો હતો. મૃતકોની ઓળખ આશા દીવાન (૮૫), કિશોર દિવાન (૮૯), શૈલેષ દીવાન (૮૬) અને ગીતા દીવાન (૮૪) તરીકે થઈ છે. આ બધા લોકો ભારતીય મૂળના છે અને ન્યૂયોર્કના બફેલો શહેરમાં રહેતાં હતાં. પરિવારની

(જુઓ પાનું ૨) ▸▸



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પ્રજ્વલ રેવન્નાને જનમટીપ, શિકારી ખુદ યહાં શિકાર હો

**અંતે** જેડીએસના ભૂતપૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાને ૪૭ વર્ષની નોકરાણી પર બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા થઈ ગઈ. રેવન્ના સામે નોકરાણી પર બળાત્કાર અને ગુનાહિત ધાકધમકી તથા તેની દીકરીની અશ્લીલ તસવીરો લીક કરવા સહિત અનેક કલમો હેઠળ આરોપો મુકાયેલા, આ તમામ કેસમાં પ્રજ્વલ દોષિત ઠર્યો છે.

પ્રજ્વલ રેવન્ના ધનિક પરિવારનો નબીરો છે અને રાજકીય રીતે પણ વગદાર છે. પ્રજ્વલના દાદા ભૂતપૂર્વ વડા પ્રધાન હતા ને કાકા કુમારસ્વામી અત્યારે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી છે. કર્ણાટકના રાજકારણમાં વરસોથી દેવગૌડા પરિવારનું વર્ચસ્વ છે.

ભારતમાં સમરથ કો નહીં દોષ ગુંસાઈનો ખેલ ચાલે છે. જેની પાસે પૈસા છે, પાવર છે એ ગમે તેવો મોટો અપરાધ કરીને પણ છટકી જાય છે તેથી પ્રજ્વલ જેલમાં ધકેલાયો ત્યારથી તેને સજા થશે કે કેમ એ વિશે શંકા હતી પણ બેંગલૂરુની સ્પેશિયલ કોર્ટે પ્રજ્વલ રેવન્નાને બળાત્કાર બદલ આજીવન કેદની સજા ફટકારીને ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ જાળવી લીધો.

પ્રજ્વલ પાસે હજુ પોતાની સજા સામે હાઈ કોર્ટ ને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. ભારતમાં હાઈ કોર્ટો અને સુપ્રીમ કોર્ટ પણ ભ્રષ્ટાચારથી અલિપ્ત નથી તેથી રેવન્નાને તેનાં કર્મોની સજા મળી છે એવું કહેવું થોડુંક વહેલું છે. ભારતમાં નીચલી અદાલતો ન્યાય કરે પણ હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં પૈસા વેરીને આરોપી છૂટી જાય એવું સંખ્યાબંધ કેસોમાં બને છે. પ્રજ્વલના કેસમાં પણ એવું બની શકે પણ અત્યારે તો પ્રજ્વલ દોષિત ઠરી ગયો છે ને સજા થઈ ગઈ છે તેનો આનંદ છે.

કોર્ટે પ્રજ્વલને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને રેવન્નાની હવસનો ભોગ બનેલી પીડિતાને ૭ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા પણ આદેશ આપ્યો છે. કોર્ટે રેવન્નાને દોષિત ઠેરવ્યો પછી રેવન્નાએ કોર્ટમાં ઓછી સજા માટે અપીલ કરીને પોતે કંઈ ખોટું કર્યું નથી એ જ રેકર્ડ વગાડ્યા કરી હતી પણ કોર્ટે પ્રજ્વલનાં રોદણાંને ગણકાર્યાં નથી. તેનું કારણ એ કે, પ્રજ્વલ સામે જડબેસલાક પુરાવા હતા.

પ્રજ્વલના કિસ્સામાં શિકારી ખુદ યહાં શિકાર હો ગયા જેવો ઘાટ છે ને શિકારીનો શિકાર પણ તેની બંદૂકથી થઈ ગયો. પ્રજ્વલે હવસલીલા ચાલુ રહે એ માટે કામલીલાનું વીડિયો રેકોર્ડિંગ કરેલું એ જ તેની સામેનો મોટો પુરાવો બની ગયો ને પ્રજ્વલ ફિટ થઈ ગયો.

રેવન્નાના પરિવારના ફાર્મહાઉસમાં કામ કરતી ૪૭ વર્ષીય નોકરાણીને રેવન્નાએ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન ઘણી વાર હવસનો શિકાર બનાવીને બળાત્કાર કર્યો હતો. આ નોકરાણી પ્રજ્વલની માની સગી થતી હતી પણ પ્રજ્વલ એટલો નીચ કે તેણે પરિવારની મહિલાને પણ છોડી નહોતી. પ્રજ્વલે નોકરાણી સાથેના શરીર સંબંધનો વીડિયો પણ બનાવેલો. આ વીડિયો બતાવીને નોકરાણીની દીકરીને પણ બ્લેકમેઈલ કરતો અને પોતાની સાથે શરીર સંબંધ બાંધવા દબાણ કરતો.

પ્રજ્વલ નોકરાણીની દીકરી સાથે બદકામ કરવામાં સફળ થયેલો કે નહીં એ સ્પષ્ટ નથી પણ પ્રજ્વલ વીડિયો કોલ કરીને યુવતીને કપડાં ઉતારીને નગ્ન થવા મજબૂર કરતો તેના પુરાવા છે. મા-દીકરી આ અત્યાચારોથી ત્રાસી ગયાં પછી બંનેએ ગયા વર્ષે એપ્રિલમાં રેવન્ના વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. પ્રજ્વલની હવસનો શિકાર બનેલી મહિલાએ બળાત્કારનો ભોગ બની ત્યારે પહેરેલી સાડી સાચવી રાખેલી કે જેના પર પ્રજ્વલના વીર્યનાં ડાઘ હતા.

રેવન્નાએ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી વારંવાર બળાત્કાર કર્યો અને કોઈને કહે તો વીડિયો લીક કરવાની ધમકી પણ આપી એ બધાંનું રેકોર્ડિંગ હતું. વીડિયો રેકોર્ડિંગ અને સાડીના જડબેસલાક પુરાવાના કારણે પ્રજ્વલ છટકી શકે તેમ નહોતો. કર્ણાટકમાં અત્યારે કૉંગ્રેસની સરકાર છે ને હવસનો નગ્ન નાચ કર્યા પછી પણ પ્રજ્વલને સજા ના થાય તો કૉંગ્રેસ સરકારની આબરૂનો ફજેતફાળકો થઈ જાય એટલે તપાસમાં પણ પ્રજ્વલ છટકી ના શકે તેની પૂરી કાળજી રખાયેલી. ભાજપ અને જેડીએસની જુગલબંદી છે પણ પ્રજ્વલનો કાંડ એટલો ભયાનક છે કે ભાજપ તેને બચાવવા જાય તો પોતે જ દાઝી જાય તેથી ભાજપ સાવ દૂર રહ્યો તેમાં પ્રજ્વલને બરાબરનો બૂચ વાગી ગયો.

આ સજા સાથે પ્રજ્વલે પોતાના પાવરનો ઉપયોગ કરીને વરસો સુધી ચલાવેલી હવસલીલા અને મહિલાઓ પરના અત્યાચારોનાં કુકર્મ બદલ તેને સજા મળશે અને બાકીની જિંદગી જેલમાં જ જાય એવી આશા જાગી છે. પ્રજ્વલ સામે બળાત્કારના કુલ ૪ કેસ નોંધાયા છે. તેમાંથી આ પહેલો કેસ છે કે જેમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે. બાકીના કેસોમાં પણ પ્રજ્વલને આ જ રીતે સજા થાય એ જરૂરી છે કેમ કે તેના ગુના ક્ષમાને લાયક નથી.

પ્રજ્વલ રેવન્ના સામે ૫૦થી વધુ મહિલાઓને હવસનો શિકાર બનાવીને જાતીય શોષણ કરવાનો આરોપ છે. અત્યાર સુધીમાં પ્રજ્વલ સામે બળાત્કાર, છેડતી, બ્લેકમેઇલિંગ અને ધમકી આપવાના આરોપમાં ૪ જ એફઆઈઆર નોંધાઈ છે પણ તેની હવસલીલાનો ભોગ બનેલી યુવતીઓની સંખ્યા અનેક ગણી વધારે છે.

ગયા વરસે કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન પહેલાં પ્રજ્વલ રેવન્નાની ૩૦૦૦ જેટલી સેક્સ ટેપ અને ફોટોની પેન ડ્રાઈવ બહાર આવતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રજ્વલ હાસ્સન લોકસભા બેઠકનો ઉમેદવાર હતો. હાસ્સનમાં ૨૬ એપ્રિલે મતદાન હતું પણ તેના બે દિવસ પહેલાં ફરતી કરાયેલી પેન ડ્રાઈવમાં પ્રજ્વલના ૩૦૦૦ જેટલા પોર્ન વીડિયો, અંગત પળોના ફોટા વગેરે હતા.

કર્ણાટકમાં અનેક મહિલાઓને હવસનો શિકાર બનાવનારા પ્રજ્વલની સેક્સ લીલાના વીડિયોએ સૌને ભારે આઘાત આપી દીધો હતો. પ્રજ્વલના કેસની તપાસમાં બહાર આવેલી વિગતો અત્યંત આઘાતજનક હતી. પ્રજ્વલે પોતાના ઘરની નોકરાણી સહિતની લાચાર અને નિઃસહાય મહિલાઓને જ નહીં પણ ઘણી સરકારી અધિકારી મહિલાઓને પણ હવસનો શિકાર બનાવી હતી. મહિલા અધિકારીઓ સાથેની સેક્સ લીલાની તસવીરો અને વીડિયો દ્વારા પ્રજ્વલ તેમને બ્લેકમેઈલ કરતો અને ખંડણી લેતો, ધાર્યાં કામ કરાવતો હતો. એ રીતે જોઈએ તો પ્રજ્વલે આ આખો ખેલ હવસ સંતોષવા માટે જ નહીં પણ પૈસાની ભૂખ અને સત્તાના દુરુપયોગ દ્વારા ભ્રષ્ટાચાર કરવા માટે પણ કરેલો.

પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજ્વલનું કામ લોકોનાં કામ કરીને તેમનું કલ્યાણ કરવાનું હતું. તેના બદલે આ માણસ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ કરતો હતો. પ્રજ્વલે સેંકડો મહિલાઓની જિંદગી તો બરબાદ કરી જ પણ તેમને ખોટું કરવા મજબૂર પણ કરી એ જોતાં આ માણસ માફીને લાયક જ નથી અને બાકીની જિંદગી જેલમાં જ સબડવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, સોમવાર, તા. ૪–૮–૨૦૨૫, શિવપૂજન, શિવમુષ્ટિ તલ, ઝુલનયાત્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧,શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૯–૧૨ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૦૮–૫૦, રાત્રે ક. ૧૯–૧૦
- ઓટઃ બપોરે ક.૧૪–૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૨૨ (તા. ૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – દસમી. શિવપૂજન, શિવમુષ્ટિ તલ, ઝુલનયાત્રા પ્રારંભ, વિંછુડો, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪–૩૦.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શિવપૂજા, તલના અભિષેકથી વિશેષરૂપે, ચંદ્ર–બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું પ્રયાણ મધ્યમ, હજામત વાહન, ચંત્રારંભ, પ્રાણી પાળવા, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ વિચારોમાં પરિવર્તનો આવ્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ (તા. ૫). ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# ભારત ઝુકેગા નહીંઃ રશિયા પાસેથી ઑઈલની આયાત બંધ કરવા આદેશ નહીં

નવી દિલ્હીઃ ભારત સરકારે તેની તેલ રિફાઇનરીઓને રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવાનું બંધ કરવા માટે કોઈ સત્તાવાર નિર્દેશ આપ્યા નથી. આ અંગેની જાણકારી ધરાવતા સૂત્રોને ટાંકીને બ્લૂમબર્ગે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે ઊર્જા સુરક્ષાની જરૂરિયાત અને આંતરરાષ્ટ્રીય રાજદ્વારીના સંતુલનને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા નિર્ણય લેવાય છે. રશિયા પર ભારતની વધુ પડતી નિર્ભરતા અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતની ટીકા છતાં ભારતે અત્યાર સુધી તેની તેલ આયાત નીતિમાં કોઈ નક્કર ફેરફાર કર્યા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતની રિફાઇનરીઓ પછી ભલે તે સરકારી હોય કે ખાનગી, તેલ ખરીદીમાં વાણિજ્યિક ધોરણો અને કિંમતોને પ્રાથમિકતા આપે છે. સરકારે કોઈ ચોક્કસ સપ્લાયર પાસેથી ખરીદી કરવા પર કોઈ પ્રતિબંધ લાદ્યો નથી.

તાજેતરમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ અને સંરક્ષણ સાધનો પર ભારતની નિર્ભરતાની આકરી ટીકા કરી હતી અને ભારતીય માલ પર પચીસ ટકા ડ્યુટીની જાહેરાત કરી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા જઈ રહ્યું છે, જેને તેમણે "સકારાત્મક પગલું" ગણાવ્યું હતું. પરંતુ બ્લૂમબર્ગના રિપોર્ટમાં આ વાતને નકારી કાઢવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે ભારતે આવો કોઈ નિર્ણય લીધો નથી. ભારતે હંમેશાં સ્પષ્ટ કર્યું છે કે તેના ઊર્જા ખરીદીના નિર્ણયો બજારની પરિસ્થિતિઓ અને કિંમતો પર આધારિત છે. જોકે, બ્લૂમબર્ગના મતે, રિફાઇનરીઓને વૈકલ્પિક પુરવઠા યોજનાઓ તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી જેથી જરૂર પડ્યે રશિયન તેલનો વિકલ્પ ઉપલબ્ધ થાય.

યુક્રેન યુદ્ધ પછી ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલનો સૌથી મોટો ખરીદનાર બન્યો છે. અમેરિકા અને યુરોપિયન યુનિયને તેને રશિયાના યુદ્ધ પ્રયાસો માટે પરોક્ષ સમર્થન તરીકે વર્ણવ્યું છે, પરંતુ ભારતે વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિકોણથી વારંવાર તેના નિર્ણયોને યોગ્ય ઠેરવ્યા છે. સરકારી માલિકીની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને અમેરિકા પાસેથી ૫૦ લાખ બેરલ અને અબુધાબી પાસેથી ૨૦ લાખ બેરલ તેલ ખરીદ્યું છે. નજીકના ભવિષ્ય માટે પુરવઠો સુનિશ્ચિત કરવાની આ વ્યૂહરચનાનો એક ભાગ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્ટોબરમાં મોસ્કોની મુલાકાત લીધી હતી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ગાઢ સંબંધો મજબૂત કર્યા છે. એવી અપેક્ષા છે કે પુતિન આ વર્ષે ભારતની મુલાકાત લઈ શકે છે. ■

# યુપીના ગોંડામાં કાર નહેરમાં પડતાં ૧૧નાં મોત

ગોંડાઃ ઉત્તર પ્રદેશના ગોંડામાં રવિવારે મોટી દુર્ઘટના સર્જાઈ છે. જેમાં એક કાર નહેરમાં ખાબકતા ૧૧ લોકો માર્યા ગયા છે. આ લોકો પૃથ્વીનાથ મંદિરમાં પૂજા-અર્ચના માટે જઈ રહ્યા હતા. આ કારમાં કુલ ૧૫ લોકો સવાર હતા. આ દુર્ઘટના અંગે યુપીના સીએમ કાર્યાલય તરફથી એક્સ પણ જણાવ્યું કે, સીએમ યોગી આદિત્યનાથે ગોંડા દુર્ઘટનાની માહિતી મેળવીને શોકગ્રસ્ત પરિવાર અંગે સંવેદના વ્યક્ત કરી હતી તેમ જ ઘાયલોને જરૂરી સારવાર માટે નિર્દેશ આપ્યા છે.

આ દુર્ઘટનાની જાણકારી મળતા જ વહીવટીતંત્રના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસ અધિકારીઓ અને કલેકટર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યારે નહેરમાં પડેલા લોકોમાંથી ચાર લોકોને બચાવવામાં આવ્યા છે. તેમજ આ લોકો મોતીગંજ જઈ રહ્યા હતા. આ કાર ઇટીયાથોક રેહરા બેલવા નજીક નહેરના ખાબકી હતી.

ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે આ દુર્ઘટના અને દુઃખ વ્યકત કર્યું છે. તેમજ મૃતકોના પરિજનોને પાંચ લાખ રૂપિયાના સહાયની જાહેરાત કરી હતી. તેમણે એક્સ એકાઉન્ટ પર લખ્યું કે, ગોંડામાં થયેલી દુર્ઘટના અને જાનહાનિ અત્યંત દુઃખદ છે. મારી સંવેદના શોકગ્રસ્ત પરિવાર સાથે છે. હું આ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરું છું. ■

# ઈઝરાયલનો ગાઝામાં હુમલો : ૨૩નાં મોત

દેર અલ-બલાહ, (ગાઝા પટ્ટી) : ઈઝરાયલે ગાઝામાં ભોજનની શોધમાં ભટકી રહેલા ઓછામાં ઓછા ૨૩ પેલેસ્ટિનિયનોને ઈઝરાયલી સુરક્ષા દળોએ મારી નાખ્યા હતા. હોસ્પિટલના અધિકારીઓ અને સાક્ષીઓના જણાવ્યા અનુસાર, રવિવારે ગાઝા પટ્ટીમાં ભોજનની શોધમાં ભટકી રહેલા ઓછામાં ઓછા ૨૩ પેલેસ્ટિનિયનોને ઈઝરાયલના સુરક્ષાદળોએ મારી નાખ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે કુપોષણથી મૃત્યુઆંક વધવાની સાથે સહાય સ્થળોની આસપાસ ભૂખ્યા લોકો ઉમટી રહ્યા છે અને તેમને ફાયરિંગનો સામનો કરવો પડી રહ્યો છે.

૨૦ લાખથી વધુ વસ્તી ધરાવતા પેલેસ્ટિનિયન પ્રદેશમાં નિરાશા છવાઈ ગઈ છે. નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ઇઝરાયલની નાકાબંધી અને લગભગ બે વર્ષના આક્રમણને કારણે ત્યાં દુષ્કાળના ખતરો છે. વિતરણ કેન્દ્ર તરફ જતા ભીડમાં સામેલ યુસુફ આબેદે કહ્યું હતું કે તેમના પર આડેધડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેણે ઓછામાં ઓછા ત્રણ લોકોને લોહીથી લથપથ જમીન પર પડેલા જોયા હતા. તેણે કહ્યું હતું કે ગોળીઓના કારણે હું રોકાઈને તેમની મદદ કરી શક્યો નહીં.

દક્ષિણ ગાઝામાં નાસેર હોસ્પિટલે જણાવ્યું હતું કે તેમને અનેક વિતરણ સ્થળો નજીક મૃતદેહો મળ્યા છે, જેમાં તેનામાંથી મળેલા આઠ મૃતદેહો સામેલ છે. જે ખાન યુનિસમાં વિતરણ સ્થળથી લગભગ ત્રણ કિલોમીટર દૂર ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત છે, જે એક ખાનગી અમેરિકન અને ઇઝરાયલી સમર્થિત કોન્ટ્રાક્ટર છે જેણે બે મહિના કરતાં વધુ સમય પહેલા સહાય વિતરણ સંભાળ્યું હતું. ■

# નીટ-પીજીની પરીક્ષા ૩૦૧ શહેરોમાં યોજાઈ, ૨,૪૨,૦૦૦થી વધુ ઉમેદવારોએ આપી પરીક્ષા

નવી દિલ્હી : દેશમાં રવિવારે ૨,૪૨,૦૦૦થી વધુ ઉમેદવારોએ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(પોસ્ટગ્રેજ્યુએટ) (નીટ પીજી) આપી હતી. આ પરીક્ષા નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સ (ગઇઊખજ) દ્વારા વિવિધ અનુસ્નાતક મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવે છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આ પરીક્ષા ૩૦૧ શહેરોમાં ૧૦૫૨ પરીક્ષા કેન્દ્રો પર એક જ શિફ્ટમાં લેવામાં આવી હતી. ઉમેદવારોની સંખ્યાની દ્રષ્ટિએ આ ભારતની સૌથી મોટી કમ્પ્યુટર-આધારિત પરીક્ષા છે જે એક જ શિફ્ટમાં લેવામાં આવે છે.

એનબીઈએમએસ એ અનુચિત સાધનોના ઉપયોગની કોઈપણ શક્યતાને દૂર કરવા માટે વિવિધ મેડિકલ કોલેજો અને માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાંથી ૨૨૦૦થી વધુ ફેકલ્ટી સભ્યોની નિમણૂક કરી હતી. એનબીઈએમએસ એ તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને પત્ર પણ લખ્યો હતો અને તમામ પરીક્ષા કેન્દ્રો પર પૂરતી કાયદો અને વ્યવસ્થા, સાયબર સુરક્ષા અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. આ સંદર્ભમાં જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ પાસેથી પણ મદદ માગવામાં આવી હતી.

પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની સાયબર છેતરપિંડી અટકાવવા માટે એનબીઈએમએસ એ ગૃહ મંત્રાલયના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરની મદદ લીધી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની છેતરપિંડી અટકાવવા માટે વિવિધ પરીક્ષા કેન્દ્રો, ખાસ કરીને સંવેદનશીલ કેન્દ્રો પર લગભગ ૩૦૦ સાયબર કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા હતા. એનબીઈએમએસ એ તેની ઓફિસમાં ૨૦૦થી વધુ કર્મચારીઓને તૈનાત કર્યા હતા જેથી તમામ પરીક્ષા કેન્દ્રોમાંથી પ્રાપ્ત સીસીટીવી ફીડ પર રીઅલ ટાઇમમાં નજર રાખી શકાય.

વરિષ્ઠ ફેકલ્ટી સભ્યો, મેડિકલ કૉલેજોના ડિન-ડિરેક્ટરો અને એનબીઈએમએસ ગવર્નિંગ બોડીના સભ્યોએ ફ્લાઈંગ સ્ક્વોડ તરીકે પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર પૂરતી સંખ્યામાં 'મોબાઇલ સિગ્નલ જામર' લગાવીને મોબાઇલ સિગ્નલોને બ્લોક કરવામાં આવ્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### ૨૦૦ કરોડની છેતરપિંડી

હતા જે ગુનો કરીનો મેળવેલાં નાણાં છે. વિવિધ ટ્રેડર અને બ્રોકરે કરેલી આ ગેરકાયદે કમાણી ૨૦૦ કરોડ રૂપિયાથી વધારે છે.

એજન્સીએ દાવો કર્યો હતો કે છેતરપિંડીની આવક આરોપી ઈસમોએ અને એન્ટિટી તથા તેમના કુટુંબીજનોની મલ્ટીપલ શેલ કંપની અને બૅન્ક અકાઉન્ટ વડે બીજે વાળવામાં આવી હતી. ઈડીએ કહ્યું હતું કે અમે દરોડા દરમિયાન ૧૭.૪ કરોડ રૂપિયાના શૅર, મ્યુચ્યુઅલ ફંડ અને બૅન્ક બેલેન્સ થીજાવી દીધા છે. (એજન્સી)

### ભારત-પાકિસ્તાન

શકે. સુપર-ફોર રાઉન્ડની સૌથી સારી બે ટીમ ૨૮મી સપ્ટેમ્બરની ફાઇનલમાં જશે એટલે એમાં પણ ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રીજી ટક્કર થઈ શકે.

પહલગામ પરના ઘાતક આતંકવાદી હુમલાને પગલે ભારતના સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં તબાહી મચાવી એને પગલે હવે પાકિસ્તાન સામે ક્રિકેટ મૅચ રમવાની જે તૈયારીઓ થઈ રહી છે એ સામે ભારતમાં વિરોધ થઈ રહ્યો છે. તાજેતરમાં ભારતે વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં પાકિસ્તાન સામેની બે મૅચનો બહિષ્કાર કર્યો તો પછી હવે દુબઈમાં શા માટે દુશ્મનદેશના મુખ્ય ક્રિકેટરો સામે રમવાની તૈયારી થઈ રહી છે? એવો સવાલ ભારતમાં અનેક ક્રિકેટપ્રેમીઓ પૂછી રહ્યા છે. નિવૃત્ત ખેલાડીઓની જેમ પાકિસ્તાનની મુખ્ય ક્રિકેટ ટીમ સામેની મૅચોનો પણ બહિષ્કાર કરવાની માગણી ભારતમાં થઈ રહી છે.

એશિયા કપની મુખ્ય ચાર મૅચની વિગત આ મુજબ છેઃ (૧) બાંગ્લાદેશ વિરુદ્ધ શ્રીલંકા, ૧૩મી સપ્ટેમ્બર, અબુ ધાબી (૨) ભારત વિરુદ્ધ પાકિસ્તાન, ૧૪મી સપ્ટેમ્બર, દુબઈ (૩) બાંગ્લાદેશ વિરુદ્ધ અફઘાનિસ્તાન, ૧૬મી સપ્ટેમ્બર, અબુ ધાબી (૪) શ્રીલંકા વિરુદ્ધ અફઘાનિસ્તાન, ૧૮મી સપ્ટેમ્બર, અબુ ધાબી.

### મુંબઈ-અમદાવાદ

સાત મિનિટનો સમય લાગશે.'' મુંબઈ અને અમદાવાદ વચ્ચે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન ૫૦૮ કિલોમીટર લાંબી હશે. તે મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારથી શરૂ થશે, અને ગુજરાતના વાપી, સુરત, આણંદ, વડોદરા અને અમદાવાદને જોડશે, જે ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે.

ભાવનગર - અયોધ્યા કેન્ટ સાપ્તાહિક -એક્સપ્રેસ ટ્રેન નિયમિત રીતે ૧૧ ઓગસ્ટ,૨૦૨૫ (સોમવાર)ના રોજ બપોરે ૧૩.૫૦ વાગ્યે ભાવનગર ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૮.૩૦ વાગ્યે અયોધ્યા કેન્ટ સ્ટેશન પહોંચશે. તેવી જ રીતે, પરત ફરતી વખતે, ટ્રેન નંબર ૧૯૨૦૨ અયોધ્યા કેન્ટ-ભાવનગર સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન ૧૨ ઓગસ્ટ,(મંગળવાર)ના રોજ રાત્રે ૨૨.૩૦ વાગ્યે અયોધ્યા કેન્ટ સ્ટેશનથી ઉપડશે અને ગુરુવારે સવારે ૪.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, લીંબડી, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, મહેસાણા, પાલનપુર જંકશન, આબુ રોડ, ફાલના, મારવાડ જંકશન, બ્યાવર, અજમેર જંકશન, કિશનગઢ, જયપુર જંકશન, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ જંકશન, ભરતપુર જંકશન, ઇદગાહ, ટુંડલા જંકશન, કાનપુર સેન્ટ્રલ, લખનઊ અને બારાબંકી જંકશન સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ, સ્લીપર, થર્ડ એસી, થર્ડ એસી ઇકોનોમી અને સેકન્ડ એસી કોચ રહેશે.

તે ઉપરાંત રેલવે વિભાગ દ્વારા રાણાવાવ ખાતે ૧૩૫.૬૪ કરોડના ખર્ચે એક નવું કોચ મેઈન્ટેનન્સ હબ બનાવવામાં આવશે. પોરબંદર-રાજકોટ માર્ગે વાંસજાળિયા-જેતલસરથી પસાર થતી ૨ નવી ટ્રેન સેવાઓને મંજૂરી આપવામાં આવી હતી. રેલ્વેએ નવાગઢ અને જેતલસર પર કુલ પાંચ જેટલી ટ્રેનોને સ્ટોપેજ આપવામાં આવ્યો હતો. નવાગઢ સ્ટેશન પર વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, સોમનાથ-જબલપુર એક્સપ્રેસ, વેરાવળ-ઓખા એક્સપ્રેસ અને વેરાવળ ઈન્દોર મહામના એક્સપ્રેસનું સ્ટોપેજ આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત વેરાવળ-બનારસ વિકલી સુપરફાસ્ટ એક્સપ્રેસ અને વેરાવળ વિકલી એક્સપ્રેસનું જેતલસર સ્ટેશન પર તેમજ પોરબંદર-ભાવનગર પેસેન્જર ટ્રેનનું રાણાવાવ અને ખોડિયાર મંદિર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું હતું. વંથલી-સરાડિયા ગેજ કનવર્જનથી સરાડિયા-વાંસજાળીયા નવી લાઈનના મંજૂરીથી વંથલી, માણાવદર, બાંટવા, કુતિયાણા અને વાંસજાળીયા રેલવે નેટવર્કથી જોડવામાં આવશે તેમજ પોરબંદરમાં ભદ્રકાલી ગેટ નં. ૩ ખાતે રેલવે ઓવરબ્રિજ તેમજ જેતપુરના નવાગઢ રેલવે સ્ટેશન પાસેના અંડરપાસની મંજૂરી આપવામાં આવી છે.

### રશિયામાં

અઠવાડિયે આ જ ક્ષેત્રમાં ૮.૮ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ અમેરિકા, રશિયા અને જાપાન સહિત ઘણા દેશોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. સતત આવી રહેલા ભૂકંપને કારણે આસપાસના દેશોમાં ભયનો માહોલ છે. તેમ જ નિષ્ણાતો પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

આ પહેલા ૩૧ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦-૫૭ વાગ્યે કુરીલ ટાપુઓના પૂર્વ ભાગમાં ૬.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ પ્રદેશ એક સક્રિય જ્વાળામુખી દ્વીપસમૂહ છે, જે વિશ્વના ભૂસ્તરશાસ્ત્રીય રીતે સંવેદનશીલ 'રિંગ ઓફ ફાયર'નો ભાગ માનવામાં આવે છે. જ્યાં ભૂકંપ અને જ્વાળામુખીની ગતિવિધિઓ વારંવાર જોવા મળે છે.

### ન્યૂ યોર્ક, ન્યૂ જર્સીમાં

૬.૨ માઈલ (૧૦ કિલોમીટર)ની ઊંડાઈએ હતું.

ન્યૂ યર્કના બ્રુકલીન બોરોના એક રહેવાસીએ કહ્યું હતું કે આ અતિશય ટૂંકા ગાળા માટે આવેલો ભૂકંપ હતો અને થોડા સમય માટે જ ધ્રુજારી આવી હતી. જોકે સોશ્યલ મીડિયા લોકોની

ભૂકંપની પ્રતીતિની પોસ્ટથી છલકાઈ ગયું હતું. (એજન્સી)

### અમેરિકામાં ચાર

યાત્રા અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે આ લોકો પશ્ચિમ વર્જિનિયામાં ઈસ્કોનના ધાર્મિક સ્થળ પેલેસ ઓફ ગોલ્ડ જવા માટે કાર મારફતે રવાના થયાં હતાં.

માર્શલ કાઉન્ટી શેરિફ માઈક ડૌઘર્ટીએ જણાવ્યું હતું કે આ ચાર ગુમ થયેલા વ્યક્તિઓના મૃતદેહ બિગ વ્હીલિંગ ક્રીક રોડ નજીક એક ઢાળવાળી ખડક નીચેથી મળી આવ્યા હતા. આ સ્થળ પર તેમની કારને અકસ્માત નડ્યો હતો. આ ઘટના શનિવારે રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરિવાર છેલ્લી વખત ૨૯ જૂલાઈના રોજ પેન્સિલવેનિયાના બર્ગર કિંગ આઉટલેટ પર જોવા મળ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં પરિવારના બે સભ્યો તે રેસ્ટોરન્ટમાં પ્રવેશતા જોવા મળ્યા હતા અને તેમના ક્રેડિટ કાર્ડથી છેલ્લું ટ્રાન્જેક્શન તે જ જગ્યાએ કરવામાં આવ્યું હતું. આ પછી પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસે તેમની કાર આઇ-૭૯ હાઇવે પર જોઈ હતી. તેમ છતાં પરિવારની કાર મળી નહીં અને અધિકારીઓએ શોધ શરૂ કરી હતી. આ ઘટના પછી ન્યૂ યોર્કના બફેલોમાં ગુમ વ્યક્તિનો રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત, નેશનલ ક્રાઇમ ઇન્ફર્મેશન સેન્ટરમાં કારની વિગતો નોંધવામાં આવી હતી. પોલીસે વેસ્ટ વર્જિનિયા અને ઓહિયો કાઉન્ટીમાં કાર શોધવાનું શરૂ કર્યું અને આસપાસના વિસ્તારોમાં અનેક શોધ કામગીરી હાથ ધરી હતી. વિલિયમ્સવિલે સ્થિત એનજીઓ કાઉન્સિલ ઓફ હેરિટેજ એન્ડ આર્ટ્સ ઓફ ઇન્ડિયાએ પણ ચારેયને શોધવામાં મદદ કરી હતી. સંસ્થાના વડા સિબુ નાયરે કહ્યું હતું કે ''અમે ખૂબ જ ચિંતિત હતા, અમને આશા હતી કે પરિવાર જલદી સુરક્ષિત મળી જશે. પરંતુ હવે આ સમાચાર ખૂબ જ દુઃખદ છે.''

શેરિફ માઈક ડૌઘર્ટીએ પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું હતું કે, ''આ એક હૃદયદ્રાવક ઘટના છે. અમે તેમના દુઃખમાં પરિવાર સાથે છીએ. અમારી ટીમે ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે, અને તપાસ પૂર્ણ થતાં જ અમે વધુ માહિતી આપીશું.''

# કબૂતરખાના તોડી પાડવાના વિરોધમાં કોલાબાથી ગેટવે ઓફ ઈન્ડિયા રેલીનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ હાઈ કોર્ટના આદેશને પગલે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈના કબૂતરખાના બંધ કરવામાં આવી રહ્યા છે. કબૂતરખાના સામે કરવામાં આવી રહેલી કાર્યવાહીના વિરોધમાં રવિવારે સવારના પક્ષીપ્રેમીઓ તરફથી કોલાબા જૈન મંદિરથી ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી એક 'શાંતિદૂત યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજ સાથે જોડાયેલા લોકોની સાથે જ જીવદયા સાથે સંકળાયેલા પ્રાણી પ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

કબૂતરખાનામાં ખાદ્ય પદાર્થ નાખવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યા બાદ પાલિકા દ્વારા મુંબઈના અનેક ઠેકાણે રહેલા કબૂતરખાનાને બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કોર્ટના આદેશ બાદ કબૂતરખાનામાં ખાદ્ય પદાર્થ નાખવા પર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. છતાં કબૂતરોને ચણ નાખવામાં આવી રહ્યા હોવાના બનાવ બાદ તાજેતરમાં માહિમમાં અજ્ઞાત વિરુદ્ધ પોલીસમાં ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. તો હેરિટેજ શ્રેણીમાં આવતા અને સૌથી જૂના દાદરના કબૂતરખાનામાં ખાદ્ય પદાર્થ નાખવા માટે મનાઈ હોવા છતાં લોકો દ્વારા ચણ નાખવામાં આવી રહ્યું હોવાથી શનિવારે મોડી રાતે પાલિકાએ દાદર કબૂતરખાનાને તાડપત્રીથી ઢાંકી દીધું છે ત્યારે પાલિકાની આ કાર્યવાહી સામે ચોતરફથી વિરોધ થઈ રહ્યો છે. દક્ષિણ મુંબઈમાં આ કાર્યવાહીના વિરોધમાં રવિવારે એક શાંતિ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી રવિવારે સવારના નવ વાગ્યાની આસપાસ કોલાબા જૈન મંદિરથી નીકળી હતી અને હનુમાન મંદિર-રામચંદ્ર માર્ગ થઈને ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી ગઈ હતી. ભૂતપૂર્વ નગરસેવક અને 'શાંતિદૂત યાત્રા'ની સાથે જોડાયેલા પૂરણ દોશીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સવારના કોલાબા જૈન મંદિરમાં સામૂહિક નવકાર મંત્રનો જાપ કરવામાં આવ્યો હતો અને ત્યાંથી આગળ હનુમાન મંદિર પાસે પહોંચ્યા બાદમાં હનુમાન ચાલીસાનો જાપ અને આગળ, ગણપતિ મંદિરમાં આરતી કરવામાં આવી હતી અને છેલ્લે ગેટ વે ઓફ ઈન્ડિયા પર પહોંચ્યા બાદ અહીં દરિયાના દેવતાને જળ સમર્પણ કરીને શાંતિ યાત્રા પૂરી કરવામાં આવી હતી.

આ શાંતિ યાત્રામાં ૧,૨૦૦થી વધુ લોકોએ હાજરી પૂરાવી હતી, જેમાં જૈન સમાજના અગ્રણીઓની સાથે જ સંતો, પ્રાણીપ્રેમીઓ અને જુદી જુદી સંસ્થા સાથે સંકળાયેલા લોકો જોડાયા હતા. ■







ગેટવે ઑફ ઈન્ડિયા પર જૈન સમાજ દ્વારા કબૂતરને ચણ નાખવાના મુદ્દે વિરોધ પ્રદર્શન. (અમય ખરાડે)

## દાદર કબૂતરખાનું તાડપત્રીથી ઢાંકી દેવાયું

મુંબઈ હાઈ કોર્ટના પ્રતિબંધ બાદ પણ દાદર કબૂતરખાના સહિત અન્ય કબૂતરખાનામાં પક્ષીઓને ચણ નાખવામાં આવી રહ્યા હોવાનું જણાયા બાદ કોર્ટે નારાજગી વ્યક્ત કરીને આકરા પગલા લેવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાને આપ્યો હતો, તે મુજબ પાલિકાએ શનિવારે મોડી સાંજે દાદર (પશ્ચિમ)માં આવેલા કબૂતરખાનાને તાડપત્રીથી ઢાંકી દીધું હતું. એ અગાઉ પાલિકાની કાર્યવાહીના વિરોધમાં મોટી સંખ્યામાં લોકોએ ભેગા થઈને નારાજગી વ્યક્ત કરી હતી પણ કોર્ટના આદેશને પગલે પાલિકાએ પોલીસની મદદથી લોકોને દૂર હટાવીને કબૂતરખાનાને બંધ કરી દીધું હતું. કબૂતરખાનાને બંધ કર્યા બાદ પણ લોકો કબૂતરના ખાદ્ય પદાર્થ ખાવા ન આપે તે માટે નજર રાખવા માટે પાલિકા અહીં સીસીટીવી કેમેરા પણ બેસાડવાની છે, જે પાલિકાના વોર્ડના કંટ્રોલરૂમ સાથે જોડાયેલા હશે. ■

## દાદર, માહિમમાં કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં નજર રાખશે

મુંબઈના જી-ઉત્તર વોર્ડમાં આવતા દાદર કબૂતરખાના સહિત માહિમ ખાનગી હૉસ્પિટલ નજીક આવેલા દરિયા કિનારા પાસે અને માહિમમાં એલ.જે. રોડ પાસે આવેલા એક પિઝા ફૂડ સ્ટોલ સામે આવેલા કબૂતરખાના પાસે ત્રણ શિફ્ટમાં પાલિકાના કર્મચારીઓ કાર્યવાહી માટે તહેનાત કરવામાં આવવાના છે. પાલિકાના 'એ' વોર્ડમાં ગેટ વે ઓફ ઈન્ડિયા અને જીપીઓ સામે મિંટ રોડ પર કબૂતરખાના આવેલા છે. અહીં સવારના સાતથી સાંજના પાંચ વાગ્યા સુધી કર્મચારીઓ ફરજ પર હોય છે અને પાલિકાના 'ડી' વોર્ડમાં ચાર ઠેકાણે કબૂતરખાના છે, જેમાં એક-એક કર્મચારી તહેનાત કરવામાં આવ્યો હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ■

## કબૂતરખાના પર પ્રતિબંધને મુદ્દે સુધરાઈ કમિશનરને પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં કબૂતરોને ચણ નાખવા પર મૂકવામાં આવેલા પ્રતિબંધ સામે અનેક સ્તરે વિરોધ થઈ રહ્યો છે ત્યારે રાજ્યના કેબિનેટ પ્રધાને મુંબઈ મહાનગરપાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને પક્ષીપ્રેમીઓ, સાધુ-સંતો અને નાગરિકો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ભાવના પ્રત્યે ધ્યાન આપવાની વિનંતી કરી છે. કોર્ટના નિર્ણયનું સન્માન રાખીને લાંબા સમયથી ચાલી રહેલી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનું સન્માન કરીને અને જનભાવનાને ધ્યાનમાં રાખીને માર્ગ કાઢવાની વિનંતી પણ આ પત્રમાં કરવામાં આવી છે.

કેબિનેટ પ્રધાને પાલિકા કમિશનરને પત્ર લખ્યો છે, તેમાં ચણના અભાવે કબૂતરો રસ્તા પર મૃત હાલતમાં મળી આવે છે અને તેને કારણે નવી સાર્વજનિક આરોગ્ય સમસ્યા નિર્માણ થઈ રહી છે. તેથી બધા કબૂતરખાના બંધ થઈ જાય તો કબૂતરોને ખાવાના વાંધા થઈ શકે છે. તેથી તેમના આહાર માટે વૈકલ્પિક ઉપાય યોજના લાગુ કરવાની વિનંતી કરવામાં આવી છે. પત્રમાં તેમણે બીકેસી, રેસકોર્સ, આરે કોલોની, સંજય ગાંધી નેશલન પાર્ક જેવા ખુલ્લા સ્થળ પર સુરક્ષિત ફીડિંગ ઝોન ઊભા કરવાની માગણી પણ કરી છે. ■

# કસ્ટમ્સના સુપરિન્ટેન્ડેન્ટની લાંચ બદલ ધરપકડ

**સીબીઆઈએ ગોઠવ્યું છટકું: ૧૦.૨૦ લાખ રૂપિયા સ્વીકારતાં ઝડપાયા**

મુંબઈ: મુંબઈના સહાર ઍરપોર્ટ પર ફરજ બજાવતા કસ્ટમ્સ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટની સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) લાંચ લેવાના કેસમાં ધરપકડ કરી હતી. કન્સાઈન્મેન્ટ ક્લીયર કરવા માટે એજન્ટ પાસેથી ૧૦.૨૦ લાખ રૂપિયા સ્વીકારનારા સુપરિન્ટેન્ડેન્ટને સીબીઆઈએ રંગેહાથ પકડી પાડ્યા હતા.

કસ્ટમ્સના સુપરિન્ટેન્ડેન્ટ કૃષ્ણ કુમાર વિરુદ્ધ ગયા મહિને જ સીબીઆઈમાં ફરિયાદ થઈ હતી. આયાતી માલના કન્સાઈન્મેન્ટને કસ્ટમ્સ હાઉસમાંથી ક્લીયર કરવા માટે કુમારે કિલોદીઠ ૧૦ રૂપિયાની માગણી કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

લાંચની રકમ આપવાનો ઇનકાર કરનારા એજન્ટને કુમારે ધમકી આપી હતી અને ઇરાદાપૂર્વક કન્સાઈન્મેન્ટ રોકી રાખ્યાં હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું.

સીબીઆઈ દ્વારા ૨૫ જુલાઈથી પહેલી ઑગસ્ટ દરમિયાન ફરિયાદીએ કરેલા આક્ષેપોની ખાતરી કરવામાં આવી હતી. ગુપ્ત રીતે રેકોર્ડ કરાયેલી વાતચીત અને અન્ય પુરાવાઓને આધારે કુમારે લાંચ માગી હોવાની વાતને સમર્થન મળ્યું હતું, એમ સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું હતું. આરોપીએ અગાઉ ક્લીયર કરેલા કન્સાઈન્મેન્ટના છ લાખ રૂપિયા માગ્યા હતા, જેમાંથી ૫.૮૦ લાખ રૂપિયા વરિષ્ઠ અધિકારીઓના અને ૨૦ હજાર રૂપિયા પોતાના હોવાનું કહ્યું હતું. અત્યારે રોકી રાખવામાં આવેલા કન્સાઈન્મેન્ટને ક્લીયર કરવા માટે આરોપીએ ૧૦ લાખ રૂપિયા અને ભવિષ્યમાં કન્સાઈન્મેન્ટ સરળતાથી ક્લીયર કરવા માટે કિલોદીઠ ૧૦ રૂપિયા ચૂકવવાની માગણી કરી હતી. (પીટીઆઈ) ■

# બ્લોકબસ્ટર મેચ, લાગણીઓની મજાક

**આદિત્યે એશિયા કપ ભારત-પાકિસ્તાન મેચ પર કેન્દ્ર સરકારની ટીકા કરી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ રવિવારે આગામી એશિયા કપમાં ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ પર કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે પહેલગામ હુમલાને પગલે પડોશી દેશ સાથે રમતગમતમાં જોડાવું એ દેશવાસીઓની 'ભાવનાઓની મજાક' છે.

આ પગલાને 'બ્લોકબસ્ટર મેચ' ગણાવતાં, ઠાકરેએ પૂછ્યું હતું કે સરકાર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ને એશિયા કપમાં રમવાથી ખસી જવાનું કેમ નથી કહી રહી અને કહ્યું હતું કે તે દર્શાવે છે કે આતંકવાદી હુમલામાં ગુમાવેલા જીવ કરતાં 'પૈસા અને મનોરંજન' વધુ મહત્વપૂર્ણ છે.

આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, 'એવું લાગે છે કે બ્લોકબસ્ટર ફિક્સ્ચર. અને ભારત સરકાર તેના પર એક પણ શબ્દ બોલતી નથી. કેટલી શરમજનક વાત છે!'

'આતંકવાદી હુમલામાં ગુમાવેલા જીવો અને પોતાના જીવ જોખમમાં મૂકીને આપણી રક્ષા કરનારા સૈનિકોના જીવન પર પૈસા અને મનોરંજન ભારે છે,' એમ તેમણે ઉમેર્યું હતું. 'ભારતની લાગણીઓની ખરેખર મજાક છે કે બીસીસીઆઈ પાકિસ્તાન સાથે રમવાનું પસંદ કરે છે અને ભારત સરકાર ચૂપ બેસે છે,' એમ વરલીના વિધાનસભ્યે કહ્યું હતું.

ભાજપ ફક્ત ચૂંટણીઓમાં પાકિસ્તાનના મુદ્દાનો ઉપયોગ કરશે, અન્યથા તમામ આતંકવાદી હુમલાઓ છતાં, ક્રિકેટ રમવું તેમના માટે યોગ્ય છે, એવી ટીકા તેમણે કરી હતી. 'ભારત સરકાર તરફથી મિત્રતા દિવસનો સંદેશ: સાચી મિત્રતા આવી હોવી જોઈએ. સમર્પિત અને એકતરફી. તેઓ નિર્દોષ ભારતીયો પર હુમલો કરી શકે છે, પરંતુ અમે તેમની સાથે ક્રિકેટ રમીશું! કારણ કે અમે હંમેશા ચૂંટણીમાં તેમના નામનો ઉપયોગ કરી શકીએ,' એમ ઠાકરેએ કહ્યું હતું. ■

# શાળાએથી પાછી ફરી રહેલી બાળકી પર રખડતા કૂતરાઓનો હુમલો

મુંબઈ: રખડતાં કૂતરાઓ દ્વારા રાહદારીઓ પર હુમલો કરવાના કિસ્સાઓ વારંવાર સામે આવતા હોય છે. એકલદોકલ કૂતરાને બદલે તેમનું આખું ઝૂંડ પણ ઘણીવાર હુમલો કરતું હોય છે. કોઈ અગમ્ય કારણોસર રોષે ભરાયેલા કૂતરાઓ દ્વારા પ્રાણઘાતક ઈજાઓ પહોંચાડવાની ઘટનાઓ પણ નોંધાઈ છે. મુંબઈમાં ફરી એકવાર આવી એક ગંભીર ઘટના ઘટી છે. આ ઘટનામાં શાળાએથી એકલી ઘરે પરત ફરી રહેલી એક માસૂમ બાળકી પર અચાનક રખડતાં કૂતરાઓએ હુમલો કર્યો હતો.

જ્યારે છોકરી શાળાએથી એકલી તેના ઘર તરફ જઈ રહી હતી, ત્યારે રસ્તામાં કેટલાંક રખડતાં કૂતરાઓએ તેનો પીછો કરવાનું શરૂ કર્યું અને તેના પર હુમલો કર્યો. છોકરી ડરથી જોરથી ચીસો પાડવા લાગી. તેની ચીસો સાંભળીને, નજીકમાં હાજર કેટલાક સ્થાનિક લોકો તરત જ તેની મદદ માટે દોડી ગયા અને કોઈક રીતે કૂતરાઓને ભગાડીને છોકરીને બચાવી લીધી. આ હુમલામાં છોકરીને સામાન્ય ઈજા થઈ હતી, પરંતુ સમયસર મદદ મળવાને કારણે તેનો જીવ બચી ગયો. આ સમગ્ર ઘટના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે કૂતરાઓનું ટોળું અચાનક છોકરીની નજીક આવ્યું અને તેના પર હુમલો કર્યો. ■

# યુગેન્દ્ર પવારની સગાઈમાં પવાર પરિવારનું મિલન થયું

મુંબઈ: રાજકીય મતભેદો અને ઝઘડાઓ છતાં, સમગ્ર પવાર પરિવાર રવિવારે વડા શરદ પવારના પૌત્ર યુગેન્દ્ર પવારના સગાઈ સમારોહમાં એક સાથે જોવા મળ્યો હતો. આ ખાનગી સમારોહ મુંબઈમાં યુગેન્દ્ર પવારની વાગદત્તા, તનિષ્કા કુલકર્ણીના નિવાસસ્થાને યોજાયો હતો. યુગેન્દ્ર નાયબ મુખ્યમંત્રી અને એનસીપીના વડા અજિત પવારના નાના ભાઈ શ્રીનિવાસના પુત્ર છે. એનસીપી (એસપી)ના વડા શરદ પવાર, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, તેમના પિતરાઈ બહેન સુપ્રિયા સુળે, તેમના પતિ અને બે બાળકો સાથે સગાઈ સમારોહમાં જોડાયાં હતાં. ૨૦૨૩માં અજિત પવારના બળવા, જેના કારણે એનસીપીમાં ભાગલા પડ્યા, તેના કારણે પારિવારિક સંબંધો પર પ્રશ્નો ઊભા થયા હતા. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં, યુગેન્દ્રને બારામતી મતવિસ્તારમાંથી તેમના કાકા અજિત પવારે હરાવ્યા હતા. અગાઉ, અજિત પવારની પત્ની, સુનેત્રા પવારને લોકસભા ચૂંટણીમાં તેમની નણંદ સુપ્રિયા સુળેએ હરાવ્યાં હતાં. સુળેએ હંમેશાં કહ્યું હતું કે અજિત પવાર ભાજપની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારમાં જોડાયા પછી પણ પવાર પરિવાર વચ્ચેના પારિવારિક સંબંધો અકબંધ રહ્યા છે. થોડા મહિનાઓ પહેલા, પવાર પરિવારે પુણેમાં અજિત પવારના નાના પુત્ર, જય પવારના સગાઈ સમારોહમાં હાજરી આપી હતી. (પીટીઆઈ) ■

# લોકલ ટ્રેનના મહિલા ડબ્બામાં નશામાં ધૂત પોલીસનું શરમજનક કૃત્ય!: મહિલાઓએ પકડીને ધરપકડ કરાવી

મુંબઈ: લોકલમાં મહિલાઓની સુરક્ષા માટે પોલીસની તહેનાતીથી લઈને ઇમરજન્સી નંબર પણ છે જ્યાં ફરિયાદ કરી શકાય. પણ એક કહેવત છે કે વાડ જ ચીભડાં ગળે તો કોને કહેવા જવું? આવી ઘટના હમણાં મુંબઈની લોકલ ટ્રેનમાં પણ બની છે. મીરા-ભાયંદર અને વસઈ-વિરાર પોલીસ કમિશનરેટમાં તહેનાત એક ગણવેશધારી પોલીસ કોન્સ્ટેબલે એવું શરમજનક કૃત્ય કર્યું છે જેનાથી ગણવેશ પર જ સવાલો ઊભા થયા છે. આ કોન્સ્ટેબલ શનિવારે બપોરે દારૂના નશામાં બોરીવલીથી વસઈ જતી ધીમી લોકલ ટ્રેનના મહિલા ડબ્બામાં ચઢી ગયો અને ત્યાં હાજર મહિલાઓની છેડતી કરવાનું શરૂ કર્યું.

આ ઘટના શનિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ બની હતી. બોરીવલીથી ઉપડતી લોકલ ટ્રેન મીરા રોડ સ્ટેશન પર પહોંચતાની સાથે જ અમોલ કિશોર સપકાલે નામનો કોન્સ્ટેબલ ખાખી યુનિફોર્મમાં મહિલા ડબ્બામાં ચઢી ગયો. પ્રત્યક્ષદર્શી મહિલાઓનું કહેવું છે કે તે નશામાં હતો અને ડબ્બામાં પ્રવેશતાની સાથે જ તેણે અભદ્ર વર્તન કરવાનું શરૂ કરી દીધું હતું. કેટલીક મહિલાઓએ કહ્યું કે તે જાણી જોઈને તેની કોણીથી તેમની પીઠને સ્પર્શ કરી રહ્યો હતો. ઉપરાંત, સીટ પર બેસીને તે કેટલીક મહિલાઓ પાસેથી ટિકિટ માગવાનું નાટક કરી રહ્યો હતો. કોન્સ્ટેબલના વર્તનથી મહિલાઓ ખૂબ જ અસ્વસ્થ થઈ ગઈ. કેટલાક લોકોએ એવો પણ આરોપ લગાવ્યો કે તેણે એક કે બે મહિલાઓના મોબાઈલ ફોન છીનવી લીધા હતા. તેની નજર પણ ખૂબ જ વાંધાજનક હતી, જેના કારણે મહિલા મુસાફરો ડરી ગઈ હતી અને ગુસ્સે થઈ ગઈ હતી. છેવટે, કંટાળીને, મહિલાઓએ મળીને તેને નાયગાંવ સ્ટેશન પર ટ્રેનમાંથી ઉતાર્યો અને તરત જ સ્ટેશન માસ્ટરને ફરિયાદ કરી. નાયગાંવ સ્ટેશન માસ્ટરે તાત્કાલિક વસઈ રોડ રેલવે પોલીસને જાણ કરી. પોલીસ થોડી જ વારમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ અને અમોલ સપકાળેને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો. તબીબી તપાસમાં પુષ્ટિ થઇ કે તે દારૂના નશામાં હતો. આ પછી, વસઈ રોડ રેલવે પોલીસે તેની સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૪ (મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડવી) અને કલમ ૩૫૧ (૨) (ધમકી અને બળજબરી) હેઠળ કેસ નોંધ્યો અને તેની ધરપકડ કરી હતી. આ ઘટના અંગે ફરિયાદ વસઈની રહેવાસી અભયા અક્ષય વર્ણેકર નામની મહિલા મુસાફર દ્વારા નોંધાવવામાં આવી હતી.

આ ઘટના બાદ લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતી મહિલાઓમાં ભયનો માહોલ છે. સામાન્ય લોકો પણ એ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો યુનિફોર્મમાં પોલીસકર્મીઓ જ મહિલાઓને અસુરક્ષિત અનુભવ કરાવે છે, તો સામાન્ય માણસે કોના પર વિશ્વાસ કરવો? ■

# મહાદેવીને વનતારાથી પરત લાવવા માટે મૌન કૂચમાં હજારો લોકોએ ભાગ લીધો

કોલ્હાપુર: તાજેતરમાં કોર્ટના આદેશ મુજબ હાથણી મહાદેવીને જામનગરના વનતારા મોકલવામાં આવી હતી. રવિવારે કોલ્હાપુરમાં હજારો લોકોએ 'મૌન કૂચ'માં ભાગ લીધો હતો, જેમાં માગ કરવામા આવી હતી કે ૩૬ વર્ષીય માદા હાથી મહાદેવી (જેને માધુરી પણ કહેવાય છે) ને ગુજરાતના જામનગર જિલ્લાના વનતારા વન્યજીવન બચાવ, સારવાર અને પુનર્વસન કેન્દ્રમાંથી પરત લાવવામાં આવે.

ભૂતપૂર્વ સાંસદ રાજુ શેટ્ટીએ સવારે નંદાનીથી શરૂ થયેલી કૂચનું નેતૃત્વ કર્યું હતું અને જિલ્લા કલેક્ટર કચેરીની બહાર સમાપ્ત થયું હતું, જ્યાં હાથણીને પરત લાવવા માટે અધિકારીઓને મેમોરેન્ડમ આપવામાં આવ્યું હતું. શુક્રવારે કોલ્હાપુરમાં એક બેઠકમાં, વનતારાના અધિકારીઓએ ખાતરી આપી હતી કે તેઓ મહાદેવીને કોલ્હાપુર જિલ્લાના નંદાની પરત લાવવાના પ્રયાસોમાં સહકાર આપશે, એમ રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિતકરે બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું.

ભાજપ સાંસદ ધનંજય મહાડિક અને શિવસેના સાંસદ ધૈર્યશીલ માને, બંને કોલ્હાપુર જિલ્લાના છે, મહાદેવીને પાછા લાવવા માટે કેન્દ્રને સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરવા માટે કામ કરી રહ્યા છે, એમ અબિતકરે જણાવ્યું હતું. મહાડિક ગુરુવારે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન પ્રધાન ભૂપેન્દ્ર યાદવને મળ્યા હતા અને નંદનીના જૈન મઠમાં મહાદેવીને પાછા લાવવા માટે એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું.

૧૯૯૨માં જ્યારે મહાદેવી લગભગ ત્રણ વર્ષની હતી ત્યારે તેમને કર્ણાટકથી કોલ્હાપુર મઠમાં લાવવામાં આવી હોવાના અહેવાલ છે. ૨૦૧૭માં તેમણે મુખ્ય પૂજારીને વારંવાર દીવાલ સાથે અથડાવીને હત્યા કરી હતી. મહાદેવી પગમાં સડો, પગના નખ વધી જવા, સંધિવા અને સતત માથું હલાવવા જેવી વર્તણૂકથી પીડાય છે, જે લાંબા સમય સુધી એકાંત કેદમાં રહેવાને કારણે માનસિક આઘાતની નિશાની છે.

નંદાની ખાતે શ્રી જિનસેન ભટ્ટાર્ક પટ્ટાચાર્ય મહાસ્વામી જૈન મઠ સાથે ત્રણ દાયકાથી વધુ સમયથી કાર્યરત મહાદેવીને કોર્ટના ચુકાદા બાદ આ અઠવાડિયાની શરૂઆતમાં વનતારાના રાધે કૃષ્ણ મંદિર હાથી કલ્યાણ ટ્રસ્ટમાં ખસેડવામાં આવી હતી. મહારાષ્ટ્ર વન વિભાગ અને સુપ્રીમ કોર્ટે નિયુક્ત સમિતિ સાથે એક એનજીઓ દ્વારા તેમના બગડતા સ્વાસ્થ્ય અને માનસિક વેદના અંગે ચિંતા વ્યક્ત કર્યા બાદ, ૧૬ જુલાઈના રોજ બોમ્બે હાઈ કોર્ટે મહાદેવીને જામનગર સ્થિત વનતારાના સુવિધા કેન્દ્રમાં પુનર્વસન કરવાનો આદેશ આપ્યો હતો. ■

# જળપ્રદૂષણ રોકવા મૂર્તિકારોને ૧૦,૮૦૦ લિટર પર્યાવરણપૂરક રંગ મફતમાં વહેંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પર્યાવરણપૂરક ગણેશોત્સવની ઊજવણી માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મફતમાં શાડુ માટીની સાથે જ મૂર્તિ બનાવવા માટે મફતમાં જગ્યા પણ મૂર્તિકારોને ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી. એ બાદ હવે પાલિકાએ મૂર્તિકારોને પ્રાયોગિક ધોરણે પર્યાવરણપૂરક રંગ પણ મફતમાં વહેંચ્યો છે. કુલ છ પ્રકારના પર્યાવરણપૂરક રંગનો પુરવઠો કરવામાં આવ્યો છે, જેમાં ૭,૮૦૦ લીટર રંગ અને ૩,૦૦૦ લીટર ઈકો પ્રાઈમર પૂરો પાડવામાં આવ્યો છે. મૂર્તિકારોને આ રંગનો ઉપયોગ કરીને જળપ્રદૂષણ રોકવામાં મદદ કરવાની અપીલ કરવામાં આવી છે.

શાડુ માટીની મૂર્તિ ઘડવવા માટે પ્રોત્સાહન આપવા અને વધુમાં વધુ માટીની મૂર્તિ બનાવવા માટે મૂર્તિકારોને દર વર્ષની માફક આ વર્ષે પણ ૯૫૨ ટન માટી મફતમાં પૂરી પાડવામાં આવી હતી, જેનો લાભ ૯૯૭ મૂર્તિકારોએ લીધો હતો. કેમિકલયુક્ત રંગ મૂર્તિ માટે વાપરવાથી વિસર્જન સમયે જળસ્રોતને નુકસાન થઈ શકે છે. તેથી પાલિકાએ મૂર્તિકારોને કેમિકલયુક્ત રંગ નહીં વાપરતા પાર્યવરણપૂર રંગ વાપરવાની અપીલ કરી હતી અને તે માટે તેમને છ પ્રકારના રંગ પણ મફતમાં પૂરા પાડવામાં આવ્યા હતા. ■


**PRAYER MEET**



**RITA VIJAY MERCHANT**

Beloved Wife of Vijay V. Merchant passed away on 2nd August. 2025

*Prayer Meeting :*
*Thurs. 7th Aug. 2025*
Time : 5 pm - 6 pm
Runanu Bandh Hall
Y. B. Chauhan Centre
Gen. J. Bhosale Marg,
Near Mantralay.

*Deeply Mourned By :*
Her Children
Jay - Elena & Divya
Grandchildren : Arianna, Anika, Niko & Leo
Merchant & Suraiya Family


# પાકિસ્તાનના સર્જનના મૂળ ભાજપ, આરએસએસમાં રહેલા છે: સપકાળ

મુંબઈ: પાકિસ્તાનના સર્જનના વૈચારિક મૂળ ભાજપ અને આરએસએસમાં રહેલા છે એવો આરોપ શનિવારે કરી મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે શનિવારે જણાવ્યું હતું કે ભારતના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભાજપના પુરોગામીઓ મુસ્લિમ લીગ સાથે જોડાયેલા હતા. સપકાળ મુંબઈના દાદર વિસ્તારમાં તિલક ભવન નજીક યોજાયેલી શિવસેનાની વિરોધ કૂચ અંગે પ્રતિક્રિયા આપી રહ્યા હતા, જ્યાં શાસક પક્ષે ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસનો ઉલ્લેખ કરતી વખતે ''હિન્દુ અને સનાતન આતંકવાદ'' અંગેની ટિપ્પણી બદલ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ સહિત કોંગ્રેસના નેતાઓએ માફી માંગવી જોઈએ એવી માગણી કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં મુંબઇની એક વિશેષ અદાલતે વિસ્ફોટ કેસમાં તમામ સાત આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. સપકાળે વધુમાં એમ પણ કહ્યું હતું કે હકીકતમાં રેલી તો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાનની બહાર કરવી જોઈતી હતી. પાકિસ્તાનના સર્જનના વૈચારિક મૂળ કૉંગ્રેસમાં નહીં પણ ભાજપ અને આરએસએસમાં રહેલા છે. ભારત આઝાદી માટે લડી રહ્યું હતું, ત્યારે ભાજપના પુરોગામીઓ મુસ્લિમ લીગ સાથે જોડાયેલા હતા અને શ્યામા પ્રસાદ મુખર્જી તેમની સરકારમાં ડેપ્યુટી સીએમ હતા.'

'કૉંગ્રેસ પર નિશાન સાધવાને બદલે ભાજપે પ્રથમ એ સ્પષ્ટ કરવું જોઈએ કે દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકાર દ્વારા ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસના આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા સામે અપીલ દાખલ કરવાનો હજુ સુધી કોઈ નિર્ણય કેમ નથી લેવામાં આવ્યો. ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં તેમણે તરત જ સુપ્રીમ કોર્ટનો સંપર્ક સાધવાનો ઇરાદો જાહેર કર્યો હતો,' એમ સપકાળે ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

# કશેળી ખાડી પરના બ્રિજ પરથી પ્રૌઢે પાણીમાં કૂદકો માર્યો

થાણે: કશેળી ખાડી પરના બ્રિજ પરથી ૫૩ વર્ષના પ્રૌઢે પાણીમાં કૂદકો માર્યો હોવાની ઘટના થાણેમાં બની હતી. ફાયર બ્રિગેડના જવાનોની મદદથી પોલીસે ખાડીમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. થાણે મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની સવારે ૮ વાગ્યાની આસપાસ બની હતી. બ્રિજ પરથી કશેળી ખાડીમાં કૂદકો મારનારા શખસની ઓળખ રાજકુમાર કૈલાશનાથ દુબે તરીકે થઈ હતી. બનાવની જાણ થતાં જ નારપોલી પોલીસ, થાણે અને ભિવંડીના ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બોટની મદદથી ખાડીમાં સર્ચ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. લગભગ સાત કલાક સુધી સર્ચ ઑપરેશન ચાલ્યા છતાં દુબેની કોઈ ભાળ મળી નહોતી. ઘટનાસ્થળે હાજર એક અધિકારીના જણાવ્યા મુજબ ખાડી ફરતેનાં ઝાડીઝાંખરાં, ખાડીમાંના ગંદા પાણી અને પાણીના વધતા પ્રવાહને કારણે સર્ચ ઑપરેશનમાં મુશ્કેલી પડી રહી હતી. (પીટીઆઈ) ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## એમસીએફ રિંક ફૂટબોલ ટુર્નામેન્ટ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં યોજાયેલી એમસીએફ રિંક ફૂટબોલ ટુર્નામેન્ટમાં પુરુષોના વર્ગમાં સમિત સ્મેશર્સ ટીમ વિજેતા અને રાહુલ રોકર્સ બીજા ક્રમે રહી હતી, જ્યારે છોકરાઓના ગ્રૂપમાં અર્જુન એવેન્જર્સ ટીમ વિજેતા અને દિશાંત ડેવિલ્સ ટીમ બીજા ક્રમે રહી હતી.

અગાઉ બેડમિન્ટન પ્રીમિયર લીગ સ્પર્ધા એમબીએલ શટલર્સની ટીમે જીતી હતી. પેરેડાઇઝ વોરિયર્સ ટીમ બીજા ક્રમે અને સાઈ શટલર્સની ટીમ ત્રીજા ક્રમે આવી હતી.

## કાંદિવલીની સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલના ૧૯૮૦ બેચનું રિયુનિયન

૪૫ વર્ષ પછી વીસ જુલાઈ રવિવારના રોજ કાંદિવલીની સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલ ના ૧૯૮૦ના વિદ્યાર્થી તેમજ શિક્ષકોનું રિયુનિયનનો કાર્યક્રમ એમસીએફ ક્લબ ના કમિટી મેમ્બર તેમ જ ૧૯૮૦ના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ હર્ષોલ્લાસથી મનાવવામાં આવ્યો. સવાર ની પ્રાર્થના, રાષ્ટ્રગીત તેમજ ગીત સંગીતની મહેફિલ દ્વારા કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. વિશેષમાં શ્રી વલ્લભ કુળના પૂજય ૧૦૮ ગોસ્વામી શ્રી દ્વારકેશ લાલજીની હાજરીથી કાર્યક્રમમાં ચાર ચાંદ લાગી ગયા. તેઓ પણ એક વિદ્યાર્થી તરીકે સ્કૂલમાં સાથે જ હતા.

## શ્રાવણી પર્વની ઉજવણી

શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય મંડળ, મુંબઈ દ્વારા ૯ ઑગસ્ટે શનિવારે સવારે ૯ થી ૧૧ શ્રાવણી પર્વ ઊજવવામાં આવનાર છે. એ દરમિયાન યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. બીજે દિવસે ૧૦ ઑગસ્ટે રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ અમૃત તારા બેન્કવેટ હોલ, ચેતન સ્કૂલ, રૂમ નં. ૪, પહેલે માળે, દીક્ષિત રોડ, વિલે-પાર્લે ઈસ્ટમાં રાખવામાં આવ્યો છે.

## ફ્લેગ-ડેની ઉજવણી

મેંગો ગ્લોબલ પ્રી-સ્કૂલ દ્વારા તાજેતરમાં નેશનલ ફ્લેગ-ડેની ઉજવણી બાવીસ જુલાઈએ કરવામાં આવી હતી. જેમાં બાળકોની સાથે તેમના પેરન્ટ્સે પણ ભાગ લીધો હતો. બાળકો અને તેમના પેરન્ટ્સે ફ્લેગના રંગનાં વસ્ત્રો પહેરીને રેમ્પ-વૉક કર્યું હતું. આ આખો કાર્યક્રમ આપણો રાષ્ટ્રધ્વજ બનાવનારા પેંગ્લી વેંક્યાને સમર્પિત હતો.

## રક્તદાન શિબિર સંપન્ન

રાજસ્થાનના સાંચોર ગામના યુવાનોની યૂથ ક્લબ દ્વારા તાજેતરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૧૭મા બ્લડ ડોનેશન કેમ્પમાં લોકોને લીવરને સ્વસ્થ રાખવા સંબંધિત માહિતી અને ચર્ચાસત્ર યોજવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૧૭૦ યુનિટ બોટલ લોહી એકઠું કરવામાં આવ્યું હતું.

## શ્રાવણમાં ભક્તિમય યાત્રા

શ્રાવણ માસનો આરંભ થતાં જ લોકો માટે ધાર્મિક યાત્રાનું સફળ આયોજન દહિસર પૂર્વમાં ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીએ કર્યું હતું. આ ભક્તિમય યાત્રામાં કુલ ૪૦ શ્રદ્ધાળુઓએ સાળંગપુર અને ચોટિલામાં દર્શનનો લાભ લીધો હતો.

## વનમહોત્સવ

ફ્રેન્ડ્સ ઑફ ધ ટ્રીઝ દ્વારા સોહરાબજી ગોદરેજ વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન હાજર લોકોને વિવિધ પ્રકારના ઝાડ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. મહુડો, બોરસલ્લી, ગરમાળો, આંબા, ચંપા અને નારિયેળના આ ઝાડ ગોદરેજ ટ્રી બેન્કમાં ઉગાડવામાં આવ્યા હતા. ■

# ઑગસ્ટમાં સ્કૂલોમાં છુટ્ટી પર છુટ્ટી

મુંબઈઃ શ્રાવણ મહિનાના અંત પછી, ઑગસ્ટમાં દેશભરમાં તહેવારોની મોસમ શરૂ થઈ જાય છે અને તહેવાર એટલે સ્કૂલમાં રજા. સ્કૂલના બાળકો જાણે આ તહેવારોની રાહ જોઈ રહ્યા હોય. તેમાં પણ જો ત્રણ દિવસની એક સાથે રજા આવી જાય તો તેમને મજા પડી જાય.

ઑગસ્ટ મહિનો પોતાની સાથે ઉત્સવોની તેમ જ રાષ્ટ્રીય રજાઓ લાવે છે. રક્ષાબંધન, સ્વતંત્રતા દિવસ, જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી જેવા તહેવારો આ મહિનાને ખાસ બનાવે છે. આ રજાઓ માત્ર સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ જ નથી રાખતી, પરંતુ 'લાંબા સપ્તાહાંત' અને તહેવારોનો આનંદ માણવાની તક પણ પૂરી પાડે છે.

ભારતના મોટાભાગના રાજ્યોમાં રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા તહેવારો ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. બીજી તરફ સ્વતંત્રતા દિવસ નિમિત્તે મોટાભાગની શાળાઓમાં ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસની રજા શુક્રવારે આવતી હોવાથી, શનિવાર (૧૬ ઑગસ્ટ, જન્માષ્ટમી) અને રવિવાર આમ સતત ત્રણ દિવસની રજાઓ રહેશે. જો સ્કૂલ કે ઓફિસમાં શનિવારની રજા ન હોય, પરંતુ ફરવા જવાની ઇચ્છા હોય, તો તમે શનિવારની રજા લઈને ત્રણ દિવસની રજા માણી શકો છો. ■

# ગણેશોત્સવ પહેલા રસ્તાઓનું સમારકામ નહીં થયું તો સદોષ મુષ્યવધનો ગુનો નોંધાશે

## રાયગડ જિલ્લાના કલેક્ટરે આપી ચેતવણી

અલીબાગઃ ગણેશોત્સવ પહેલાં રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું નથી અને જો ખરાબ રસ્તાઓને કારણે અકસ્માત થાય તો સંબંધિત એજન્સીઓને જવાબદાર ઠેરવવામાં આવશે અને સદોષ મનુષ્યવધનો કેસ નોંધવામાં આવશે, એવી ચેતવણી રાયગઢ જિલ્લા કલેક્ટર કિશન જાવલેએ આપી હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી માર્ગ સલામતી સમિતિની બેઠકમાં જાવળેએ જાહેર બાંધકામ વિભાગ, નેશનલ હાઈ-વે અને પરિવહન વિભાગ સહિત તમામ સંબંધિત એજન્સીઓને માર્ગ અકસ્માતો અટકાવવા માટે તાત્કાલિક તમામ જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

જિલ્લામાં માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે, જિલ્લામાં હાઇવે અને રસ્તાઓ પર બ્લેક સ્પોટ ઓળખવા અને તેમની સામે પગલાં લેવા, સાઇનબોર્ડ લગાવવા, સ્પીડ લિમિટના સાઇનબોર્ડ લગાવવા, હાઇવે પર ગેરકાયદેસર રીતે દૂર કરવાયેલા ડિવાઇડરને ફરીથી સ્થાપિત કરવા અને સંબંધિતો સામે કેસ દાખલ કરવા જેવા પગલાં અમલમાં મૂકવા જોઈએ. ઉપરાંત જિલ્લામાં માર્ગ અકસ્માતોની સંખ્યા શૂન્ય પર લાવવા, અકસ્માતો પછી ઘાયલોને તાત્કાલિક સારવારની સુવિધા પૂરી પાડવા અને મૃત્યુ દર શૂન્ય પર લાવવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્ય ગંભીરતાથી કરવા જેવા નિર્દેશ જિલ્લા કલેક્ટર જાવળેએ આપ્યા હતા.

દરમિયાન એવું જોવા મળ્યું છે કે કેટલાક ઉદ્યોગપતિઓ તેમના વ્યવસાયને ફાયદો પહોંચાડવા માટે મેઇન રોડ અને સર્વિસ રોડ વચ્ચેના ડિવાઇડરને તોડી રહ્યા છે. આ સમયે આ ઉદ્યોગપતિઓ સામે કડક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર જાવળેએ ટ્રાફિકને અવરોધતા હોર્ડિંગ્સ તાત્કાલિક દૂર કરવા પણ નિર્દેશ આપ્યો હતો. ■

# સાયન સાઈકલિંગ ટ્રેકને પાર્કિંગમાં ફેરવવાની યોજના પાલિકાએ પડતી મૂકી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ સાયનના ષણમુખાનંદ હોલની સામે બંધ પડી ગયેલા સાઇકલિંગ ટ્રેકના અમુક ભાગને પે-એન્ડ-પાર્ક સુવિધામાં ફેરવવાની યોજના પડતી મૂકી છે. ટ્રેકની નીચે તાનસા પાણીની પાઇપલાઇનની હાજરીને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જમીનની માલિકી ધરાવતા મહાનગરપાલિકાના હાઇડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગે જૂનમાં પે-એન્ડ-પાર્કની દરખાસ્ત માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) જારી કર્યું હતું. જોકે ડિપાર્ટમેન્ટના સર્વે સેક્શને હવે આ પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવ્યો છે કારણ કે એને કારણે મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતી ભૂગર્ભ પાઇપલાઇનની ઉપરની જમીન પર અતિક્રમણ અંગેના બોમ્બે હાઇ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરે છે એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મહાનગરપાલિકાના હાઇડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અદાલતના આદેશ મુજબ પાણીની પાઇપલાઇનની ઉપર જમીનની બંને બાજુ ૧૦ મીટરનો વિસ્તાર પાર્કિંગ કરેલા વાહનો સહિત કોઈપણ અતિક્રમણથી મુક્ત રાખવો આવશ્યક છે. નીચેની પાઇપલાઇન વધારાના દબાણનો સામનો કરી શકતી નથી. કોઈપણ સંભવિત જોખમોને ટાળવા માટે અમે પહેલાથી જ અગાઉના અતિક્રમણને સાફ કરી દીધા છે. જાળવણી વિભાગને કરવામાં આવેલી અમારી ભલામણો આ તથ્યો પર આધારિત છે.

૨૦૨૦માં બનેલો ૩૯ કિલોમીટર લાંબો આ સાઇકલિંગ ટ્રેક સાયનથી મુલુંડ સુધી છે. જો કે સાયનના રહેવાસીઓએ આ વર્ષની શરૂઆતમાં દાવો કર્યો હતો કે ટ્રેકની જાળવણી કરવામાં આવી રહી નથી, અને છેલ્લા પાંચ વર્ષમાં તેના પર અનધિકૃત અતિક્રમણ થયું છે. તેમણે આ જગ્યાને નિયંત્રિત પાર્કિંગ વિસ્તારમાં રૂપાંતરિત કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. ■

# પોશીર ડેમ પ્રોજેક્ટ માટે ₹ ૬.૩૯૪ કરોડ ફાળવવાની સૂચના

થાણાઃ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના કર્જત તાલુકામાં વિકસાવવામાં આવનાર રૂ. છ હજાર ૩૯૪ કરોડના પોશીર ડેમ પ્રોજેક્ટ માટે સિંચાઈ સત્તાવાળાઓએ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) અને ચાર પાલિકાઓને ભંડોળ ફાળવવા સૂચના આપી છે. કોંકણ ઇરિગેશન ડેવલપમેન્ટ કોર્પોરેશનએ એમએમઆરડીએ અને નવી મુંબઈ તથા ઉલ્હાસનગરની મહાનગરપાલિકાઓ તથા થાણા જિલ્લાની અંબરનાથ અને બદલાપુરની પાલિકાઓને આ સૂચના આપી છે. આ પાલિકાઓને કુરુંગ ગામમાં નિર્માણ પામનારા આ પ્રોજેક્ટનો લાભ મળશે. ૪૩.૫૩ ટકાના દરે નવી મુંબઈ મહાનગરપાલિકાએ ૨ હજાર ૭૮૩ કરોડ રૂપિયા સાથે સૌથી મોટો હિસ્સો ચૂકવવો પડશે. બારવી ડેમની પૂર્તિ માટે પાણીનો વૈકલ્પિક સ્રોત વિકસાવવાની જરૂરિયાત લાંબા સમયથી ચાલી રહી છે. બદલાપુરમાં ખેડૂત અધિકાર સંઘર્ષ સમિતિના પ્રમુખ રામ પાટકરએ પોશીર નદી પર બંધ બાંધવાની જરૂરિયાત માટે માંગણી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. (પીટીઆઈ) ■

# શિવાજી પાર્કની ધૂળની સમસ્યાને દૂર કરવા આઈઆઈટીની મદદ લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરમાં છત્રપતિ શિવાજી મહારાજ મેદાન (શિવાજી પાર્ક)માં ધૂળ પ્રદૂષણનો સામનો કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ લાંબા ગાળાના નિવારણ પગલાંની યોજના બનાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી બોમ્બે (આઈઆઈટી-બૉમ્બે)ના નિષ્ણાતો સાથે કામ કરી રહી છે. મંગળવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ શિવાજી પાર્ક અને તેની આસપાસના વૉક-વેનું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને નિયમિત જાળવણી, સમયસર સમારકામ અને પરિસરમાં યોગ્ય સ્વચ્છતાની ખાતરી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ શિવાજી પાર્કની મુલાકાત દરમ્યાન સ્થાનિક રહેવાસીઓ સાથે ચર્ચા કરી હતી અને તેમને લાલ માટીથી થનારા ધૂળ પ્રદૂષણની સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ લાવવાનું આશ્વાસન આપ્યું હતું. આ પરિસરને ધૂળ મુક્ત કરવા આઈઆઈટીના નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે. પરિસરને લીલોછમ રાખવા માટે ઘાસ ઉગાડવવાનું કામ આઈઆઈટીની મદદથી કરવામાં આવી રહ્યું છે. તેમ જ સ્થાનિક નાગરિકોની સૂચનાને ધ્યાનમાં રાખીને ધૂળ પ્રતિબંધાત્મક વધુ ઉપયાયોજના પણ અમલમાં મૂકવામાં આવવાની હોવાનું તેમણે કહ્યું હતું. આ દરમ્યાન શિવાજી પાર્ક મેદાન વિસ્તારમાં ફૂટપાથની નિયમિત જાળવણી અને સમારકામ કરવા પર તેમણે ભાર આપ્યો હતો.

શિવાજી પાર્ક મેદાન બાદ કમિશનરે માહિમ કિલ્લાની પણ મુલાકાત લીધી હતી. આ કિલ્લો એક પ્રાચીન હેરિટેજ બાંધકામ છે છે અને કિલ્લાને પુનઃસ્થાપિત કરવા માટે અને તેને સુંદર બનાવવાના પગલાં એક સાથે વિચારવા જોઈએ એવું બોલતા કમિશનરે કહ્યું હતું કે ભવિષ્યમાં મુંબઈ આવતા પ્રવાસીઓ માટે આ સ્થળને પર્યટન સ્થળ તરીકે કેવી રીતે વિકસાવી શકાય તે અંગે પગલા અમલમાં મૂકવામાં આવશે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ઉદ્યોગોને સરળ

આવશ્યક ફેરફારો ઓળખી કાઢ્યા છે. વિગતવાર વિશ્લેષણ અને મુસદ્દા સરકારી ઠરાવો દ્વારા સમર્થિત ભલામણોનો તાત્કાલિક અમલ કરવામાં આવશે, જેથી જાહેર સેવાઓની ડિલિવરી વધે,' એમ તેમણે કહ્યું હતું. ફડણવીસે એવી પણ ખાતરી આપી હતી કે કરુણાના ધોરણે નિમણૂકો માટેની ભરતી ૧૫૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે અને આવી કોઈ પણ જગ્યા ખાલી રહેશે નહીં.

તેમણે જિલ્લા વાર્ષિક આયોજન પ્રણાલીને સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને એવો નિર્દેશ કર્યો હતો કે તે ફક્ત રોજગાર યોજના તરીકે જ નહીં પરંતુ મોટા પાયે રોજગાર સર્જન અને વિકાસ માટેનું એક સાધન બનવું જોઈએ.

'જિલ્લા કલેક્ટરોને તેમના અધિકારક્ષેત્ર હેઠળના સ્થાનિક વિકાસ કાર્યો માટે કુલ યોજના ભંડોળના પાંચ ટકા સુધી ફાળવવા માટે સત્તા આપવાની ભલામણ કરવામાં આવી છે,' એમ તેમણે કહ્યું હતું. ■

## માલેગાંવ બ્લાસ્ટ

ઉજવણી કરવા માટે ભેગા થયા હતા.

ઢોલ-તાશા (પરંપરાગત ઢોલ)ના નાદ અને ફૂલોની પાંખડીઓના વરસાદ વચ્ચે પુરોહિતની ખુલ્લી જીપમાં સવારી સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સરઘસમાં ભાગ લેનારાઓએ 'જય શ્રી રામ' અને 'સનાતન ધર્મ કી જય'ના નારા લગાવીને તેમના નિર્દોષ છૂટવાના સ્વાગતમાં ખુશી વ્યક્ત કરી હતી. પુરોહિત જ્યાં રહે છે ત્યાં હાઉસિંગ સોસાયટીના ઘણા સભ્યો પણ તેમનું ફૂલોથી સ્વાગત કરવા અને ભગવા ધ્વજ લહેરાવવા માટે બહાર આવ્યા હતા. આ પ્રસંગે બોલતા પુરોહિતે કહ્યું હતું કે, 'મને ખૂબ જ આનંદ છે કે મારું આટલું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મારો આખો પરિવાર આ સ્થળે મારી રાહ જોઈ રહ્યો છે. મારો આખો પરિવાર અહીં આવ્યો છે; હું અહીં મોટો થયો છું. આ બધા લોકો મને મળવા અહીં આવ્યા છે.' ■

## 'વિદેશ મંત્રાલય'

ગુણવત્તાવાળો ગાંજો મળી આવ્યો હતો. મુંબઈ ઍરપોર્ટ પર કસ્ટમ્સ દ્વારા કડક ચેકિંગ કરવામાં આવતું હોવાથી ડ્રગ્સની તસ્કરી સાથે સંકળાયેલા લોકોએ આ નવો પેંતરો અજમાવ્યો હોવાની શક્યતા અધિકારીએ વ્યક્ત કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ પાર્સલમાંથી ૧૪.૭૩ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. બૅગમાંથી અધિકારીઓને યુએનઓડીસીના વિવિધ અહેવાલ અને સિક્રેટ મિશનના રિપોર્ટ્સ પણ મળી આવ્યા હતા. આ રિપોર્ટ્સ બનાવટી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. આરોપી વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

## કાંદાના ભાવને

ગાળાના પગલાં અંગે ચર્ચા કરવા માટે લાસલગાંવ એપીએમસી ખાતે વ્યક્તિગત રીતે એક ખાસ બેઠક યોજો, એમ તેમણે પત્રમાં કહ્યું હતું એસોસિએશને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, મુખ્ય પ્રધાન ફડણવીસ ડુંગળીના ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને કટોકટીનો વહેલી તકે ઉકેલ લાવવા માટે સક્રિય પગલાં લેશે. મહારાષ્ટ્ર દેશનું સૌથી મોટું ડુંગળી ઉત્પાદક રાજ્ય છે અને લાખો ખેડૂતો પાકનું ઉત્પાદન કરે છે. જો તેઓ વહેલી તકે અમારી ફરિયાદોનો ઉકેલ લાવવા માટે લાસલગાંવ આવે તો અમે તેમનું સ્વાગત કરીશું, એમ તેમણે જણાવ્યું હતું.

ઓછા ભાવ અને સંગ્રહ સુવિધાઓની અછતને કારણે ખેડૂતોની સ્થિતિ સારી નથી, જે લણણી કરાયેલા પાકને નુકસાન પહોંચાડી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

## ભાજપ કૉંગ્રેસના

પાર્ટી હોવાનો દાવો કરતી ભાજપને અન્ય પક્ષોના નેતાઓને શા માટે સામેલ કરવાની જરૂર પડી?

'ભાજપ તેના નેતાઓને સશક્ત કેમ નથી બનાવી શકતી? આનો અર્થ એ છે કે તે એક નબળી પાર્ટી છે અને અન્ય રાજકીય પક્ષોને ખતમ કરીને વિકાસ કરવા માગે છે. 'કોંગ્રેસ-મુક્ત ભારત' હાસલ કરવાને બદલે, ભાજપે પોતાને 'કોંગ્રેસ-યુક્ત' પક્ષમાં રૂપાંતરિત કરી દીધું છે,' એવો કટાક્ષ તેમણે કર્યો હતો.

સપકાળે મહારાષ્ટ્ર કોંગ્રેસની તાજેતરમાં જાહેર કરાયેલ ૩૮૭ સભ્યોની જમ્બો સમિતિને યોગ્ય ઠેરવી.

'અમારી પાસે વધુ કાર્યકરો છે, તેથી કદ મોટું હોવું જોઈએ. ઓછામાં ઓછા ૩૩ ટકા જૂના ચહેરાઓ છે, ૬૬ ટકા નવા છે અને સરેરાશ ઉંમર ૫૧ વર્ષ છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, સમિતિમાં સામાજિક સંતુલન સાધ્ય કરવામાં આવ્યું છે, ૩૩ ટકા સભ્યો મહિલા છે, ૪૦ ટકા અન્ય પછાત વર્ગો છે, ૧૯ ટકા અનુસૂચિત વર્ગ/અનુસૂચિત જનજાતિ અને લઘુમતી સમુદાયના છે.

કોંગ્રેસ ટૂંક સમયમાં ગ્રામ્ય સ્તરે પાર્ટીને મજબૂત બનાવવા અને મંડળો, ક્ષેત્રો અને ગ્રામ સમિતિઓની સ્થાપના કરીને તેના કાર્યક્રમોનો અમલ કરવા માટે એક માળખું બનાવશે, એમ તેમણે જણાવ્યું હતું. અમે ચૂંટણી, તાલીમ અને આઉટરીચ વિભાગો સ્થાપવાની પ્રક્રિયામાં પણ છીએ, એમ તેમણે ઉમેર્યું હતું કે કોંગ્રેસના ફ્રન્ટલ સંગઠનોને પણ મજબૂત બનાવવાની જરૂર છે. ■

# પૃથ્વીરાજ ચવ્હાણ અને જિતેન્દ્ર આવ્હાડની 'સનાતની આતંકવાદી' ટિપ્પણીથી વિવાદ ભડકેલા ભાજપનો પલટવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણ દ્વારા 'ભગવા આતંકવાદ'ને બદલે 'સનાતની અથવા હિન્દુ આતંકવાદી' શબ્દનો ઉપયોગ કરવાની ટિપ્પણી અને એનસીપી (એસપી)ના નેતા જિતેન્દ્ર આવ્હાડના 'સનાતની આતંકવાદ' શબ્દના ઉપયોગથી મહારાષ્ટ્રમાં નવો વિવાદ શરૂ થયો છે, જેની ભાજપે આકરી ટીકા કરી છે.

આ બધા વચ્ચે એનસીપી (એસપી)ના અન્ય નેતા રોહિત પવારે રવિવારે મહાત્મા ગાંધીના હત્યારા, નાથુરામ ગોડસે અને પહલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો વચ્ચે સમાનતા દર્શાવતાં વિવાદ વધ્યો છે.

૨૦૦૮ના માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં એનઆઈએ કોર્ટે તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા બાદ ગુરુવારે મીડિયાને સંબોધતા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચવ્હાણે કહ્યું, 'હું વિનંતી કરું છું કે, 'ભગવા આતંકવાદ' શબ્દનો ઉપયોગ ન કરો. જો તમારે કહેવું જ પડે, તો 'સનાતની આતંકવાદી' અથવા 'હિન્દુ આતંકવાદી' કહો.' જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદનો કોઈ જાતિ કે ધર્મ હોતો નથી. ચવ્હાણના મંતવ્યને સમર્થન આપતા, આવ્હાડે શનિવારે કહ્યું હતું કે 'સનાતની આતંકવાદને સ્વીકારવો જ જોઇએ.'

'આ કોઈ તાજેતરની ઘટના નથી; તે પ્રાચીન સમયથી અસ્તિત્વમાં છે,' એમ આવ્હાડે એક્સ પર પોસ્ટ કરીને વિવિધ ઐતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો જ્યાં તેમના મતે, વિચારકો અને સમાજ સુધારકોને 'સનાતની આતંકવાદીઓ' તરીકે વર્ણવેલા લોકો દ્વારા સતાવણી કરવામાં આવી હતી.

'જેમણે ભગવાન બુદ્ધને હેરાન કર્યા, બૌદ્ધ સાધુઓની હત્યા કરી, છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકનો વિરોધ કર્યો અને છત્રપતિ સંભાજી મહારાજ વિરુદ્ધ કાવતરું ઘડ્યું તે બધા સનાતની આતંકવાદી હતા,' એમ આવ્હાડે આરોપ લગાવ્યો હતો.

'પવાર અને આવ્હાડની હિન્દુ દ્વેષ અને તુષ્ટિકરણની રાજનીતિ અટકવાનું નામ નથી લેતી. તેઓ જે ઉદાહરણો આપે છે તેને હિન્દુ સમુદાય સમર્થન આપતો નથી. હકીકતમાં, તે લોકોને ગુનેગાર માનવામાં આવતા હતા. આવ્હાડ જ હતા જેમણે એક સમયે ઇશરત જહાં જેવા આતંકવાદીઓને સાથ આપ્યો હતો. શું તમે બાટલા હાઉસ ભૂલી ગયા છો, જ્યાં આતંકવાદીઓ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા અને સોનિયા ગાંધી રડતા હોવાનો પ્રચાર થયો હતો?' એમ ઉપાધ્યાયે એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું. ■

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**વિશા શ્રીમાળી પાટણ જૈન**

પાટણ શાંતિનાથની પોળના નિવાસી હાલ અંધેરી મુંબઇ સ્વ. મંજુલાબેન કાંતિભાઇ શાહના સુપુત્ર હિતેનભાઇ (ઉં.વ.૫૮) તે અલ્પાબેનના પતિ. આલાપના પિતા. હેતાના સસરા. સ્મિતાબેન સુરેશભાઇ શાહ, સ્વ. હર્ષાબેન, સ્વ. ઇલાબેન વિપુલભાઇ શાહ, સ્વ. કલ્પનાબેન, હિમાબેન પરેન્દ્રભાઇ શાહ, પંકિતાબેન મુકેશભાઇ શાહ, ભાવનાબેન જયેશભાઇ શાહ, પારુબેન વિપુલભાઇ શાહના ભાઇ. સ્વ. હંસાબેન વિનોદભાઇ પરીખના જમાઇ. જયેશભાઇ જિગીષાબેનના બનેવી તા. ૨-૮-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૪-૮-૨૫ સોમવારે સવારે ૧૦થી ૧૨. ઠે. મેયર હોલ, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુલેન, અંધેરી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના શ્રી કાનજી મઠુ વોરા (ઉં.વ. ૭૮) તા. ૧-૮ના અરિહંતશરણ પામેલ છે. હીરબાઈ મઠુ પાંચારીયાના પુત્ર. ભાનુબેનના પતિ. બીપીન, રીના, રીટા, જીતેનના પિતાશ્રી. સ્વ. વસનજી, સ્વ. લીલબાઈ, સાડાઉ ભાણબાઈ કુંવરજી, છસરાના અમૃતબેન પ્રેમજી, ગંગાબાઈ ભવાનજીના ભાઈ. સાડાઉ મણીબેન પ્રેમજી દના ગાલાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, સ્ટેશન રોડ, દાદર (ઈ). ટા.૨ થી ૩.૩૦.

વિંઝાણના હીરજી પાસુ રાંભીયા (ઉં.વ. ૮૮) તા. ૨-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સોનબાઈ પાસુના સુપુત્ર. સ્વ. લીલાવંતીબેનના પતિ. ભરત, પ્રવિણા, જાગૃતી, દક્ષા, સ્વ. મીનાના પિતા. કાનજી, મણીબેન, લીલાવંતી, નિર્મળાના ભાઈ. ચાંગડાઈ ઉમરબાઈ પરબત નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હીરજી રાંભીયા, પુષ્પક બિલ્ડીંગ/બી, ફ્લેટ નં. બી ૨, રોડ નં. ૪, સાંતાક્રુઝ (પૂ.).

મંજલ રેલડીયાના એડ. નરેન્દ્ર લીલાધર ગડા (ઉં.વ. ૯૬) તા. ૩૧-૭-૨૦૨૫ ના અવસાન પામેલ છે. માતુશ્રી લાધીબાઇ લીલાધર ગડાના સુપુત્ર. વીઢ માતુશ્રી લાધીબાઈ ચનાભાઈ દેવશી નાગડા અને ડુમરા રતનબેન વાલજી ગોવિંદજી મારૂના જમાઇ. શીલાબેન, ડો. કસ્તુરબેનના પતિ. મણીલાલ, મિલન, હિરેન, વર્ષાના પિતા. હંસરાજ, ભરત, જયંત, ભાનુબેનના ભાઇ. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સં. સં. શ્રી કરસન લઘુભાઇ નિસર હોલ, ૧ લે માળે, દાદર (વે). ૨ થી ૩.૩૦.

સાડાઉના સરોજબેન (સરલા) પ્રેમજી ગાલા (ઉં.વ. ૭૦) તા.૧-૮-૨૫ ના અવસાન પામેલ છે. ઝવેરબેન ડુંગરશીના પુત્રવધુ. પ્રેમજીના પત્ની. ભુમેશ, દિપ્તીના માતા. ધનબાઈ વિશનજીના પુત્રી. પરેશ, જેવંતી ભાવના, કિરણ, હર્ષા, વનિતા, ગીતાના બેન. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી ટા.૪ થી ૫.૩૦.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ મલાડ સ્વ. સુભદ્રાબહેન શાંતિલાલ મસાલીયાના પુત્ર. અર્જુનભાઈ મસાલીયા (ઉં.વ. ૭૭) તે ૩૧/૭/૨૫ના રોજ અરીહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ધુંટુ નિવાસી (હાલ રાજકોટ) શાસ્ત્રી માર્કંડરાય નર્મદાશંકર પંડ્યા (ઉં.વ. ૮૫), તે સ્વ. નર્મદાશંકર પંડ્યાના પુત્ર. સ્વ. સુશિલાબેન માર્કંડરાય પંડ્યાના પતિ. પ્રકાશભાઇ, વિજયભાઈ, અ.સૌ. પ્રજ્ઞાબેન, અ.સૌ. રોહિણીબેનના પિતા. અ.સૌ. વર્ષાબેન, અ.સૌ. પુનમબેન, વિનયભાઈ તથા દેવેનભાઈના સસરા. કામાક્ષી, નિધિ, કપિલ, માનસી, કશ્યપ તથા યેશાના દાદા. દ્રષ્ટિ, કલા તથા મહિમનના નાનાજી, શનિવાર તા. ૨/૮/૨૫ના કૈલાસવાસી થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૪/૮/૨૦૨૫ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન રાધાકૃષ્ણ મંદિર હોલ,અક્ષરનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

**ખંભાતી વીસા લાડ વણિક**

નિરંજના (ઉં. વ. ૮૬) તે વિનોદ રતિલાલ ગાંધીના ધર્મપત્ની. તે ગૌરાંગ, બિમલ તથા હિમાંશુના માતુશ્રી. સોનલ તથા પ્રજ્ઞાના સાસુશ્રી. તે સ્વ. પ્રાણલાલ મગનલાલ વખારીયાના પુત્રી. તે વત્સલ અને સુકેતુના દાદીમા. વૈદેહીના દાદી સાસુ. મિશકાના વડદાદી તા. ૨-૮-૨૫ શનિવારના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન જેઠમલ રૂપારેલ ગામ વાંકુવાળા (હાલ મુલુંડ)ની સુપુત્રી ભારતીબેન (ઉં. વ. ૭૭) તા. ૨ ઓગસ્ટ ૨૫ શનિવારના રામશરણ પામેલ છે. સ્વ. પ્રતાપભાઇ, રમેશભાઇ, સ્વ. હરીશભાઇ ને સરલાબેન સુરેશભાઇ તન્નાના બેન. મંજુલાબેન, સ્વ. સુશીલાબેનના નણંદ. મહેશના ફઇ, સ્વ. નીલમ તન્નાના માસી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

પારડી નિવાસી હાલ મુંબઇ સંજીવ અરવિંદચંદ્ર જોશી (ઉં.વ. ૫૭) તે સ્વ. અરવિંદચંદ્ર જમિયતરામ જોશી તથા સ્વ. નિર્મળાબેન અરવિંદચંદ્ર જોશીના સુપુત્ર. રાજીવભાઇના નાના ભાઇ. નેહાના પતિ. દ્રષ્ટિ અને આદિત્યના પિતા. ભવિતાના દીયર. સૌરભ અને ચિંતનના કાકા. રશ્મિના કાકા સસરા. ઇન્દ્રવદન રામચંદ્ર ઓઝા (કરમબેલે)ના જમાઇ શનિવાર તા. ૨-૮-૨૫ના દેહ છોડી દેવલોક પામ્યા છે. ઠે. મુંબાદેવી કો.ઓ.હા. સોસાયટી, ૨જે માળે, રૂમ. નં.૧૩, કાકડવાડી, ખાડીલકર રોડ, મુંબઇ-૪૦૦૦૦૪.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વરાડીયા હાલ ડોમ્બિવલી નિવાસી મહેક અરવિંદ ઠક્કર (દનાણી) (ઉં. વ. ૨૯) તા. ૨-૮-૨૫ શનિવારના રામશરણ પામેલ છે. તે સૌ. અરુણાબેન અરવિંદ પ્રેમજી ઠક્કર (દનાણી)ના પુત્ર. તે સૌ. શીતલ ચિંતન ઠક્કરના દિયર. તે શનિ ઠક્કરના ભાઇ. તે કલાબેન કિશોરભાઇ ઠક્કર હાલ અમરાવતી તથા અનિલભાઇ અને અતુલભાઇના ભત્રીજા. તે સ્વ. લક્ષ્મીબેન શામજી મડીયાર કચ્છ ગામ બરંદાના દોહીત્ર. તે સ્વ. મુલરાજભાઇ, સ્વ. સુરેશભાઇ, ગોપાલભાઇ, સ્વ. જયોતિબેન મહેશકુમાર ગણાત્રા. સ્વ. વસંતબેન મંગલદાસ ભીમસોતા તથા ગં. સ્વ. પ્રતિમાબેન ડોલરભાઇ જોબનપુત્રાના ભાણેજ. સદગતની પ્રાર્થનાસભા સોમવાર તા. ૪-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેરરોડ, મુલુંડ (વેસ્ટ)માં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

મૂળ ગામ સાવરકુંડલા, હાલ કલ્યાણના સ્વ. રસિકલાલ નારાયણદાસ મશરૂના ધર્મપત્ની રસિલાબેન (ઉં.વ. ૮૪) શનિવાર તા. ૨-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પુરુષોત્તમદાસ નાગજી પોપટ (ભાવનગર)ના દીકરી. તે તુષારભાઈ, પરેશભાઈ, પ્રીતિબેન ના મતોશ્રી. પુનમબેન, રચનાબેન, કમલેશકુમાર ભીમજીયાણીના સાસુ. તે રસિકભાઈ, હર્ષદભાઈ, સુરેશભાઈ, ચંદ્રિકાબેનના બેન. તે સ્વ. ગૌરીબેન, સ્વ.કાંતાબેન, સ્વ.હરિબેન, સ્વ.રમાબેનના ભાભી. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૪-૮-૨૫ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦ શ્રી લોહાણા મહાજનવાડી, કલ્યાણ-વેસ્ટ માં રાખેલ છે.

**પરજીયા સોની**

મુળ ગામ ભાતેલવાળા હાલ મુંબઈ નિવાસી સ્વ. મનસુખલાલ ખીમજીભાઇ વાયા (ઉં.વ. ૭૮) તા. ૧/૮/૨૫ ને શુક્રવારના શ્રીજી ચરણ પામ્યા છે, તેઓ જયાબેનના પતિ તથા તેઓ મનીષભાઇ, સંદીપભાઈ, શીતલબેનના પિતાશ્રી. બીનાબેન હેમલકુમારના સસરા. મિશા, યશ, મીખીલ, રિધાનના દાદા. જયના નાના. ગઢડાવાળા કાનજીભાઈ રામભાઈના જમાઈ તા. ૪/૮/૨૫ સોમવાર સમય સાંજે ૪:૦૦ થી ૬.૦૦ ઠે. એસપી ઑડિટોરીયમ, લક્ષ્મીનારાયણ મંદિરની બાજૂમાં, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**દશા શ્રીમાળી વણિક**

તળાજા નિવાસી હાલ મુલુંડ, નરેશભાઈ તથા જાગૃતિબેનના સુપુત્ર રોહન (ઉં.વ. ૩૮) શ્રીજીચરણ પામેલ છે. સ્વ. નવીનચંદ્ર કાલિદાસ મેહતા અને ગં. સ્વ. મંજુલાબેનના પૌત્ર ચિ. કરણ - એકતા, નીલ - નેહલના મોટાભાઈ. ગં.સ્વ. પ્રેમિલાબેન રણજીતકુમાર મેહતાના દોહિત્ર. સંજયભાઈના ભાણેજ. સ્વ. અનિલભાઈ, ચારુબેન, પ્રીતિબેનના ભત્રીજા. પ્રાર્થનાસભા સોમવાર તા. ૪/૮/૨૫ના સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી પરમેશ્વરી હોલ, પહેલા માળે, ફૈડેક્સની ઉપર, અચીજા પાસે, મુલુન્ડ વેસ્ટ મુકામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

ગોંડલ નિવાસી, હાલ વસઈ કૃષ્ણરાજ પાલેજા (ઉં.વ. ૭૫) સ્વ. ગીરધરદાસ તથા સ્વ. માલવંતી ગોકલદાસ ગોરધનદાસ પાલેજાના પુત્ર. તે જ્યોત્સ્નાબેનના પતિ. ધોલવાડા ખટાઉભાઈ વસંતજી ઉદેશીના જમાઈ. સ્વ. હરિદાસ, મહેશ, ગં. સ્વ. ઉર્મિલાબેન વિજયભાઈ ઉદેશી, ભારતીબેન મહેશભાઈ ઉદેશી, પ્રતિમાબેન કૃષ્ણરાજ સંપટ, રીટાબેન રાકેશ કોન્ટ્રાક્ટરના ભાઈ. તે જીગરના પિતા. કવિતાના સસરા. તેઓ તા. ૨-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવારના તા. ૪-૮-૨૫ના સાંજે ૫ થી ૭. સરનામું : સમાજ ઉન્નતિ મંડલ સભાગૃહ, માણિકપુર, પેટ્રોલપંપ ની સામે, ગુજરાતી સ્કૂલની બાજુમાં, વસઈ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે. દેહદાન કરેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

લાખ્યાની નિવાસી હાલ બોરીવલી સ્વ. સુરજબેન વેલજીભાઇ ચાવડાના પુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૬૯) તે ૨/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે શોભનાબેન (શિલ્પાબેન)ના પતિ. લાભુબેન સુખલાલ રાઠોડના જમાઈ. દીપેક્ષા વીરેન્દ્રકુમાર તથા અમિષના પિતા. સ્વ. મનસુખભાઇ, ચંદ્રકાન્તભાઈ, મુકેશભાઈ, સ્વ. ઇલાબેન મહેન્દ્રભાઈ પરમારના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૪/૮/૨૫ના ૪ થી ૬ કલાકે પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# આજે કળિયુગમાં પ્રાસંગિક હોય એવાં ક્યાં વ્રત રાખી શકાય?



## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

બાપ ! ભગવાન રામેશ્વરની અહેતુ કરુણાથી ફરી એક વાર વર્ષો પછી રામેશ્વરની આ ઉત્તમ ધરતી પર, આ પરમ ધામમાં નવ દિવસીય રામકથાનું આયોજન થયું અને આજથી આપણે તેના શ્રી ગણેશ કરી રહ્યાં છીએ. આપ સૌનું કથામાં સ્વાગત છે. આપ સૌને વ્યાસપીઠ પરથી મારા પ્રણામ અને જય સીયારામ. મારી જાણકારી બરાબર હોય તો કદાચ ૧૯૮૧માં અહીં રામકથા યોજાઈ હતી. એ પછી ૧૯૯૬ના ડીસેમ્બરમાં કથા થઈ હતી, જે ૧૯૯૭ના જાન્યુઆરીમાં પૂરી થઈ હતી. આ કથાનો મુખ્ય વિષય રહેશે-'માનસ-સેતુ'.

હું 'માનસ-સિયા' કથા જે બિહારમાં થઈ, ત્યાં પણ કહી રહ્યો હતો કે માણસે, ખાસ કરીને યુવાવર્ગે ચાર વ્રત રાખવાં જોઈએ. મારું કોઈ દબાણ નથી. હું કંઈ વ્રત પકડાવવા નથી આવ્યો, પરંતુ આ વ્યાસપીઠ પર આટલી શ્રદ્ધા રાખો છો તો હું આપને કહી શકું; માનવું કે ન માનવું એ તમારી મરજી. એકાદશીનું વ્રત કરો, જરૂર કરો. શિવરાત્રીનું વ્રત કરો, જરૂર કરો. અને જેટલા જપ કરો એ પણ સારી વાત છે. આ પારાયણ કરતા હો તો એ કરો; જરૂર આપ જે જે કરતા હોય તે કરો. એમાં મારી બહુ જ પ્રસન્નતા છે અને શુભકામના છે, પરંતુ આજે કળિયુગમાં પ્રાસંગિક એવા વ્રતો કયા કયા છે? આજના જમાનામાં જ્યારે આપણે જીવી રહ્યા છીએ ત્યારે કયા વ્રત પ્રાસંગિક છે? આજે જ્યારે દિલ-દિલમાં સેતુ નથી; મન-મનમાં સેતુ નથી; માનવ -માનવ વચ્ચે સેતુ નથી; બધા જ્યારે ભિન્ન સેતુ છે ત્યારે ક્યા વ્રત પ્રાસંગિક છે?

'માનસ'માં એક શબ્દ છે 'નૃપસેતુ'. કોઈ એવા નૃપ કે જે રાજા જ નહીં, પરંતુ કોઈ એવી ચેતનાની જરૂર છે, જે એવો સેતુ નિર્મિત કરી દે, જ્યાં કીડી પણ પસાર થઈ શકે અને હાથી પણ ચાલી શકે. કોઈને રોકટોક ન હોય.

તો, મારાં યુવાન ભાઈઓ-બહેનો, બધાંએ ચાર વ્રતો કરવાં.પહેલા મેં બે વ્રત બતાવ્યાં હતાં; બે આજે બતાવી રહ્યો છું. એ વખતે 'માનસ-સિયા' કથાના પ્રવાહમાં સીતામઢી ધામમાં બે વ્રત કહ્યા હતા. એક કહ્યું હતું મૌનવ્રત. મૌનવ્રત બહુ જ સારી વસ્તુ છે, ખૂબ મહિમાવંત છે. આપ કહેશો કે બાપુ, અમારે ભણવાનું છે, અમારે નોકરી કરવાની છે, ખેતી કરવાની છે, વેપાર કરવાનો છે, ઘર સંભાળવાનું છે; અમારા પત્ની-બાળકો એ બધા છે; તો મૌનવ્રત કેવી રીતે રાખવું ? હા, જો દિવસે મૌન ન રાખી શકો તો કમ સે કમ રાતે મૌન રહો. ઘણા લોકો રાતે બોલતા હોય છે, નીંદરમાં પણ બોલતા હોય છે! કમસેકમ એ વખતે મૌન રહો. મૌનવ્રતની ટેવ પાડો. મૌન ખૂબ જ શક્તિ, ખૂબ જ ઊર્જા પ્રદાન કરે છે. હું આપને અનુભવ સાથે કહું કે મૌનવ્રત માણસના શરીરને કમજોર નથી થવા દેતું... આ મારો અનુભવ છે. શરીરની એક મર્યાદા અવશ્ય છે કેમકે એ પંચભૂતનું પૂતળું છે. એમાં એક એક તત્ત્વ થોડું કમજોર હોય તો બોડી પર એની અસર થશે. પરંતુ મૌનવ્રત બધાની પૂર્તિ કરશે, ઘણી પૂર્તિ કરશે. મૌન રહેવાથી તમે શબ્દો જ બચાવી રહ્યા છો એવું નથી, આખા શરીરને સંરક્ષણ આપી રહ્યા છો. આપણે એટલું બધું બોલ બોલ કરીને શરીરનું નુકસાન કરી રહ્યા છીએ સાહેબ! કેવળ શરીરશાસ્ત્ર માટે પણ મૌન રાખો. અધ્યાત્માની વાત જવા દો. પરંતુ બહુ મુશ્કેલ છે.

તો, જેટલું થઈ શકે, જયારે થઈ શકે, મૌનવ્રત રાખો. તમારા મનથી પરિવારમાં અશાંતિ ન સર્જાવી જોઈએ. પ્રેક્ટીકલ બનીને મૌન રહો. એટલા માટે જ મેં બીજું વ્રત જોડ્યું છે મુસ્કાનવ્રત. મૌન સાથે મુસ્કુરાહટ જળવાઈ રહે એ જરૂરી છે. તમે બોલો તો રામની માફક પહેલા મુસ્કુરાઈને બોલો. જો આપણાથી એવું ન થઈ શકે તો કમસેકમ મૌન રહો ત્યારે તો મુસ્કુરાઓ. મૌનમાં મુસ્કુરાહટ હોવી જોઈએ. બોલવામાં તો મુસ્કુરાહટ કદાચ ન પણ રહે, ચાલો. રામ તો પહેલાં મુસ્કુરાતા જ હતા; પછી બોલતા હતા.

તલગાજરડા ને ત્રીજું વ્રત બહુ જ જરૂરી જણાય છે એ છે મહેમાનવ્રત. એક એવું વ્રત રાખો કે હું આ પૃથ્વી પર મહેમાન છું. એક મહેમાન કોઈને ઘેર જાય છે તો એ જો શીલવંત મહેમાન હશે તો એ જે ઓરડામાં રહે તે ઓરડાને નુકસાન નહીં કરે; એને નુકસાન નહીં કરે. જેમના ઘેર ઉતર્યા હશે એમને આનંદ થશે કે આ મહેમાન ફરી આવે તો સારું. એવા મહેમાન પોતાનું શીલ, પોતાનો વિવેક, પોતાની મર્યાદા ક્યારેય નહીં છોડે. પરમાત્મા કરે, ઉપનિષદએ જણાવ્યા મુજબ, સૌને ૧૦૦ વર્ષનું આયુષ્ય મળે, પરંતુ એક માનસિકતા બનાવી રાખો કે આપણે આ પૃથ્વી પર મહેમાન છીએ. પૃથ્વીને ગંદી ન કરીએ. પૃથ્વીને નુકસાન ન કરીએ. એને એમ થાય કે આ મહેમાન પૃથ્વી પર વારંવાર આવે. તે વારંવાર આવે; અમારા ઘેર રહે. એવું મહેમાનવ્રત હોવું જોઈએ. એ મજાનું વ્રત છે. એમાં બીજું કંઈ કરવાનું નથી. અને મહેમાન જ્યારે કોઈને ઘેર રહે તો એ દિલથી રહે છે. ઘરમાં દિલથી રહો, હૃદયથી રહો. પૃથ્વી પર, પોતાના ગામમાં, પોતાના પરિવારમાં, મિત્રો સાથે પ્રસન્નતાથી રહો, પરંતુ મહેમાનવૃત્તિનું એક વ્રત રાખો. નવ દિવસ છે. દસમે દિવસે રવિવારે તો કથા પૂરી કરીને નીકળી જશું. નવ દિવસ આપણે એન્જોય કરીએ. અસ્તિત્વ એવું છે કે આ મહેમાન વારંવાર આવે; જેમણે આપણને ઈજ્જત આપી છે એવો કોઈ માણસ પૃથ્વી પર વારંવાર આવે.

તો આ ત્રીજું વ્રત છે મહેમાનવ્રત અને ચોથું વ્રત રામેશ્વરમની ભૂમિમાં કહું, મહેરબાનવ્રત. हरि तुम बहुत अनुग्रह कीन्हो। એની રહેમત ને એક પળ માટે પણ ન ભુલો. તું મહેરબાન; તારી મહેરબાની ન હોય તો અમે કંઈ ન હોત ! આને હું કહીશ મહેરબાન વ્રત. કોણ છે મહેરબાન? એ પરમાત્મા. કોણ છે ઈશ્વર? જે રહેમત કરનારા છે. આપ સૌ આ સંસારમાં એટલા બધા વ્યસ્ત છો; સંસારમાં સૌને ઘણી બધી મુશ્કેલીઓ હશે તેમ છતાં પણ રામકથામાં સમયનો સદુપયોગ કરો છો.

કેવળ કૃપાથી લોટરી લાગી ગઈ છે. આપ વિચારો; આપણા કર્મો જોઈએ તો એવું નથી લાગતું કે આપણે મનુષ્ય બની શકીએ. તો, અત્યારે આ ચાર વ્રતો મગજમાં આવ્યા છે.ગાંધીજીએ અગિયાર વ્રતો આપ્યાં હતા, મારે આવાં સીધાં-સાદાં વ્રતો આપવા છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

## મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# વંદે જગત કારણમ્



કારણ એટલે અસ્તિત્વ પાછળનું મુખ્ય પરિબળ. કારણ એટલે ઘટીત થતી સર્વ ઘટનાઓનો આધાર. કારણ એટલે સર્જન માટેની શક્તિ. કારણ એટલે દરેક પરિસ્થિતિને નિયમબદ્ધ રાખનાર નિયંતા. કારણ એટલે સર્જન, સ્થિતિ તથા પ્રલય પાછળ રહેલો નિર્વિકલ્પ સંકલ્પ. કારણ એટલે મૂળભૂત પરિકલ્પના જેને આધારે પ્રત્યેક ઘટના ઘટીત થાય. આ કારણ વિના જગતનું અસ્તિત્વ જ સંભવી ન શકે. જગતના તે કારણે વંદન છે.

જગતમાં જે રીતે નિયમબદ્ધતા જોવા મળે છે, જગતની દરેક બાબતનું જે રીતે ઝીણવટ ભર્યું વિગતિકરણ થયું છે, જગતમાં વિવિધતા વચ્ચે જે રીતે એકસૂત્રતા સ્થાપિત થઈ છે, જગતના નિયમો વચ્ચે જે પરિસ્થિતિમાં અપવાદ ઊભરે છે, જગતમાં જે પ્રકારે સંતુલન જળવાયેલું રહે છે અને જગતમાં જે પરસ્પરનો સહકાર, સુ-સંવાદિતતા, સંકલન અને સુંદરતા સ્થાપિત થઈ છે તેની પાછળ કોઈ ઐશ્વરિય ઉદ્દેશ હોવો જોઈએ - આ ઐશ્વરિય ઉદ્દેશના સ્થાપક અને પાલક એટલે જ ઈશ્વર. આ ઈશ્વર એટલે જગતનું કારણ.

જગત એક આકસ્મિક ઘટના નથી. જગત સ્વયંભૂ નથી. પ્રત્યેક સર્જનની માટે સર્જક હોવો જરૂરી છે અને તેથી જ જગતના અસ્તિત્વ માટે ઈશ્વર જરૂરી છે. જડ જગત ક્યારે સ્વયંચલિત ન થઈ શકે. જે અસ્તિત્વ સંપૂર્ણતામાં સ્થૂળ હોય તેનો વિકાસ સંભવ નથી. ચૈતન્યની હાજરી થકી જ પરિસ્થિતિ વિકસી શકે, નષ્ટ થઈ શકે અને પુનઃ પ્રગટ થઈ શકે. આ ચૈતન્ય એટલે જ ઈશ્વર, જે આ સમગ્ર પ્રક્રિયામાં તે જ કારણ સ્વરૂપ હોય છે.

જગત નિયમાધીન છે. આ નિયમોના આધાર તરીકે કોઈ વ્યવસ્થિત વિચારધારા કાર્યરત છે. અહીં કારણ-કાર્યની શૃંખલા નિર્ધારિત થયેલી છે. દરેક કારણ ચોક્કસ પ્રકારના કાર્યમાં રૂપાંતરિત થાય છે અને દરેક કાર્ય, સામાન્ય સંજોગોમાં, નવા કારણનું કારણ બને છે. કારણ વગર કાર્યનું અસ્તિત્વ સંભવ નથી, કાર્ય વગર કારણની પુનઃ સ્થાપના શક્ય નથી. આ એક દ્રઢ નિયમ જગતમાં પ્રવર્તમાન છે. જ્યારે કોઈ નિયમ આવી દ્રઢતાથી સ્થાપિત થયેલ હોય ત્યારે તે નિયમના અનુશાસન માટે કોઈ સર્વ શક્તિમાન શક્તિની હાજરી કારણભૂત હોય. આ શક્તિ એટલે જ ઈશ્વર. જગતના અસ્તિત્વ પાછળનું મૂળ કારણ ઈશ્વરનો નિર્વિકલ્પ સંકલ્પ જ છે.

જગતના વર્તનમાં ક્યાંક અપવાદ પણ જોવા મળે છે. અપવાદ એટલે કોઈ નિયમની બહારનો વિસ્તાર. આ અપવાદ માટેના પણ નિયમો છે. જગતમાં આકાર લેતા અપવાદ આકસ્મિક છે એમ ન કહેવાય. કયા નિયમ સાથે કેવા પ્રકારનો, કેટલી માત્રામાં, કયાં કારણોસર, કોને કેન્દ્રમાં રાખીને, કેવા સંજોગોમાં અપવાદ ઊભો કરી શકાય તે માટે વિશેષ નિયમો અસ્તિત્વમાં હોય તેમ પ્રતીત થાય છે. રોજિંદી ક્રિયામાં જેમ નિયમ કાર્યરત હોય તેમ અપવાદ માટે પણ ચોક્કસ નિયમો લાગુ પડતા હોય છે. પ્રકાશ માટેનાં કારણો છે અને અંધકાર માટેના પણ. પ્રકાશ તેમ જ અંધકાર, નિયમ તેમજ અપવાદ, બંનેના નિયંતા, બંનેના કારણ સ્વરૂપ તે ઈશ્વર છે.

આ ઈશ્વર એટલે જ મહાદેવ જેમની ભોળાનાથ, શિવ શંભુ, શંકર, ભક્ત વત્સલ, ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઈશાન, ત્રિલોકેશ, ત્રિપુરારી, જટાધરાય, કૈલાસવાસી, કપાલિની, ત્રિનેત્ર જેવા અનેક નામ-વિશેષણથી સ્તુતિ થાય છે. ઈશ્વર એટલે જે સૌથી સૂક્ષ્મ હોવા છતાં સૌથી વિરાટ છે, સૌથી તરુણ હોવા છતાં સૌથી વૃદ્ધ છે, સૌની નજીક હોવા છતાં દ્રશ્યમાન ન જણાય તેવું કારણ. જગતના આ કારણ સ્વરૂપ ઈશ્વરને વંદન હો.

જે ધર્મ સાથે સ્થાપિત થયેલો ધર્મ છે અને આવા ધર્મની સ્થાપના માટે છે કટિબદ્ધ છે, જે જ્ઞાનની ચરમસીમા કક્ષાનું જ્ઞાન છે, જે સત્ય પાછળનું સત્ય છે, ભક્તિના ફળના જે અનુદાતા છે, જે પવિત્રતા પામવા કરાતાં કર્મોના ફળ દાતા છે, જે અહીં તહીં સર્વત્ર છે, જે ભૂત ભવિષ્ય વર્તમાન છે, જેની અંદર બધું જ સમાયેલું છે છતાં પણ જે બધાથી પર છે, સાક્ષીભાવની યથાર્થતા માટે જે સાક્ષી છે - તે સર્વનું કારણ છે, તે કારણનું પણ કારણ છે. તે સદા વંદનીય છે.

જગતનું સર્જન, પાલન પોષણ અને સંહાર તેને આધીન છે. જગતનું વૈવિધ્ય તેની રસિકતાને કારણે છે. જગતની એકસૂત્રતા તેના નિયમોને આધીન છે. જગતની સુંદરતા તેમનાથી ઉદ્ભવી છે અને જગતમાં જે રૌદ્ર સ્વરૂપ વર્તાય છે તેનો આધાર પણ તે જ છે. જગતમાં ધર્મ અને સત્યની જે સત્તા પ્રવર્તે છે તેની પ્રેરણા મહાદેવ છે અને સાથે સાથે અધર્મ અને અસત્યનું અસ્તિત્વ પણ તેમના દ્વારા જ નિર્ધારિત થયેલ કોઈ કારણને આધારે છે.

ઈશ્વરની અધ્યક્ષતાને કારણે વરસાદ વરસે છે, વૃક્ષ ફળ આપે છે, પક્ષીઓ કલરવ કરે છે, પ્રાણી પોતાના નિમિત્ત કર્મમાં સંલગ્ન રહે છે, અવકાશી ગોળાઓ પોતાની મર્યાદામાં રહીને ગતિ કરે છે, ચંદ્ર શીતળતા તો સૂર્ય ગરમી દ્વારા આશીર્વાદ વરસાવે છે, શીતળ-મંદ પવનની પ્રતીતિ થાય છે, સમુદ્રમાં ભરતી આવે છે અને પછી ઓટ આવે છે અને એમ ભરતી-ઓટનું ચક્ર ચાલ્યા કરે છે, જે જન્મે છે તે મૃત્યુ પામે છે અને મૃત્યુ પામેલ નવો દેહ ધારણ કરે છે. ઈશ્વરની અધ્યક્ષતાને કારણે કર્મના સિદ્ધાંતો કાર્યરત રહે છે, ન્યાયની સત્તા પ્રવર્તમાન રહે છે, કુદરત જેવા સાથે તેવો વ્યવહાર કરે છે અને આ બધા સાથે જગતમાં જાણે એકરાગતા છે. એમ જણાય છે કે જગતના બધાં જ મણકા ઈશ્વર નામના એકસૂત્રમાં પરોવાયેલા છે. ઈશ્વર છે એટલે બધું જેમનું તેમ રહી શકવાનું કારણ. શ્રાવણ મહિનાના પવિત્ર દિવસે આ કારણને વંદન હો. ■

# સાત ચક્રોનું શું છે મહત્ત્વ?

## અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

સામાન્ય રીતે વ્યક્તિ આ ચક્રો, પિંડસ્થ અને બ્રહ્માંડસ્થ ચેતનાનાં સ્તરો અને તેમની એકતા અંગે સભાન હોતી નથી. કુંડલિની શક્તિનું જાગરણ થાય અને આ શક્તિ જેમ જેમ ચક્રો ભેદતી ભેદતી ઊર્ધ્વગામી બનતી જાય છે તેમ તેમ સાધકમાં આ સભાનતા વિકસતી જાય છે.

નાડીની જેમ ચક્રો પણ સૂક્ષ્મ શરીરમાં છે તેથી તેઓ ઈન્દ્રિયગમ્ય નથી પરંતુ અનુભવગમ્ય છે.

હવે આપણે આ સાતે ચક્રો વિશે વિગતે વિચાર કરીએ.

### ૧. *મૂલાધાર ચક્ર*

(૧) **ચક્રસ્થાન** - ગુદાથી બે આંગળ ઉપર અને ઉપસ્થમૂલથી બે આંગળ યોનિ સ્થાન છે. તેમાં આ ચક્રનું સ્થાન છે.

(૨) **આકૃતિ** - લાલ રંગના પ્રકાશથી ઉજ્જવળ થયેલ ચાર પાંખડીવાળા કમળ જેવી આકૃતિ છે.

(૩) **વર્ણ (અક્ષર)** - ચારે પાંખડીઓ પર વં, શં, ષં, સં - આ ચાર વર્ણોમાંથી એકએક વર્ણ લખેલ છે.

(૪) **તત્ત્વસ્થાન** - ચતુષ્કોણ આકૃતિવાળા પૃથ્વી તત્ત્વનું મુખ્ય સ્થાન છે.

(૫) **તત્ત્વબીજ** - લં તત્ત્વબીજ છે.

(૬) **તત્ત્વબીજની ગતિ** - ઐરાવત હાથીની જેમ સામેની તરફ ગતિ છે.

(૭) **ગુણ** - ગંધ ગુણ

(૮) **વાયુસ્થાન** - નીચેની તરફ ગતિવાળા અપાન વાયુનું સ્થાન છે.

(૯) **જ્ઞાનેન્દ્રિય** - ગંધ તન્માત્રામાંથી ઉત્પન્ન થનાર સુંઘવાની શક્તિ ઘ્રાણેન્દ્રિનું સ્થાન છે.

(૧૦) **કર્મેન્દ્રિય** - પૃથ્વી તત્ત્વમાંથી ઉત્પન્ન થનાર મવિસર્જનની ઈન્દ્રિય-ગુદાનું સ્થાન છે.

(૧૧) **લોક** - 'ભૂ' લોક છે.

(૧૨) **તત્ત્વબીજનું વાહન** - ઈન્દ્ર બિરાજમાન છે તેવો ઐરાવત હાથી તત્ત્વ-બીજનું વાહન છે.

(૧૩) **અધિપતિ દેવતા**- ચતુર્ભુજ બ્રહ્મા-પોતાની શક્તિ ચતુર્ભુજ ડાકેની સાથે, અધિપતિ દેવતા છે.

(૧૪) **યંત્ર**- સુવર્ણરંગ ચતુષ્ટકોણ યંત્ર છે.

(૧૫) **ચક્ર પર ધ્યાનનું ફળ** - આરોગ્ય, ચિત્તની સુખદ અવસ્થા, કાવ્ય પ્રબંધદક્ષતા વગેરે આ ચક્ર પર ધ્યાનનું ફળ છે.

આ ચક્રની નીચે ત્રિકોણયંત્રના આકારનું સૂક્ષ્મ યોનિમંડલ છે. તેના મધ્યકોણમાંથી સુષુમ્ણા, ડાબા કોણમાંથી ઈડા અને જમણા કોણમાંથી પિંગલા નીકળે છે. તેથી આ સ્થાનને મુક્તત્રિવેણી કહે છે.

યોનિમંડલની મધ્યમાં તેજોમય રક્તવર્ણ ક્લિં બીજરૂપ કંદર્પ નામનો સ્થિર વાયુ વિદ્યમાન છે. તેની મધ્યમાં બ્રહ્મનાડીના મુખમાં સ્વયંભૂ લિંગ છે. આ લિંગમાં કુંડલિની શક્તિ સાડાત્રણ આવર્તન મારીને લપેટાયેલી સુષુપ્ત અવસ્થામાં રહેલી છે. મૂલશક્તિ કુંડલિનીનો આધાર હોવાથી આ ચક્રને મૂલાધાર ચક્ર કહે છે.

### ૨. *સ્વાધિષ્ઠાન ચક્ર*

(૧) **ચક્રસ્થાન** - મૂલાધાર ચક્રથી બે આંગળ ઉપર આ ચક્રનું



સ્થાન છે.

(૨) **આકૃતિ** - સિંદૂરિયા રંગથી પ્રકાશિત છ પાંખડીવાળા કમળ સમાન આકૃતિ છે.

(૩) **વર્ણ** - આ છ પાખંડીઓ પર અનુક્રમે बं, भं, मं, यं, रं, लं - આ છ અક્ષરો લખેલા છે.

(૪) **તત્ત્વસ્થાન** - શ્વેતરંગી અર્ધચંદ્રાકાર આકૃતિવાળા જલતત્ત્વનું સ્થાન છે.

(૫) **તત્ત્વબીજ** - તત્ત્વબીજ **बं** છે.

(૬) **તત્ત્વબીજની ગતિ** - જેમ મગર લાંબી ઊંડી ગતિથી ડૂબકી મારે છે તેમ તત્ત્વબીજની નીચેની તરફ લાંબી ગતિ છે.

(૭) **ગુણ** - રસ ગુણ છે.

(૮) **વાયુસ્થાન** - સર્વ શરીરમાં વ્યાપીને રહેલ વ્યાન વાયુનું મુખ્ય સ્થાન છે.

(૯) **જ્ઞાનેન્દ્રિય** - રસ તન્માત્રાથી ઉત્પન્ન થયેલ સ્વાદ લેવાની શક્તિ-સ્વાદેન્દ્રિયનું સ્થાન છે.

(૧૦) **કર્મેન્દ્રિય** - જલ તત્ત્વથી ઉત્પન્ન થયેલ ઉપસ્થનું સ્થાન છે.

(૧૧) **લોક** - **भुवः** લોક છે.

(૧૨) **તત્ત્વબીજનું વાહન** - જેના પર વરુણ બિરાજમાન છે તેવી મગર તત્ત્વબીજનું વાહન છે.

(૧૩) **અધિપતિ દેવતા** - વિષ્ણુ પોતાની ચતુર્ભુજ શાકિની શક્તિ સાથે અધિષ્ઠાતા દેવતા છે.

(૧૪) **યંત્ર** - અર્ધચંદ્રાકાર શ્વેતરંગી યંત્ર છે.

(૧૫) **ચક્ર-ધ્યાનનું ફળ** - સર્જન અને પાલનમાં સમર્થપણું અને જિહ્વા પર સરસ્વતીનો વાસ-આ ચક્ર પર ધ્યાનનું ફળ છે.

સ્વ નો અર્થ અહીં પ્રાણ છે અને પ્રાણનું અધિષ્ઠાન હોવાથી આ ચક્રને સ્વાધિષ્ઠાન કહે છે.

**स्वशब्देनभवेत् प्राणः स्वाधिष्ठानं तदाश्रयः ।** (ગો. શ. - ૧૪)

### ૩. *મણિપુર ચક્ર*

(૧) **ચક્રસ્થાન** - નાભિ આ ચક્રનું સ્થાન છે.

(૨) **આકૃતિ** - વાદળી રંગના પ્રકાશથી પ્રકાશિત દશ પાંખડીવાળા કમળ સમાન આકૃતિ છે.

(૩) **વર્ણ** - દશે પાંખડીઓ પર અનુક્રમે ડં, ઢં, णं, तं, थं, दं, धं, नं, पं, फं - આ દશ અક્ષરો લખેલ છે.

(૪) **તત્ત્વસ્થાન** - લાલરંગવાળા, ત્રિકોણાકૃતિ અગ્નિતત્ત્વનું સ્થાન છે.

(૫) **તત્ત્વબીજ** - रं છે.

(૬) **તત્ત્વબીજની ગતિ** - જેવી રીતે મેષ ઉપરની તરફ ઊછળી ઊછળીને કૂદે છે તેવી રીતે આ તત્ત્વબીજની ગતિ ઉપર તરફ છે.

(૭) **ગુણ** - 'રૂપ' ગુણ છે.

(૮) **વાયુસ્થાન** - સમાન વાયુનું મુખ્ય સ્થાન છે

(૯) **જ્ઞાનેન્દ્રિય** - રૂપતન્માત્રા યુક્ત ચક્ષુનું મુખ્ય સ્થાન છે.

(૧૦) **કર્મેન્દ્રિય** - અગ્નિતત્ત્વથી ઉત્પન્ન થયેલ પાદેન્દ્રિયનું સ્થાન છે.

(૧૧) **લોક** - સ્વઃ લોક છે.

(૧૨) **તત્ત્વબીજનું વાહન** - જેના પર અગ્નિદેવ બિરાજમાન છે તેવો મેષ, તત્ત્વબીજનું વાહન છે.

(૧૩) **અધિપતિ દેવતા** - રુદ્ર પોતાની ચતુર્ભુજ લાકિની શક્તિ સાથે અધિષ્ઠાતા દેવતા છે.

(૧૪) **યંત્ર** - રક્તરંગી ત્રિકોણ યંત્ર છે.

(૧૫) **ચક્ર પર ધ્યાનનું ફળ** - આ ચક્ર પર ધ્યાન કરવાથી કાર્યવ્યૂહનું જ્ઞાન થાય છે.

**नाभिचक्रेकायव्यूहज्ञानम्ः ।** (યો. સૂ. ૩, ૨૯)

'નાભિ ચક્ર પર સંયમ કરવાથી કાર્યવ્યૂહનું જ્ઞાન થાય છે.'

આ ચક્ર પરા વાણીનું સ્થાન છે. ગર્ભસ્થ બાળક નાભિ દ્વારા માતાના શરીર સાથે જોડાયેલ હોય છે અને ત્યાંથી તેને રક્ત મળે છે. યોગપથના પ્રવાસી માટે આ ચક્રનું સવિશેષ મૂલ્ય છે. સમગ્ર નાડીતંત્રના ઉદ્ગમ-સ્થાન અંડાકાર કંદનું સ્થાન પણ નાભિની નીચે જ છે.

### ૪. અનાહત ચક્ર

(૧) **ચક્રસ્થાન** - હૃદય આ ચક્રનું સ્થાન છે.

(૨) **આકૃતિ** - સિંદુરિયા રંગના પ્રકાશયી પ્રકાશિત બાર પાંખડીઓવાળા કમળ સમાન આકૃતિ છે.

(૩) **વર્ણ** - આ બાર પાંખડીઓ પર અનુક્રમે, कं, खं, गं, घं, ङं, चं, छं, जं, सं, ञं, टं, ठं - આ બાર અક્ષરો લખાયેલા છે.

(૪) **તત્ત્વસ્થાન** - ધૂમ્રરંગી ષટ્કોણાકાર વાયુતત્ત્વનું મુખ્ય સ્થાન છે.

(૫) તત્ત્વબીજ - यं છે.

(૬) તત્ત્વબીજની ગતિ - મૃગની જેમ તિરછી ગતિ છે.

(૭) ગુણ - સ્પર્શ ગુણ છે.

(૮) વાયુસ્થાન - પ્રાણ વાયુનું મુખ્ય સ્થાન છે.

(૯) જ્ઞાનેન્દ્રિય - સ્પર્શ તન્માત્રાથી ઉત્પન્ન થયેલ ત્વચાનું કેન્દ્ર છે.

(૧૦) કર્મેન્દ્રિય - વાયુતત્ત્વથી ઉત્પન્ન થયેલ હસ્તેન્દ્રિયનું સ્થાન છે.

(૧૧) લોક - મહર્લોક છે.

(૧૨) તત્ત્વબીજનું વાહન - વાહન મૃગ છે, જેના પર વાયુદેવ બિરાજમાન છે.

(૧૩) અધિપતિ દેવતા - ઈશાન રુદ્ર પોતાની ત્રિનેત્ર ચતુર્ભુજ શક્તિ કાર્કિની સાથે, અધિપતિ દેવતા છે.

(૧૪) યંત્ર - ષટ્કોણાકાર ધૂમ્રરંગી યંત્ર છે.

(૧૫) ચક્રધ્યાનનું ફળ - જીતેન્દ્રિયપણું આ ચક્ર પરના ધ્યાનનું ફળ છે.

યોગ સૂત્રકાર કહે છે કે આ કેન્દ્ર પર સંયમ કરવાથી ચિત્તનું જ્ઞાન થાય છે. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# નિશ્ચલં હિ શિવવ્રતમ્...



કહેવાય છે કે ભલે સાગરો સુકાઇ જાય, હિમાલયનો પણ ક્ષય થઈ જાય, મંદાર તથા વિંધ્યાચલ પર્વત પણ વિચલિત થઈ જાય, પરંતુ શિવવ્રત કદાપી વિચલિત થતું નથી, નિષ્ફળ જતું નથી. તેનું ફળ અવશ્ય મળે છે. આ વ્રત જો શિવરાત્રીના દિવસે કરવામાં આવે તો તે ચોક્કસ વધુ ફળદાયી નીવડે. મહાવદ તેરસની તિથિએ જે રાત્રી આવે તેને મહાશિવરાત્રી કહેવાય. આમ તો પ્રત્યેક માસની વદ તેરસ શિવરાત્રી ગણાય, પરંતુ મહા મહિનાની મહાશિવરાત્રી તરીકે સ્થાપિત આ તિથિ સૌથી વધુ આગવી, ફળદાયી, વિશેષ, શિવ-પ્રિય, પવિત્ર, સાત્ત્વિક તેમજ શિવ સમાન ગણાય છે. જ્યારે સામાન્ય દિવસોમાં શિવપૂજા નિષ્ફળ જતી ન હોય તો આ દિવસે કરેલી શિવની આરાધના, આ દિવસે કરાયેલ શિવનું વ્રત તો અચૂક પરિણામ આપે જ.

એમ કહેવાય છે કે મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવ તથા તેમની શક્તિ ધરતી પર વિચરણ કરે છે. આ દિવસે કરવામાં આવેલ વ્રત, તપ, જપ, ધ્યાન, ઉપાસના, ભક્તિ, ભજન, પૂજા, ઉપવાસ, દાન, પ્રાર્થના, સત્સંગ વિશેષ ફળ આપે છે. વળી મહાદેવ કરુણાના અવતાર હોવાથી, ભોળાનાથ હોવાથી, દુઃખભંજન હોવાથી આ ફળ ઓછાં સમયમાં પ્રાપ્ત થવાની સંભાવના આ દિવસે વધુ રહેલી હોય છે. એમ જણાય છે કે મહાશિવરાત્રી એ શિવજીની અતિ પ્રિય તિથિ છે.

ઈશાન સંહિતામાં એવો ઉલ્લેખ છે કે ભગવાન શિવના લિંગ સ્વરૂપનું આવિર્ભાવ આ દિવસની મહાનિશામાં થયું હતું. આમ તો શિવ શાશ્વત છે, સનાતન છે, કાયમ સ્થિત અને સ્થિર છે, ઉત્પત્તિ અને નાશના ધર્મથી અલિપ્ત છે, સદાકાળ સર્વત્ર છે, જેથી તેમના આવિર્ભાવની વાત અસ્થાને જણાય. પરંતુ આ લિંગ સ્વરૂપના આવિર્ભાવની વાત છે. ઈશ્વર જુદાં જુદાં સમયે જુદું જુદું સ્વરૂપ ધારણ કરી શકે. સંજોગો અને હેતુ અનુસાર નિરાકારમાંથી સાકાર થાય. જુદી જુદી પરિસ્થિતિ પ્રમાણે ઈશ્વર નજરથી પામી અને અનુભવી શકાય તેવું સ્વરૂપ ધારણ કરે. આવું એક સ્વરૂપ, લિંગ સ્વરૂપ, આ દિવસે પ્રગટ થયું હતું તેમ શાસ્ત્રમાં જણાવ્યું છે. તેથી મહાશિવરાત્રીની તિથિ મહત્ત્વની બની રહે છે. આ દિવસે પોતાના ઇષ્ટદેવને, દેવોના દેવને, આદિ યોગીને, પ્રસન્ન કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થાય છે.

સનાતની સંસ્કૃતિમાં ઈશ્વરની પ્રાપ્તિ માટેના જેટલાં માર્ગ સુચિત કરાયાં છે તે બધાં જ માર્ગ દ્વારા મહાદેવની કૃપા સહજમાં પ્રાપ્ત થઈ શકે છે. ભોલેનાથને પ્રસન્ન કરવાં માટે સંપૂર્ણ સમર્પણ સાથેનો ભાવયુક્ત નાનકડો પ્રયાસ પણ પૂરતો થઈ રહે. શિવ સૂત્રમાં જે જ્ઞાન દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણેનું આચરણ, શિવને કેન્દ્રમાં રાખીને તેમને સાક્ષી માનીને કરાયેલ કર્મ, શિવના શિવત્વમાં લીન થઈને કરાયેલ ભજન-પ્રાર્થના, અનન્ય ચિંતનથી મહાદેવની કરાયેલી ભક્તિ, મહાદેવને અર્પણ કરાયેલા રુદ્રયજ્ઞ કે હોમ-હવન, મહાદેવની સ્તુતિનું શ્રવણ અને તેના અર્થનું ચિંતન, માત્ર મહાદેવ જ મનમાં વાસ કરી શકે તે માટે ઇન્દ્રિયોને વિષયોનાં ઉપવાસ જેવાં માધ્યમથી નિયંત્રિત કરવાનાં પ્રયત્ન - આ અને આવું બધું જ અંતે શિવને અર્પણ થાય છે અને મહાદેવ શુદ્ધ ભાવથી કરાયેલ આ બધાં કર્મ માન્ય રાખે છે. તેમાં પણ જો આ મહાશિવરાત્રીના દિવસે થાય તો તો અદભુત પરિણામ ઊભરે.

નવધા ભક્તિના પ્રત્યેક માર્ગથી મહાદેવ પ્રસન્ન થઈ શકે. મહાદેવનાં સ્વરૂપ તથા તેમના સ્વભાવ દર્શાવતી બાબતોનું શ્રવણ કરવાથી, મહાદેવનાં અસ્તિત્વનાં પ્રત્યેક પાસાનું ગુણગાન ગાઈ કીર્તન કરવાથી, શિવના રુચિ પ્રમાણેના સ્વરૂપનું સ્મરણ કરવાથી, શિવજીનાં ચરણોની પ્રતીકાત્મક સેવા કરવાથી, ઈષ્ટદેવ મહાદેવનું અર્ચન કરવાથી, શિવજી સમક્ષ વિવિધ સ્વરૂપે વંદન કરવાથી, શિવજીના દાસ બની તેમની સેવામાં જાણે તત્પર રહેવાથી, આમ તો અઘરું જણાય તો પણ, મહાદેવ સાથે મિત્ર ભાવે પ્રેમપૂર્વક જાણે વ્યવહાર કરવાથી અને ઈશ્વર સમક્ષ આત્મનિવેદન કરવાથી - પોતાના અસ્તિત્વને શબ્દોમાં પરોવી ઈશ્વરનાં ચરણોમાં ધરી દેવાથી, મહાદેવ પ્રસન્ન થાય. તેમાં પણ જો આ ભક્તિ મહાશિવરાત્રીના દિવસે કરવામાં આવે તો જે પરિણામ સ્થાપિત થાય તે અકલ્પનીય હોય.

મહાદેવનું અસ્તિત્વ ક્યારેક સંપૂર્ણ વિરોધાભાસી હોય છે. તેઓ અત્યંત દૂર પણ હોય અને તે જ વખતે સૌથી નજીક હોય. તેઓ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ હોય અને તે જ વખતે વિશ્વથી પણ વિરાટ હોય. ક્યારેક મહાદેવની પ્રતીતિ શૂન્યમાં થઈ શકે તો તે જ વખતે અન્ય કોઈ મહાદેવને અનંતતામાં જોઈ શકે. ક્યારેક મહાદેવ સર્જક જણાય તો ક્યારેય વિનાશક. મહાદેવ ક્યારેક શાંત મુદ્રામાં સમાધિસ્થ હોય તો ક્યારેક તાંડવ કરતા સમગ્ર નક્ષત્ર મંડળને ડામાડોળ કરતાં જણાય. શિવજી ક્યારેક સૌમ્ય તો ક્યારેક પ્રચંડ, ક્યારેક નિરાકાર તો ક્યારેક સાકાર, ક્યારેક કલ્યાણકારી તો ક્યારેય રૌદ્ર, ક્યારેક જન્મના દેવ તો ક્યારેક મૃત્યુના કારણ સમાન જણાય. શિવજીની આ જ ખાસિયત છે, આ જ મહાનતા છે - તે ભક્તની રુચિ અનુસાર તેને ચિંતન કરવા યોગ્ય સ્વરૂપનું નિર્ધારણ કરવાની છૂટ આપે છે.

નંદી જેમનું વાહન છે, શૈલ્ય જેમનું આસન છે, જટા જેમની માટે મુકુટ સમાન છે જેમાંથી ગંગા પ્રવાહિત થાય છે, ડમરુ જેમને પ્રિય છે, ત્રિશુલ જેમની માટે આડંબર છે, કપાળમાં ત્રીજું નેત્ર જેમને શોભાયમાન છે, પવિત્ર નાગ જેમની માટે યજ્ઞોપવિત તથા હાર સમાન છે, ખોપરીઓની જેમણે માળા ધારણ કરી છે, આખા શરીરે જેમણે ભસ્મ ચોળી છે, સ્મશાનમાં જેમનો વાસ છે, શક્તિ જેમની અર્ધાંગિની છે, જે સાક્ષાત કરુણાના અવતાર સમાન છે તે મહાદેવનું મહાશિવરાત્રીએ કરેલું વ્રત અચૂક ફળદાયી રહે. મહાશિવરાત્રીના પાવન પર્વ પર મહાદેવની ઉપાસના - સાધના કરવામાં આવે તો મહાદેવનું વરદાન, મહાદેવની કૃપા, મહાદેવનું અનુદાન, મહાદેવની કરુણા સહજ રીતે પ્રાપ્ત થઈ શકે. આ એક સ્થાપિત સત્ય છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# મદનાવતીકૃત દુહા-કવિતામાંથી પ્રગટતી ભક્તિ...



ઉત્તર ગુજરાતમાં બે બહારવટિયા પ્રખ્યાત છે. એક તલાજી અને બીજા શેઠાજી. તલાજીને ગાયકવાડ સામે બહાર વટુ હતું. શેઠાજીને પાલનપુરના નવાબ સામે. બનાસકાંઠાની ગિરિમાળામાં શેઠાજી ઘુમતા-ફરતા રહેતા. સાથે તરુણ પુત્રી પણ પિતાજીની સહવાસી રહેતી. પુત્રીનું નામ મદનાવતી.

મદનાવતીએ શૈશવ અવસ્થામાં સાંઈ દીન દરવેશનું પ્રભાવી વ્યક્તિત્વ જાણેલું-સાંભળેલું. ત્યારથી એમના મિલનની ઝંખના એના અંતઃકરણમાં સેવતી રહેલી. એમને ગુરુ માનીને મનોમન સાંઈના દીદાર-દર્શન પામવાની પ્રાર્થના-ઈબાદત કરતી રહેલી. સૂફી પરંપરા સાથે મદનાવતીનું અનુસંધાન જણાય છે. દીન દરવેશ સાંઈનો જીવનકાળ ઈ.સ.૧૭૨૦ થી ઈ.સ.૧૭૭૦ મનાય છે. એ રીતે મદનાવતીને અઢારમી સદીના ઉત્તરાર્ધની ભક્ત કવયિત્રી તરીકે ગણવાની-ઓળખવાની રહે. સહવાસ પિતાશ્રી સાથે છે, પણ અંતઃકરણથી ગુરુપ્રાપ્તિની ઝંખના સેવે છે. એની ઝંખના મીરાની માફક ઝંખના જ રહી હશે. છકકડિયા દુહાના બંધમાં એમણે ગાયેલી રચેલી હૃદયની પ્રાર્થના કુંડળિયા દુહા બંધની સમીપની પણ જણાય છે.

કોઈને ગુરુ માની લેવા, એમને મેળવવાની ઝંખના સેવવી અને એ માર્ગદર્શિત કરીને પથ નિર્દેશી રહ્યા હોય એવું ભાવવિશ્વ એમના છકકડિયા દુહા, કુંડળિયા કે છપ્પા સશ બંધની કવિતામાંથી અવલોક્વા મળે છે. ચૂડ વિજોગણના ગુજરાતી દુહામાં પ્રિયતમને પામવાની અને એનાથી છેતરાયાની વ્યથા છે. તો મદનાવતીના છકકડિયા દુહામાં ગુરુને સમર્પિત થયેલી ભક્ત હૃદયની આરત, ગુરુની કૃપાદૃષ્ટિ અને અધ્યાત્મ-ગૂઢ રહસ્યાનુભૂતિ પંથે વિચરણ કર્યાની પ્રતીતિ પમાય છે. એમના બે છકકડિયા-દુહાને આસ્વાદીએ...

*દરવેશા એક આયા, અલી, હમારે દેશ,*
*તા દિન રંગ બિલાઈયા, ઉડ ગયો જોબન વેશ,*

*ઉડ ગયો જોબન વેશ, અલખ સો લાગી યારી,*
*સુખ સપના સંસાર, દિસત જહાં અકારી,*

*મદનાવતી કે ઉર સે, મોહ વિકાર મિટાયા,*
*અલી, હમારે દેશ, દરવેશા એક આયા. ..(૧)*

*પયરા મેરા આઈયા, પ્રીત નિભાવાન નાથ,*
*અપની જાત અનુજ કી, કરગ્રહી કિન્હ સનાથ,*

*કર ગ્રહી કિન્હ સનાથ, માળાની કો મરમ પાયા,*
*અખંડ મેરા સોહાગ, શ્યામ સે અગલી સગાયા,*

*મદનાવતી પિયુ કે સંગ મેં, અલી પિયુ કે દેશ,*
*બાબા મેરા જુહાર હૈ, દીન દિયા ઉપદેશ. ...(૨)*

પોતાની સખી-અલીને સંબોધીને મદનાવતી કહે છે કે, હે અલી-સખી એક દરવેશ-સૂફી-સાધુ મારા દેશમાં-મનોદેશમાં આવ્યો અને મારી યુવાવસ્થા ઊડી ગઈ. ગાંભીર્ય તપસ્યા-સાધના મારામાં પ્રવેશીને મને એ જ બધું રંગીન ભાસવા લાગ્યું. યુવા અવસ્થા ઊડી ગઈ-દૂર થઈ ગઈ અને અલખની આરાધના-સાધના માટે મન એમાં જ પરોવાઈ ગયું છે. હવે આ સંસારસુખ મને સ્વપ્ન લાગે છે અને એ રસ્તે જવાનું પણ આકરું લાગે છે. મદનાવતી કહે છે કે મારા ચિત્તમાંથી અહંકાર, મોહ અને વિકારે વિદાય લીધી છે. કારણ કે હે સખી એક દરવેશ મારા મનોજગતમાં-પ્રદેશમાં પ્રવેશેલ છે. બીજા એક છકકડિયા-દુહામાં ગાય છે કે મારો નાથ-સ્વામી એની મારી સાથેની પ્રીત નિભાવવા માટે આવી પહોંચેલ છે. મારી તો જાત સાવ નાનકુકડી ગણાય છતાં મારો હાથ જાલીને મને સનાથ બનાવી, મારો હાથ પકડ્યો એટલે મને માળાનો મર્મ સમજાયો. આ જ મારા અખંડ સૌભાગ્યનું પાત્ર છે. એમની સાથે મારે આગલા જન્મની સગાઈ છે. મદનાવતી હવે નાથ-સ્વામી. પ્રિયતમની સંગતમાં એમને દેશ નીકળી પડી છે. બાબા તમને જુહાર - આવજો કહું છું. કારણ કે દીન દરવેશે મને ઉપદેશ આવ્યો છે. હવે મારો પથ ન્યારો સાવ જુદો જ છે. મદનાવતીની અધ્યાત્મયાત્રા તરફના પ્રમાણની, સૂફી દીન દરવેશની કૃપાની તથા એ પંથે વિચરણ કરવા માટે આતુર ભક્ત હૃદયની આરત-નાદ અહીં સંભળાય છે. મદનાવતી મુસ્લીમ નહીં હોય એવું એમના તથા એના પિતાના નામ પરથી અનુમાન થાય છે. સુફી સાધનાપંથે અનેક હિન્દુઓ વળ્યાના પ્રમાણરૂપ ભક્તહૃદયા મદનાવતી છે.

મદનાવતી ગુરુનિષ્ઠા, ગુરુ પરત્વેની આરત અને ગુરુ તરફની પ્રાપ્ત સ્નેહની પ્રતીતિ પણ આ છકકડિયા દુહામાં અહીં અવલોકવા મળે છે. સૂફી ભક્તિ હૃદયની ભીનાશ, ભાવાનુભૂતિ અને ભભકમાં એક સાથે અંઘોળ કરાવતા આ કુંડળિયા-છકકડિયા દુહા, નારી ચેતનાની હૃદયસ્પર્શી મુદ્રા હોઈ એની મહત્તા વિશેષ છે. મદનાવતીનું ભક્તહૃદયી ખમીર, ખુમારી અને વૈરાગ્ય ભાવના પણ એમાં નિહિત છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# મારા ભક્તોને જે રંજાડશે તેને હું અવશ્ય દંડ આપીશ



(ગતાંકથી ચાલુ)

માતા સરસ્વતીના ફૂલથી પૃથ્વીલોક પર પડતાં જ ગજાસુર વધુ ક્રોધિત થાય છે અને માતા લક્ષ્મીને હાનિ પહોંચાડવાની તૈયારી કરે છે. આકાશમાર્ગથી જઈ રહેલા દેવર્ષિ ગજાસુરને કહે છે કે, તમે દેવી સરસ્વતીને પાઠ ભણાવવાની કોશિશ તો કરી જોઈ ત્યાર બાદ પરિણામ શું આવ્યું તે મને ખબર છે. હવે તમારે સમજી જવું જોઈએ અને અસુર પરિવારના ઉત્થાન માટે કામ કરવું જોઇએ. પણ હઠી ગજાસુર સમજતો નથી અને કહે છે કે હું મારા પિતાની હત્યાનો બદલો અવશ્ય લઈશ. ગજાસુરને સમજાવી ન શકતાં દેવર્ષિ નારદ કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવને કહે છે, પ્રભુ હું હાલમાં જ ગજાસુરને મળીને આવ્યો છું, એ માતા સરસ્વતીના હાથે પછડાયો હોવા છતાંય માતા લક્ષ્મીને દંડિત કરવાની તૈયારી કરી રહ્યો છે. ભગવાન શિવ કહે છે, દેવર્ષિ, તમે ફિકર કરશો નહીં, તમે ફક્ત કાશીના બ્રાહ્મણોને યજ્ઞ કરવાની સલાહ આપતા રહો, જેથી ત્યાંના બ્રાહ્મણો અવિરત યજ્ઞ સેવા કરતા રહે. ગજાસુરનો વધ નિશ્ચિત છે. ભગવાન શિવની આજ્ઞા થતાં જ દેવર્ષિ નારદ કાશી પહોંચે છે અને બ્રાહ્મણશ્રેષ્ઠ વિનોદરાયને કાશી નગરીમાં અવિરત યજ્ઞ સેવા ચાલુ રહેવાની જવાબદારી સોંપે છે. વિનોદરાય દ્વારા કાશીના બ્રાહ્મણોને શિવઇચ્છાની જાણ કરાતાં તેઓ નાના નાના સમૂહમાં અસંખ્ય યજ્ઞની શરૂઆત કરે છે. બીજી તરફ ગજાસુર ક્ષીરસાગર પહોંચે છે. જુએ છે કે અગાધ મહાસાગરમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ શેષશૈયા પર નિદ્રાધીન છે. તેમની પાસે માતા લક્ષ્મી વિરાજમાન છે. ગજાસુર માતા લક્ષ્મી પર ફરસીથી હુમલો કરે છે.

માતા લક્ષ્મી પણ પોતાના અસ્ત્રથી ગજાસુર પર હુમલો કરે છે. માતા લક્ષ્મીનું અસ્ત્ર ગજાસુરના હાથ, પગ અને માથું શરીરથી છૂટું કરી નાખે છે, પણ બ્રહ્મદેવનું વરદાન એના અંગો જોડી દેતાં માતા લક્ષ્મી ક્રોધિત થાય છે અને ફૂંક મારતાં જ ગજાસુર ફરી પૃથ્વી પર પટકાય છે. ફરી પટકાયેલો ગજાસુર લપાતો છુપાતો કૈલાસ પર્વત પર પહોંચે છે. જુએ છે માતા પાર્વતી રસોઈમાં વ્યસ્ત છે. કંઈ જ ન બોલતાં એ માતા પાર્વતી પાસે જવાની કોશિષ કરે છે. એ જોઈ ભગવાન ગણેશ પોતાની સૂંઢથી ઊંચકીને ઉછાળે છે. ઉછળેલો ગજાસુર ફરી પૃથ્વી પર પટકાય છે.

આ વખતે વધુ ગતિથી પટકાતાં ગજાસુરના શરીરના હાડકાંનો ભૂક્કો બોલાઈ જાય છે. પટકાયેલો ગજાસુર પોતાના શરીરનો ભાર પણ ઊંચકી ન શકતાં અસુર સૈનિકો તેને અસુરગુરુ શુક્રાચાર્ય પાસે લઈ જાય છે. ગજાસુર શુક્રાચાર્યને કહે છે કે, ગુરુદેવ મારી આ અવસ્થા દેવી પાર્વતીએ નથી કરી, કોઈ ગજમુખધારી દેવતાએ કરી છે.

* * *

શુક્રાચાર્યઃ ગજાસુર હું મારી શક્તિથી તમને ફરીવાર પહેલાંની જેમ શક્તિશાળી બનાવી દઈશ. મેં તમને પહેલા પણ કહેલું કે ત્રિદેવીઓ સાથે ટકરાશો નહીં.

ગજાસુરઃ ગુરુદેવ જો મારી પાસે વરદાની શક્તિ હોય અને હું મારા પિતાની હત્યાનો બદલો ન લઈ શકું તો એ વરદાનનો ફાયદો શું.

શુક્રાચાર્યઃ વરદાની શક્તિનો ફાયદો લેવો હોય તો કાશી જાઓ અને ત્યાંના બ્રાહ્મણોને યજ્ઞ કરતાં રોકો અને વરદાનનો ફાયદો મેળવો.

શુક્રાચાર્યનો આદેશ મળતાં જ ગજાસુર કાશી પહોંચે છે અને ત્યાંના બ્રાહ્મણોને યજ્ઞ કરતાં રોકવાં સૌથી મોટા યજ્ઞકુંડ પાસે પહોંચે છે અને મહાકાય રૂપ ધારણ કરે છે.

ગજાસુરઃ બધા બ્રાહ્મણો યજ્ઞ બંધ કરે.

વિનોદરાયઃ હે બ્રાહ્મણો આપણે શિવઆજ્ઞાથી આ યજ્ઞ કરી રહ્યા છીએ, તમારો યજ્ઞ અવિરત ચાલુ રાખો, ભગવાન શિવ આપણી રક્ષા કરશે.

ગજાસુરઃ પાખંડી બ્રાહ્મણો હું તમને ચેતવણી આપું છું, તમે જો યજ્ઞ બંધ નહીં કરો તો હું તમને દંડ આપીશ, જો તમે યજ્ઞ બંધ કરી મારા દાસ બનશો તો હું તમને અભયદાન આપીશ.

બ્રાહ્મણો ચેતવણી ન સાંભળતાં ગજાસુર ક્રોધિત થાય છે અને વિનોદરાય સાથે બેસેલા બ્રાહ્મણોના સમૂહને ઊંચકીને યજ્ઞ કુંડમાં આહુતિ આપે છે. આ જોઈ બીજા બ્રાહ્મણો ગભરાઇ જાય છે અને દોડધામ કરે છે. ગજાસુર તેના મહાકાય પગથી બધા બ્રાહ્મણોને કચડી નાખે છે. કાશીમાં હાહાકાર મચી જાય છે.

* * *

બીજી તરફ દેવર્ષિ નારદ, દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો કૈલાસ પહોંચે છે.

દેવર્ષિ નારદઃ પ્રભુ કાશીના બ્રાહ્મણોની રક્ષા કરો, મેં જ કાશીના બ્રાહ્મણોને શિવ ઇચ્છા જણાવી હતી. તેઓ યજ્ઞ કરી રહ્યા હતા ત્યારે જ ગજાસુરે તેમનો વધ કર્યો છે. દેવાધિદેવ ગજાસુરને દંડ કરો.

ભગવાન શિવઃ દેવર્ષિ સમય આવી ગયો છે, ગજાસુર હું અવશ્ય દંડ આપીશ.

આટલું કહેતાં ભગવાન શિવ ત્યાંથી અદશ્ય થઈ જાય છે. ભગવાન શિવ કાશી પહોંચે છે. તેઓ મૃત બ્રાહ્મણો પર મૃત્યુંજય જળ છાંટતાં જ તેઓ જીવીત થઇ જાય છે. વિનોદરાય સહિત યજ્ઞકુંડમાં આહુતિ અપાયેલા બ્રાહ્મણો પણ યજ્ઞકુંડમાંથી જીવંત પરત ફરે છે. કાશીના દરેક બ્રાહ્મણો ભગવાન શિવના સાક્ષાત દર્શન કરતાં ભગવાન શિવનો જય જયકાર કરે છે. આ જયજયકાર સંભળાતા ગજાસુર ત્યાં આવી પહોંચે છે. બ્રાહ્મણોને ફરી જીવંત જોઈ ભગવાન શિવ પર ક્રોધિત થાય છે.

ગજાસુરઃ ઓહ તો તમે અમારા અસુરોના આરાધ્ય ભગવાન શિવ છો. હું તમને વિનંતી કરું છું કે અમે પણ તમારા ભક્ત છીએ અને આ બ્રાહ્મણો પણ આપના ભક્ત છે. તમે અમારા વચ્ચે ન આવો.

ભગવાન શિવઃ ગજાસુર તમે આવી વાત નહીં કરી શકો, મારા ભક્તોને જે રંજાડશે તેને હું અવશ્ય દંડ આપીશ.

ગજાસુરઃ પ્રભુ અમે પણ તમારા ભક્ત છીએ, અમારા મતભેદ અમે ઉકેલીશું, પણ જો તમે અમારી વચ્ચે આવશો તો તમે પણ મારા ક્રોધના ભાગી બનશો.

ભગવાન શિવઃ ગજાસુર હું તમારી બધી શક્તિઓ પરત લઉં છું, તમારી ઊંચાઈ સામાન્ય થઈ જાય.

ભગવાન શિવના શબ્દથી મહાકાય ગજાસુર સામાન્ય માનવી જેટલો થઈ જાય છે. બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરે છે.

ગજાસુરઃ ભગવાન શિવ તમે અન્યાય કરી રહ્યા છો, મેં મેળવેલાં વરદાની શસ્ત્રો મારી પાસે છે. હવે તમને કોઈ બચાવી નહીં શકે.

(ક્રમશઃ) ■

ફોકસ

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# બાર જ્યોતિર્લિંગના દર્શનથી મળે છે શિવલોકમાં સ્થાન...




હિન્દુ ધર્મમાં ૧૨ જ્યોતિર્લિંગનું વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે, જે દેશમાં અલગ અલગ સ્થળોએ સ્થાપિત છે. એવું કહેવામાં આવે છે કે તેમના દર્શન કરવાથી વ્યક્તિનાં બધાં પાપોનો નાશ થાય છે. જો તમે આ ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરો છો તો શું અનુભવ થાય છે. ચાલો જાણીએ..

ધાર્મિક માન્યતા અનુસાર જ્યોતિર્લિંગ કોઈ માણસ દ્વારા બનાવવામાં આવતા નથી, પરંતુ તે જાતે જ દેખાય છે. દેશમાં કુલ ૧૨ જ્યોતિર્લિંગ સ્થાપિત છે, જે હિન્દુ ધર્મમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી ભક્તોને ઘણા લાભ મળે છે.

દરેક જ્યોતિર્લિંગ પોતાનામાં ખાસ માનવામાં આવે છે અને તેમના દર્શન કરવાથી પાપોનો નાશ, સંતાન અને ધનનો જન્મ વગેરે જેવી વિવિધ ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

એવું માનવામાં આવે છે કે બધા ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી તમામ પ્રકારના દુઃખ દૂર થાય છે અને વ્યક્તિને સુખ અને શાંતિ મળે છે. જો તમે ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરો છો, તો તમારા જીવનની દરેક સમસ્યાનો ઉકેલ આવી શકે છે.

શિવપુરાણ અનુસાર ફક્ત ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી વ્યક્તિનાં બધાં પાપોનો નાશ થાય છે અને તેને શિવલોકમાં સ્થાન મળે છે. તેથી, વ્યક્તિએ પોતાના જીવનમાં ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવા જોઈએ.

એક ધાર્મિક માન્યતા છે કે બધા ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી વ્યક્તિને મૃત્યુ પછીનો મોક્ષ, શત્રુઓનો નાશ અને ભયથી મુક્તિ મળે છે. આ ઉપરાંત ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી વ્યક્તિને રોગોથી મુક્તિનું વરદાન મળે છે.

એવું પણ માનવામાં આવે છે કે જો તમે તમારા જીવનમાં ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરો છો, તો તે ધન, સમૃદ્ધિ અને ખ્યાતિ આપે છે. સાથે જ વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# શ્રી કૃષ્ણચરિત્રનો મહિમા



ભગવાન શ્રીકૃષ્ણનું જીવન ગોકુળ-વૃંદાવન, મથુરા અને દ્વારકા એ ત્રણ સ્થળ સાથે સંકળાયેલું છે. અને કૃષ્ણચરિત્રનો વિકાસ પણ એ રીતે ત્રણ તબક્કે થાય છે. હાલરડાં, વિશ્વસ્વરૂપ, બાલકૃષ્ણ, ગોપાલકૃષ્ણ, વસ્ત્રાહરણ, નાગદમણ, દાણલીલા, રાસલીલા, વડછડ, હોરી, ફાગ વગેરેનો સંબંધ ગોકુળ સાથે છે તો ગોપી-કૃષ્ણ, મોરલીધર, રાધા-કૃષ્ણ અને ચાંવળી ઈત્યાદિનો સંબંધ કૃષ્ણના મથુરાગમન પછી પણ પરોક્ષપણે ગોકુળ સાથે છે. મનોભાવની તીવ્ર વેદના તો કૃષ્ણના મથુરાગમનને ઉદ્દેશતાં ગોપીઓનાં વિરહગીતોમાં છે. ઉદઘવસંદેશમાં અનેક ઉત્તમ લોકગીતો અને ભજનો સંકળાયાં છે મથુરાગમનને નિમિત્તે જ તો લોકહૃદયને કૃષ્ણ-ગોપીના ઉત્કટ અનુરાગ અને રંગદર્શિતાને વિપ્રલંભના માધ્યમે ભર્યા કંઠે ગાવાનો સુયોગ પ્રાપ્ત થાય છે.

જગતને મુક્તિનો સંદેશ આપવા જેણે અવતાર ધારણ કર્યો હોય, સમાજના પુનરુત્થાન માટે ક્રાન્તિનું નિર્માણ કર્યું હોય એણે પોતાના જીવનથી જ મુક્તિની શરૂઆત કરવી જોઈએ ને યોગેશ્વર શ્રી કૃષ્ણનું સમગ્ર જીવતર બંધનમાંથી મુક્તિ તરફનું પ્રયાણ છે. એનો જન્મ થયો કારાગૃહમાં અંધારી મેઘલી રાતે. એ કાળી ડિબાણ રાતના અંધકારમાં જ્યારે પ્રકૃતિએ તાંડવ શરૂ કર્યું હશે, યમુના નદી ગાંડીતૂર બની હશે. દિશાઓ ડોલતી હશે ત્યારે જગતમાં શાશ્વત પ્રકાશને રેલાવવા એમણે જન્મ લીધો. જન્મતાંવેંત માતાની કૂખ છોડી. માની મમતાય મેલી... જગતનું કોઈ બંધન એને કેમ બાંધી શકે?

**પરિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દુષ્કૃતમ્, ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગો યુગે**

કેવું વિવિધ રંગી છે શ્રી કૃષ્ણ ચરિત્ર? જન્મથી અગિયાર વરસ ને બાવન દિવસ સુધી વ્રજમાં નિવાસ કર્યો, ને બાળલીલાઓ કરી. ત્રેપનમે દિવસે મથુરામાં આવ્યા ને કંસનો વધ કર્યો, એ પછી છ વરસ સાંદિપની ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કર્યો. વીસમા વર્ષે મહાભારત યુદ્ધમાં અર્જુનના સારથિ બન્યા.

જીવનકાળ દરમિયાન પૂતના, શકટાસુર, વત્સાસુર, બકાસુર, અઘાસુર, ધેનુકાસેર, શંખચૂડા, અરિષ્ટ કેશી, કુવલયાપીડ હાથી, ચાણુર મલ્લ અને કંસ જેવા અધર્મીઓનો સંહાર કર્યો, અભિમાન તોડયું. જરાસંઘ ને શિશુપાલ જેવા દેશોહીઓને સજા કરી.

એને વાંસળી વગાડતા આવડે, ગાયો ચરાવતાં આવડે, મલ્લવિદ્યા આવડે, ચક્ર ચલાવતાં આવડે, પતરાળાં ઉપાડતાં યે આવડે, ક્યારેક શિષ્ય બની જાય તો ક્યારેક ગુરુ બનીને ગીતાનું જ્ઞાનામૃત પાય. ખરાં નાટક કર્યાં છે એણે. ચોરી કરનારો યે કૃષ્ણ ને દાણ લેનારોય દામોદર...

ગુજરાતના અનેક કવિઓએ હિન્દી ભાષામાં પણ વિપૂલ પ્રમાણમાં કૃષ્ણ કાવ્યોનું સર્જન કર્યું છે. ૧૫મી સદીથી લઈને આજ સુધીમાં અનેક કવિઓએ કૃષ્ણને કેન્દ્રમાં રાખીને હિન્દી અને ગુજરાતી ભાષામાં સાહિત્યનું સર્જન કર્યું છે. વૈષ્ણવ ભક્તિની પરંપરા જ્યાં પ્રાચીન સમયથી ચાલી આવે છે એવા ગુજરાત પ્રદેશમાં શ્રી કૃષ્ણના નિવાસ સ્થાન તરીકે જાણીતા દ્વારિકા તથા શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામજીના નિવાસસ્થાન તરીકે ગિરનાર ક્ષેત્રમાં આવેલાં રણછોડરાય,માધવરાય મંદિરો, માધવપુર અને ડાકોરજીના મંદિરો ઉપરાંત પુષ્ટિ સંપ્રદાયની અનેક બેઠકોને કારણે ગુજરાતમાં શ્રી કૃષ્ણની ઉપાસના અને તેને કેન્દ્રમાં રાખીને સાહિત્યનું સર્જન થતું રહ્યું છે.

ભારત વર્ષમાં ત્રણ પ્રકારના કવિઓ થયા છે. (૧) શુદ્ધ ભક્તિ માર્ગી કવિઓ જેમની રચનાઓમાં માત્ર ભક્તિ તત્ત્વ અને પ્રભુની લીલાઓનું ગાન હોય છે. દા.ત. સુરદાસ, કુભંનદાસ, પરમાનંદદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી અને ચતુરભુજદાસ વગેરે અષ્ટછાપના કવિઓ, વલ્લભીય વૈષ્ણવકવિઓ, ગુજરાતના દયારામ કે સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ.(૨) બીજા પ્રકારના કવિઓને જ્ઞાન માર્ગી કે વેદાન્તી કવિઓ કહી શકીએ. જેમની રચનાઓમાં ભક્તિમિશ્રિત જ્ઞાન વણાયું છે. આવા કવિઓને આપણે ત્યાં સંત તરીકે ઓળખવામાં આવે છે. કબીર, રૈદાસ, પીપાજી અને તે પરંપરામાં ગુજરાતમાં રવિ ભાણ સંપ્રદાયમાં ભાણસાહેબ, રવિસાહેબ, ખીમ, ત્રિકમ, મોરાર અને દાસીજીવણ જેવા અનેક સંત કવિઓની રચનાઓમાં જ્ઞાન-યોગ અને વેદાંત મિશ્રિત ભક્તિ તત્ત્વ જોવા મળે છે. (૩) શ્રીકૃષ્ણનેનિરાકાર બ્રહ્મ તરીકે સ્વીકારીને એની નિર્ગુણ ભક્તિ કરનારા યોગી સિદ્ધ સાધક કવિઓ.

શુદ્ધ ભક્તિમાર્ગી કવિઓએ ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ જેવી કે બાળ લીલા, દાણ લીલા, રાસ લીલા અને વૃદાંવન લીલાને કેન્દ્રમાં રાખીને રાધા ભાવ કે ગોપી ભાવથી ઉપાસના કરી છે. પુરુષ હોવા છતાં પુરુષ ભાવ પરઠીને પ્રેમલક્ષણાભક્તિનાં પદો ગાનારા ગુજરાતી કવિઓમાં નરસિંહ, મૂળદાસ, રવિસાહેબ, મોરારસાહેબ, મીઠો, પ્રિતમ અને દાસી જીવણ મુખ્ય છે. તેમની વાણીમાં ભગવાન કૃષ્ણની નટખટ શિશુ, નટવર, પ્રેમી, પતિ, રસનાયક વ્રજવિહારી, ગોપીજન વલ્લભ, લીલાવિહારી, રસિક શ્રીકૃષ્ણ - કે જે શૃંગાર કે મધુર રસના નાયક તરીકે પ્રેમની સર્વોચ્ચ ભૂમિકા ઉપર બિરાજમાન છે. એવા પરમ પ્રિયતમ સાથેના વિરહ અને મિલનની ભાવક્ષણોને નિરૂપિત કરવામાં આવી છે. વિવિધ ભારતીય ભાષાઓની કૃષ્ણ કવિતામાં શ્રીમદ્ ભાગવત ઉપરાંત જયદેવ, વિદ્યાપતિ અને સૂરદાસની રચનાઓએ અત્યંત પ્રભાવ પાથર્યો છે. મહાભારત, શ્રીમદ્ ભાગવત અને ગીતગોવિંદ વગેરે સંસ્કૃત ગ્રંથોમાં વર્ણવાયેલા શ્રી કૃષ્ણને મુખ્ય પાત્ર તરીકે સ્વીકારીને ભારતીય ભાષાઓમાં અગણિત કાવ્યો રચાયાં છે. વ્યાપક્તાની દૃષ્ટિએ તમામ ભારતીય ભાષાઓના કાવ્ય સાહિત્યનો ત્રણ ચતુર્સ્થાંશ ભાગ કૃષ્ણ કાવ્યનો જ છે. એક રસિક નાયકના રૂપમાં શ્રીકૃષ્ણ શૃંગાર રસનું આલંબન બનીને બ્રહ્મ, પરમાત્મા અને ઈશ્વરના રૂપમાં પણ કાવ્ય ક્ષેત્રે પૂજાતા રહ્યા છે. પુષ્ટિ સંપ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાય, રાધા-વલ્લભ સંપ્રદાય, હરિદાસી કે સખી સંપ્રદાય અને ગૌડિય ચૈતન્ય સંપ્રદાયના કવિઓની રચનાઓમાં શ્રીકૃષ્ણ એક પ્રેમી તરીકે અને કોઈ કોઈ સ્થળે બ્રહ્મ તરીકે વર્ણવાયા છે. એમાં વેદાન્તનું નિરૂપણ અત્યંત અલ્પ જોવા મળે છે. આપણા નરસિંહ મહેતાએ 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...'ની સમાંતરે આમ પણ ગાયું છે :

*મેં તો વારી રે, ગિરધરલાલ, તમારાં લટકાં ને*
*મેં તો વારી રે, સુંદર શ્યામ, તમારાં લટકાં ને...* ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# લોભ પાપનું મૂળ...



ગત અંકમાં ક્રોધરૂપી નરકના દ્વારથી ચેતવીને હવે ભગવાન કૃષ્ણ લોભનું પરિણામ બતાવે છે.

ગીતામાં લોભને નાશ કરનારું, નરકનું દ્વાર કહ્યું છે. લોભને થોભ હોય નહીં. લોભી માણસ જેટલું કંઈ મળે તે ભેગું કરે અને જેટલું વિચારે તે ભેગું કરવાના સપના જુવે. હવે ઘણું થયું એવો વિચાર તેને ન આવે. રૂા. ૧૦,૦૦૦ની આવક હોય તે રૂા. ૧,૦૦,૦૦૦ની ઇચ્છા કરે, રૂા. ૧,૦૦,૦૦૦વાળો ૧૦લાખ રૂપિયાની ઇચ્છા કરે, પરંતુ લોભની ઇચ્છાને ક્યારેય તૃપ્તિ થાય જ નહીં.

લોભ એ માનવ જીવનનો મોટો શત્રુ છે. લોભથી દુઃખ અને અશાંતિ જ મળે છે. આપણે સૌ લોભથી થતાં ગેરલાભથી અજાણ નથી છતાં પણ એને છોડી નથી શકતા. જુગારી જુગાર રમતા રમતા કોઈક એકાદ વખત જીતી જતાં વારંવાર દાવ અજમાવતા મેળવેલી રકમ તો ગુમાવે છે, પરંતુ સાથે સાથે પોતાની પાસે જે છે તે પણ ગુમાવતા અફસોસ સાથે નિઃસાસા નાખતા મનમાં નથી વિચારતો કે લોભ મારો નાશ કરે છે. કામની આળસ અને પૈસાની લાલચ આપણને લોભમાં રગદોળે છે.

કોઈક સ્વાદિષ્ટ વાનગી જમણવારમાં વધારે પડતી આરોગવા જતા તબિયત કથળે છે. જાણે આવી વાનગી ભવિષ્યમાં મળે કે ન મળે, તો લાવ ખાઇ લઉં એમ વિચારીને પેટની ક્ષમતા જોયા વગર દબાવે જાય અને પછી પરિણામમાં તેની તબિયત નરમ થઈ જાય છે. લોભરૂપી શત્રુની સોબતથી માણસ અવારનવાર મુશ્કેલીમાં મુકાય છે. અરે, કોઈક વખતતો માનવીનું મોત પણ નીવડી શકે. એટલે સમજુ માનવી તો લોભવૃત્તિથી દૂર રહેવામાં જ શાણપણ માને છે.

એક બાળવાર્તા આપણે સૌએ સાંભળેલી હશે, એક વાર એક વૃદ્ધ વાઘ ભૂખથી વ્યાકુળ થઈ ગયો હતો પણ ઘડપણના લીધે એ શિકાર કરવાને સમર્થ ન હતો. ત્યાં જ એણે એક પથિક પસાર થતાં જોયો, પણ પોતે સરોવરની પેલે પાર હોવાથી એણે વિચાર્યું આ પથિક જો સરોવરની આ પાર આવે તો હું એને મારો કોળિયો બનાવી દઉં પણ એમ સામેથી એ કેવી રીતે આવે? આથી, એણે એક યુક્તિ કરી.પોતાના આગલા શિકારના જે ઘરેણાં પડ્યા હતા તેનો ઢગલો કર્યો, અને પથિકને ઘરેણાંની લાલચ આપી.પથિકને મનમાં લોભ જાગ્યો, પણ સાથે વિચાર પણ આવ્યો કે આ તો હિંસક પ્રાણી કહેવાય આનો કોઈ ભરોસો ન કરાય. પથિક તેના લોભામણા પ્રસ્તાવ અને મીઠી વાણીમાં આવીને વાઘની પાસે ગયો અને જીવ ગુમાવી બેઠો. આમ, આપણને પણ આ લોભરૂપી શત્રુના આવેશમાં આવીને ન કરવાનું કરીએ છીએ. એટલે જ તો પ્રસિદ્ધ કહેવત છે અતિ લોભ તે પાપનું મૂળ.

લોભ એ એવી અગ્નિ છે જે ક્યારેય બૂઝતી નથી. જે માનવી લોભને જીતે છે, તે જીવનમાં સુખી થાય છે. લોભ તે તમારું સન્માન અને સંતોષ બંને લૂંટી લે છે. લોભ એ જીવનના સત્સંકલ્પોનો વિરોધી છે. એટલે જ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું Earth has provide enough to satisfy every man's need but not every man's greed.

લોભી માણસ ક્યારેય શાંતિ ભોગવી શકતો નથી કારણ કે તે હંમેશાં વધુ મેળવવાના આશયમાં મગ્ન રહે છે. તેની લાલસા તેને એક સ્થળેથી બીજા સ્થળે દોડતી રાખે છે, પણ આત્મસંતોષ કે આનંદ ક્યારેય પ્રાપ્ત થતો નથી. લોભ માનવનું મન અશાંતિથી ભરેલું રાખે છે અને જીવનમાં શાંતિ અને સંતુષ્ટિ માટે અવરોધરૂપ બને છે. તમારી પાસે ગમે તેટલી સુખસુવિધા હશે પણ લોભના કારણે એને તમે સંતોષપૂર્વક ભોગવી નહીં શકો.

સિકંદરને કોણ નથી ઓળખતું?એ પ્રાચીન ઇતિહાસનો એક જાજલ્યમાન તારો હતો. તે પૂર્વે ગ્રીસ અને મેસેડોનિયાનો એક સામાન્ય રાજા હતો, પણ વિશ્વ વિજયના લોભથી ગ્રીસથી છેક ભારત સુધી વિજયકુચ આદરી હતી. લોભના આવેશમાં આગળ વધેલા આ વિશ્વવિજેતાએ પણ છેલ્લે નિસાસા નાખેલા. તેના મૃત્યુથી થોડીવાર પહેલા, પોતાના સરદારોને એક વિચિત્ર સૂચના આપી. તેણે કહ્યું, જ્યારે તેઓ મારી શબપેટી બનાવે, તો તેમાં બને બાજુ બે કાણાં હોવા જોઈએ જેથી મારા બંને ખાલી હાથ બહાર રહે, માત્ર તમને બધાને એ બતાવવા માટે કે મહાન સિકંદર પણ ખાલી હાથે ગયો હતો. આમ લોભનું પરિણામ અશાંતિ અને અજંપો છે. વહેલી તકે લોભના જળને તોડીને બહાર નીકળવામાં સમજદારી છે. સત્પુરુષ અને અધ્યાત્મની સહાયથી લોભને પરાસ્ત કરી શકાય છે. હવે પ્રયત્ન આદરવો જ રહ્યો. જીવનમાં સમજદારીભર્યું કામ કરવા માટે અંતિમ ક્ષણની રાહ ના જોશો. ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હશે. આ જ સમય છે. ■

---

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# શું આપણે ખરા અર્થમાં શિવલિંગને જાણીએ છીએ ખરા?

શ્રાવણનો પવિત્ર મહિનો શરૂ થઇ ગયો છે. ઉત્તરમાં કેદારનાથથી લઈને દક્ષિણમાં રામેશ્વરમ સુધી દેશ શિવમય બની ગયો છે. આ પવિત્ર માસમાં જાન્હવી ગંગાનું પવિત્ર જળ લઈને શિવલિંગ પર અભિષેક કરવાનું અનેરું મહત્ત્વ છે. પણ જે શિવના લિંગમય સ્વરૂપને આપણે પૂજીએ છીએ, તે લિંગ છે શું? આપણે જાણીએ છીએ ખરા? મહર્ષિ વેદ વ્યાસે લિંગ મહાપુરાણની રચના કરી છે. તેમાં શિવલિંગ વિશે વિસ્તૃત સમજ આપી છે. શિવ ભક્ત તરીકે, સનાતની તરીકે પણ આપણે તે જાણવું જોઈએ.

શિવલિંગના ૩ ભાગ છે. પહેલો ભાગ એ છે જે ભૂગર્ભમાં રહે છે. વચ્ચેના ભાગમાં, આઠેય બાજુ એક સરખી બેઠક વ્યવસ્થા છે. છેલ્લે, તેનો ઉપરનો ભાગ, જે અંડાકાર છે, તેની પૂજા કરવામાં આવે છે. આ શિવલિંગની ઊંચાઈ સમગ્ર વર્તુળ અથવા પરિઘના ત્રીજા ભાગ જેટલી હોય છે, કે હોવી જોઈએ.

આ ૩ ભાગોઃ બ્રહ્મા (નીચે), વિષ્ણુ (મધ્ય) અને શિવ (ઉપર) નું પ્રતીક છે. આપણે શિવલિંગના શીર્ષ પર જળ અર્પણ કરીએ છીએ, જે મધ્યભાગ જેને આપણે સામાન્ય ભાષામાં લિંગનું થાળું કહીએ છીએ, તેમાં વહેતું અંતે નીચેના ભાગ તરફ વહીને બહાર નીકળે છે. આ થાળાને ગૌરી પીઠ પણ કહેવામાં આવે છે. બધા શિવ મંદિરોના ગર્ભગૃહમાં, ગોળાકાર પાયાની મધ્યમાં એક વક્ર અને અંડાકાર આકારનું શિવલિંગ હોય છે. પ્રાચીન ઋષિઓ અને મુનિઓએ બ્રહ્માંડના વૈજ્ઞાનિક રહસ્યને સમજીને અને તેને ઉજાગર કરીને આ સત્યના વિવિધ ખુલાસા આપ્યા છે.

## શિવલિંગનો અર્થ

શિવલિંગ ભગવાન શિવની પવિત્ર શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે સર્જનાત્મક અને વિનાશક બંને છે. જોકે, કમનસીબે કેટલાક લોકો તેનું ખોટું અર્થઘટન કરે છે. એક જ શબ્દના ઘણા



અર્થ હોઈ શકે. જેવી રીતે 'અર્થ' શબ્દનો ભાવાર્થ સંપત્તિ પણ થાય અને મતલબ તરીકે પણ લેવાય. 'સૂત્ર' શબ્દનો અર્થ દોરો પણ થાય અને ભાષ્ય કે શ્લોક પ્રમાણે લેખન પણ થાય. તેવી રીતે લિંગનો અર્થ માત્ર જનનેન્દ્રિય ન થતા, તેનાથી ચિન્હ, નિશાની, ગુણ અથવા પ્રતીક અભિપ્રેત છે. શૂન્યતા, આકાશ, અનંતતા, બ્રહ્માંડ અને નિરાકાર પરમાત્માનું પ્રતીક હોવાથી તેને 'લિંગ' કહેવામાં આવે છે.

ભારતીય ઋષિઓએ ઘણી જગ્યાએ ભગવાનના ત્રણ સ્વરૂપોનો ઉલ્લેખ કર્યો છે - 'વ્યક્ત', 'અવ્યક્ત' અને 'વ્યક્તાવ્યક્ત'. 'લિંગ પુરાણ'માં શિવના ત્રણ સ્વરૂપોમાં આ ભાવના વ્યક્ત કરવામાં આવી છે. આલિંગમ ચૈવ લિંગમ ચ, લિંગાલિંગાનિ મુર્તયઃ કહીને શરૂઆતમાં જ લિંગ પુરાણમાં કહે છે કે, શિવના ત્રણ સ્વરૂપોમાંથી એક દ્વારા સૃષ્ટિ (જગત)નો નાશ થયો હતો અને તે શિવ દ્વારા જ તે વ્યાપી છે. તે શિવના ત્રણ સ્વરૂપો છેઃ અલિંગ, લિંગ અને લિંગાલિંગ.

શિવલિંગને શિશ્નના રૂપમાં ભગવાન શિવનું પ્રતિનિધિત્વ માનવું કે લોકપ્રિય બનાવવું એ હાસ્યાસ્પદ છે. ભારતીય વેદ, ઉપનિષદ અને તત્વજ્ઞાનમાં સૃષ્ટિનો ઉદ્ભવ બ્રહ્મથી માનવામાં આવ્યો છે, બ્રહ્મને ન તો કોઈ આકાર છે કે ન તો કોઈ સ્વરૂપ. બ્રહ્મા શબ્દનું પ્રતીક તેના મૂર્ત સ્વરૂપમાં શિવલિંગ છે. સ્વામી વિવેકાનંદે પણ તેને અનંત બ્રહ્મ તરીકે જાણ્યું. શિવલિંગનો આકાર બ્રહ્માંડમાં ફરતી આપણી આકાશગંગા જેવો છે. આ શિવલિંગ આપણા બ્રહ્માંડમાં ફરતા પિંડોનું પ્રતીક છે. વેદ અનુસાર, જ્યોતિર્લિંગનો અર્થ 'વ્યાપક બ્રહ્માત્મલિંગ' થાય છે જેનો અર્થ 'વ્યાપક પ્રકાશ' થાય છે. સ્કંદ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે આકાશ પોતે એક લિંગ છે. પૃથ્વી તેની પીઠ અથવા આધાર છે અને કારણ કે તે દરેક અનંત શૂન્યમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાં ઓગળી જાય છે, તેને 'લિંગ' કહેવામાં આવે છે.

શિવલિંગના પણ વિવિધ પ્રકાર હોય છે. તેની સ્થાપના કેવી રીતે થઇ વગેરેના આધારે શિવલિંગ ઓળખાય છે. તેની વાત ક્યારેક અલગથી કરીશું. પુરાણોમાં શિવલિંગને ઘણા અન્ય નામોથી પણ સંબોધવામાં આવે છે, જેમ કે પ્રકાશ સ્તંભ લિંગ, અગ્નિ સ્તંભ લિંગ, ઊર્જા સ્તંભ લિંગ, કોસ્મિક સ્તંભ લિંગ, વગેરે. પરંતુ બૌદ્ધ કાળ દરમિયાન, ધર્મ અને શાસ્ત્રોના વિકૃતિકરણને કારણે, લિંગને ખોટા અર્થમાં લેવાનું શરૂ થયું, જે આજે પણ પ્રચલિત છે. હવે જ્યારે આપણે શિવલિંગની પૂજા કરીએ ત્યારે તેના વાસ્તવિક અર્થને સમક્ષ રાખીને પૂજા કરીએ. આપણે માત્ર એક લિંગની પૂજા નથી કરતા, પણ ત્રિદેવની કરીએ છીએ, બ્રહ્મની કરીએ છીએ, બ્રહ્માંડની કરીએ છીએ. ■

---

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# ઈશ્વરનો અવતારઃ સંત જલારામ

ગામમાંથી પસાર થઈ રહેલી સાધુમંડળીને સીધાસામાનની જરૂર છે, પરંતુ દાણાવાળાને ચૂકવવાના પૈસા ગાંઠમાં નથી.

- કોઈએ મજાકમાં કહ્યું કે,
- 'ફલાણાની દુકાને જાઓ, ત્યાં બધું મફત મળશે.'
- સાધુસંતો પેલી દુકાને ગયા.
- સૌમ્ય ચહેરાવાળો એક યુવાન ત્યાં બેઠો હતો.
- તેણે સંતોને દાળચોખા, મરીમસાલો, ઘીગોળ અને કાપડના તાકા સુધ્ધાં-આપી દીધાં. એટલું જ નહીં, જાતે માલસમાન ઉપાડીને સંતોના ઉતારે મૂકી આવ્યો.
- પડોશની દુકાનમાં બેઠેલા અદેખા વેપારીને ચીડ ચડી. પેલા યુવાનના બાપને જઈને ચાડી ખાધી.
- રોજબરોજની આવી ફરિયાદથી નારાજ થયેલા બાપા દુકાને આવ્યા અને યુવાન દીકરા પાસે માલસામાનનો હિસાબ માગ્યો.
- દુકાનમાંથી એક પૈસાની વસ્તુ પણ ઓછી નહોતી થઈ એ જોઈને પેલા અદેખા વેપારીની તો બોલતી બંધ થઈ ગઈ.
- બાપાએ એની સામે કરડી નજર કરી,
- 'કાં ખોટી ફરિયાદ કરવા દોડી આવો છો?'
- વાત ત્યાં પૂરી થઈ ગઈ,
- પરંતુ યુવાનને એ ગમ્યું નહીં. એને થયું કે મારે ખાતર ભગવાનને નાનાં નાનાં કામ કરવા પડે છે.
- તેણે કશું કહ્યા વિના સંસાર છોડી દીધો.
- પાછળથી એ સંત જલારામ તરીકે પંકાઈ ગયા.
- 'મુંબઈ સમાચાર'ની 'ધર્મતેજ' પૂર્તિના વ્હાલા શ્રદ્ધાળુ વાચક મિત્રો!
- વિદિત હશે કે રાજકોટથી જૂનાગઢ જતાં રસ્તામાં વીરપુર નામનું ગામ આવે છે. આમ તો આ નાનકડું ગામ છે. આજે તો આ



ગામમાં ઘણો વિકાસ થયો છે અને અહીં આવેલા શ્રી જલારામ મંદિરને કારણે વિશ્વભરમાં જાણીતું છે,

- ૧૮મી સદીની આ વાત છે, જ્યારે હજુ આજના જેવો હળહળતો કળિયુગ નહોતો. તેમાંય સૌરાષ્ટ્રમાં તો ગામડે ગામડે સંત-સતીઓ થતાં હતાં. ત્યાં એક પરિવારમાં જલારામનો જન્મ થયો.
- બાળવયથી જલારામનું મન સંસાર વ્યવહારમાં લાગે નહીં.

* વેપાર કરવાની મજા ન આવે
* દુકાને બેઠા હોય અને કોઈ ગરીબ ઠંડીમાં ધ્રૂજતો ત્યાંથી નીકળે તો દુકાનમાં પડેલો ગરમ ધાબળો એને ઓઢાડે છે.
* કોઈને ભૂખ્યો જુએ તો એને જમાડી દે.
* સાધુ-સંતો કે યાત્રાળુઓ માટે પૂરી સગવડ કરી આપે.

- ધીમે ધીમે તેમની શાખ ગામેગામ પ્રસરી ગઈ.

* રામનું નામ લેવું,
* દીન-દુખ્યાની સેવા કરવી અને
* ભક્તિમાં મસ્ત રહેવું એ તેમનો નિત્યક્રમ.

- માબાપે લગ્ન કરાવી આપ્યાં અને જુદા કરી નાખ્યાં.
- પરંતુ કુદરત તો આ અવતારી પુરુષ પાસે સત્કાર્યો કરાવવા માગતી હશે એટલે પત્ની વીરબાઈ પણ ભક્તિના પંથે ચાલનારી મળી.
- પતિ-પત્ની બંને મળીને સેવા કરવા લાગ્યાં.

* પાણીની નાનકડી પરબથી અને નાનકડા અન્નક્ષેત્રથી શરૂઆત કરી.
* ધીમે ધીમે સેવાકાર્ય વધતું ચાલ્યું.
* કોણ જાણે ક્યાંથી, અનાજ ભરેલાં ગાડાં આવી જતાં, ઘી-તેલનાં પીપ ભરેલા રહેતાં.

- એકવાર અન્નક્ષેત્રમાં કશું નહોતું અને યાત્રાળુઓની મોટી મંડળી આવી ચડી.
- જલારામ બજારમાં માલ લેવા ગયા.
- વેપારીની દાનત ખોરી ટોપરા જેવી હતી.
-એણે જલારામને કહ્યું કે, 'અગાઉના લેણાં ચૂકવી જાઓ તો માલ આપું.'

* ગામની બધી દુકાનો ફરી આવ્યા, ક્યાંથી માલ મળ્યો નહીં.
* હતાશ થઈને ઘેર આવ્યા ત્યારે જોયું તો યાત્રાળુઓ સુખેથી જમી કરીને આરામ કરતા હતા.
* પત્ની વીરબાઈને પૂછ્યું તો કહે,
* 'કેમ ભૂલી ગયા! તમે જાતે તો ફલાણા વેપારીને ત્યાંથી સામાન લાવેલા.'
* 'તમે જાતે પીરસીને આ બધાને હોંશેહોંશે જમાડ્યા.'

- જલારામ સમજી ગયા કે તેમની ગેરહાજરીમાં ખુદ ભગવાન આવીને સેવા કરી ગયા.
- તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં ...વ્હાલા વાચક બિરાદરો! સંત જલારામ બાપાના ચમત્કારો વિશે ઘણું બધું લખાયું છે, તેમાંનાં કેટલાંક ઉદાહરણરૂપે આવતા અંકમાં જાણીશું. ■

# ચોક્કા-છગ્ગાનો વરસાદ વરસાવવામાં ભારત જેવું કોઈ નહીં

## ઇંગ્લૅન્ડે એક દિવસમાં છોડ્યા ભારતીયોના છ કૅચ, છેલ્લાં સાત વર્ષનો વિક્રમ



લંડનઃ ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટેની પાંચ મૅચની ટેસ્ટ સિરીઝમાં શનિવારે સેકન્ડ-લાસ્ટ દિવસે નોંધાયેલા કેટલાક રસપ્રદ આંકડા પર નજર કરી લઈએ. ભારતે ટી-૨૦ના આજના જમાનામાં આ ટેસ્ટ શ્રેણીમાં ચોક્કા અને છગ્ગાની એવી રમઝટ બોલાવી કે વાત જ જવા દો. ટીમ ઇન્ડિયાએ બે મહિનાની અંદર ૧૪૮ વર્ષ જૂની ટેસ્ટ ક્રિકેટનો નવો વિક્રમ રચી દીધો.

ચોક્કા અને છગ્ગા સંયુક્ત રીતે બાઉન્ડરીઝ તરીકે ઓળખાય છેઅને એમાં હવે (ટેસ્ટમાં) ભારત વર્લ્ડ ચેમ્પિયન છે. ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટ સિરીઝમાં ભારતીય બૅટ્સમેનોએ કુલ મળીને ૪૨૨ ફોર અને ૪૮ સિક્સર ફટકારી છે. આ બન્નેનો સરવાળો કરીએ તો ભારતના નામે એક ટેસ્ટ સિરીઝમાં કુલ ૪૭૦ બાઉન્ડરીઝનો વર્લ્ડ રેકૉર્ડ બન્યો છે.

અત્યાર સુધી ઑસ્ટ્રેલિયાનો ૪૬૦ બાઉન્ડરીઝ (૧૯૯૩માં ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝમાં ૪૫૧ ફોર અને ૯ સિક્સર)નો વિશ્વ વિક્રમ હતો જે હવે તૂટી ગયો છે.

શનિવારે ઇંગ્લૅન્ડના ફીલ્ડર્સે ભારતીય બૅટ્સમેનોના કુલ છ કૅચ છોડ્યા હતા. એમાંથી ત્રણ જીવતદાન સેન્ચુરિયન ઓપનર યશસ્વી જયસ્વાલને મળ્યા હતા તેમ જ એક-એક જીવતદાન સાઈ સુદર્શન, આકાશ દીપ અને કરુણ નાયરને મળ્યું હતું.

ઇંગ્લૅન્ડની ટીમે ટેસ્ટના એક જ દાવમાં છ કૅચ છોડ્યા હોય એવું ૨૦૧૮ની સાલ પછી (છેલ્લાં સાત વર્ષમાં) પહેલી વખત બન્યું છે. ૨૦૨૨માં ઇંગ્લૅન્ડે એજબૅસ્ટનમાં ભારત સામેની ટેસ્ટના એક દાવમાં ૬ કૅચ છોડ્યા હતા. ૨૦૨૩માં વેલિંગ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટના એક દાવમાં પણ બ્રિટિશરોએ કિવીઓના ૬ કૅચ ડ્રોપ કર્યા હતા. ■

# પાકિસ્તાનને હાર ન પચી, ડબ્લ્યૂસીએલમાં હવે નહીં રમે

બર્મિંગમઃ વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબલ્યૂસીએલ)ની ફાઇનલમાં સાઉથ આફ્રિકા સામે નવ વિકેટે થયેલા પરાજયને લીધે શરમમાં મુકાયા પછી પાકિસ્તાને ક્યારેય ડબલ્યૂસીએલમાં ભાગ ન લેવાનું નક્કી કર્યું છે. ભારતે બે મૅચ રદ કરી એટલે પાકિસ્તાન આ ટૂર્નામેન્ટના આયોજક પર ગુસ્સે છે. ફાઇનલમાં પાકિસ્તાને શર્જીલના ૭૬ રનની મદદથી પાંચ વિકેટે ૧૯૫ રન કર્યા હતા. સાઉથ આફ્રિકાએ ડિવિલિયર્સ (૧૨૦ અણનમ, ૬૦ બૉલ, સાત સિક્સર, બાર ફોર) અને ડુમિની (૫૦ અણનમ)ના યોગદાનોની મદદથી ૧૬.૫ ઓવરમાં એક વિકેટે ૧૯૭ રન કરીને વિજય મેળવી લીધો હતો.■

# યશસ્વીના ખતરનાક સેલિબ્રેશનમાં બ્રિટિશ ફીલ્ડર બચ્યો

લંડનઃ યશસ્વી જયસ્વાલે શનિવારે સેન્ચુરી (૧૧૮ રન) પૂરી કરતાં જ એવું જશન મનાવ્યું કે એમાં ઇંગ્લૅન્ડનો ફીલ્ડર બચી ગયો હતો. વાત એવી છે કે યશસ્વીએ આ સદી એવા સમયે ફટકારી જ્યારે ભારતની ટૉપ-ઑર્ડર બૅટિંગ લાઇન-અપ તૂટી પડી હતી. સેન્ચુરી પૂરી થતાં જ યશસ્વી એકદમ જોશમાં આવી ગયો અને દોડ્યો હતો. તે દોડતો ગયો અને આગળ કોણ છે એ તેણે જોયું પણ નહીં અને સામે ઊભેલા ઇંગ્લૅન્ડના ફીલ્ડર સાથે અથડાતાં રહી ગયો હતો. યશસ્વીને પોતાની નજીક આવતા જોઈને ફીલ્ડર ડરી ગયો હતો. યશસ્વી તેના બૅટથી મારવા આવી રહ્યો છે કે શું? એવું ધારીને એ ફીલ્ડર સમય સૂચકતાથી વાંદરાની જેમ ગુલાંટ મારીને નીચે પડ્યો હતો અને ટકરાતાં બચી ગયો હતો.■

# મેઘરાજાએ મજા બગાડી, શ્રાવણિયો સોમવાર મોજ કરાવી શકે

## ભારત જીતે પણ ખરું અને પરાજય પણ જોવો પડી શકેઃ બપોરે 3.30 વાગ્યે બાકીનો જંગ શરૂ

લંડનઃ અહીં ઓવલમાં છેલ્લી ટેસ્ટમાં રવિવારે ચોથા દિવસે ઇંગ્લૅન્ડે ૩૭૪ રનના લક્ષ્યાંક સામે ૬/૩૩૯ના સ્કોર વખતે જીતવા ૩૫ રન કરવાના બાકી હતા ત્યારે પહેલાં બૅડ લાઇટ અને પછી વરસાદે રમત અટકાવી હતી. ભારતના બોલર્સને થોડો આરામ જરૂર મળશે. શ્રાવણિયો સોમવાર ભારતીયોમાં ખુશીની લહેર ફેલાવી શકે. સોમવારે પહેલા અડધા કલાકમાં જ મૅચનું પરિણામ આવી શકે.

ચોથી ટેસ્ટમાં જાડેજા-વૉશિંગ્ટનની સેન્ચુરીએ ભારતને બચાવ્યું હતું. અહીં હૅરી બ્રૂક (૧૧૧ રન) અને જો રૂટ (૧૦૫ રન)ની સેન્ચુરી તારણહાર બની શકે. તેમની વચ્ચે ચોથી વિકેટ માટે ૧૯૫ રનની ભાગીદારી થઈ હતી. જોકે ભારતને જીતીને સિરીઝ ૨-૨થી લેવલ કરવાની સારી તક મળી છે. પ્રસિદ્ધ ક્રિષ્નાએ ઉપરાઉપરી બે વિકેટ લેતાં ભારતની જીત માટે આશાનું કિરણ ફૂટ્યું ત્યાં નબળા પ્રકાશને લીધે રમત રોકી દેવામાં આવી હતી. જૅમી સ્મિથ (૧૭ બૉલમાં બે નૉટઆઉટ) અને જૅમી ઑવર્ટન (આઠ બૉલમાં ઝીરો નૉટઆઉટ) ભારતીય ફાસ્ટ બોલર્સ સામે છેક સુધી ઝઝૂમી રહ્યા હતા. ક્રિષ્નાની ત્રણ વિકેટ ઉપરાંત બે વિકેટ સિરાજે અને એક વિકેટ આકાશ દીપે લીધી છે. બ્રૂકની વિકેટ આકાશે અને રૂટની વિકેટ ક્રિષ્નાએ અપાવી હતી. રવિવારના પ્રથમ સત્રમાં બ્રૂકનો કૅચ સિરાજે ઝીલી લીધો હતો, પણ બાઉન્ડરી લાઇનને તેનો પગ અડી ગયો હતો. ■

# છેલ્લા બૉલમાં હોલ્ડરની ફોરઃ વિન્ડીઝ જીત્યું, પાકિસ્તાનની શર્મનાક હાર થઈ

લૉડરહિલ (અમેરિકા): છેલ્લા બૉલ પર ચોક્કો કે છગ્ગો ફટકારીને પોતાની ટીમને વિજય અપાવવામાં આવ્યો હોય એની જો વાત નીકળે તો સૌથી પહેલાં જાવેદ મિયાંદાદ અને ચેતન શર્મા વચ્ચેનો મુકાબલો યાદ આવી જાય, પણ શનિવારે અહીં લગભગ એવું જ બન્યું અને આ વખતે પાકિસ્તાનનો મુખ્ય ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીની હાલત ચેતન શર્મા જેવી થઈ હતી. ફરક માત્ર એટલો છે કે ચેતનના બૉલમાં મિયાંદાદે વિનિંગ-સિક્સર ફટકારી હતી, જ્યારે શનિવારે આફ્રિદીના બૉલમાં જેસન હોલ્ડરે વિનિંગ-ફોર મારીને વેસ્ટ ઇન્ડિઝને રોમાંચક બે વિકેટના માર્જિનથી વિજય અપાવ્યો હતો અને પાકિસ્તાની ટીમના નામે રોમાંચક અને શર્મનાક હાર લખાઈ ગઈ હતી.

### સિરીઝ ૧-૧ની બરાબરીમાં

જેસન હોલ્ડરે કૅરિબિયન ઇનિંગ્સની અગાઉ ૧૯ રનમાં ચાર વિકેટ લઈને પાકિસ્તાનને ૯/૧૩૩ સુધી સીમિત તો રખાવ્યું જ હતું, પછીથી તેણે ૧૦ બૉલમાં એક સિક્સર અને એક ફોરની મદદથી અણનમ ૧૬ રન કરીને વેસ્ટ ઇન્ડિઝને જિતાડીને ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝને ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. પાકિસ્તાને ટૉસ જીત્યા પછી બૅટિંગ પસંદ કરી હતી, પણ સ્કોર ૨૦ ઓવરને અંતે ૯/૧૩૩ રહ્યો હતો. હોલ્ડરની ચાર વિકેટ ઉપરાંત ગુડાકેશ મૉટીએ બે વિકેટ લીધી હતી. વેસ્ટ ઇન્ડિઝે જીતવા ૧૩૪ રન કરવાના હતા.

### આફ્રિદીની ૨૦મી ઓવરમાં શું બન્યું?

૧૯મી ઓવરને અંતે વેસ્ટ ઇન્ડિઝનો સ્કોર ૭/૧૨૬ હતો અને અંતિમ ઓવરમાં જીતવા તેમણે આઠ રન કરવાના હતા. કૅપ્ટન સલમાન આગાએ શાહીન આફ્રિદીને તેની ચોથી અને છેલ્લી (મૅચની અંતિમ) ઓવર માટે બોલાવ્યો હતો. અંતિમ બૉલમાં હોલ્ડરે ત્રણ રન કરવાના હતા. હોલ્ડરે એ આખરી બૉલમાં ફોર ફટકારીને વેસ્ટ ઇન્ડિઝને થ્રિલરમાં વિજય અપાવીને અભૂતપૂર્વ સેલિબ્રેશન શરૂ કર્યું હતું. ■

# ક્લાસિફાઇડ

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૧૦. મહિલાઓ માટે

**ભવ્ય સેલ**

મહાવીરમાં ખરેખરનું 60% સુધીનું ભવ્ય સેલ. ક્રોકરી, સ્ટેનલેસ સ્ટીલ, નોનસ્ટિક વાસણો, હોમ એપ્લાઈન્સેસ બેડ એન્ડ બાથ, હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર ગીફ્ટ નોવેલ્ટીઝ તથા બીજી ઘણી બધી નવીનતમ વસ્તુઓ ગેરેન્ટી / વોરંટી સાથે ત્રણેય શોરૂમ પર બ્રાન્ડેડ પ્રોડક્ટસનું ભવ્ય સેલ. નજીક તથા લાંબે રહેનાર દરેક ભાઈઓ તથા બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. 1. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ સાન્તાક્રુઝ (વેસ્ટ) મુંબઈ-54 મોબાઇલ- અરવિંદભાઈ હરિયા-9967024390- સુમિતભાઈ - 7506752375, 2) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે, ચેમ્બુર. મોબાઈલ- અશ્વિનભાઈ -8850555026, 3) મહાવીર હોમ સ્ટોર અગાસી રોડ, વિઠ્ઠલમંદિરની સામે, વિરાર (વેસ્ટ) મોબાઈલ -વિશાલભાઈ-9321066483. (ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦થી રાત્રે ૯ સુધી.) સેલ ૧૭ ઓગસ્ટ (રવિવાર) સુધી. (એસડીબી-૨૭૯૫)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૨૯૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Pickup Drop સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488. (બી-૧૬૨૨૩)

**તુષારભાઈ ટુરવાલે**

ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, નેપાળ મુક્તિનાથ યુપી, દક્ષિણ ભારત. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૩૨-સી)

## ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired, Housewives, Bankers, Salary + Incentive: 9029094202. (B-16339)

## ૧૭. જગ્યા આપવી છે

**ચોપાટી**

**ન્યુ ટાવર, 2 BHK રેરા કાર્પેટ 800 સ્કે. ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577 (Time: 10-6). (દલાલ માફ). (બી-૧૬૩૨૦)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા



**AVAILABLE ON RENT / LEASE**

**G+4 Building in Waliv, Vasai East**

C.A approx 23,000 Sq.ft. Suitable for Logistics fulfilment Center or any manufacturing and assembly like LED / Garments/ Printing / Pharma packaging

**Contact - 9370176465 mail@veerhighlands.com**

(B-16308)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદબંદર (વેસ્ટ)**

ગોદામ, સેમ્યુઅલ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા 1100 ફુટ, લોરી ટચ, હાડવેઅર, બેરિંગ, ક્રોકરી, રેડીમેડ, પ્લાસ્ટિક ધંધાને લાયક, ભાડેથી રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૮૦૩)

## ૩૧. નાણાંકીય

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**નિયતી જ્યોતિષ**

દેવી ઉપાસક, ફક્ત બહેનો માટે જ્યોતિષને લગતા દરેક કાર્યની સ્પેશ્યાલિસ્ટ. મુંબઈ - 9586654869. (એસડીબી-૨૭૮૭)

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

## ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૩૨૬)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)






'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કંગાલ | પક્વ |
| કંજૂસ | લિજ્જત |
| કંટાળો | માલેતુજાર |
| કચાશ | સુમેળ |
| કજિયો | ઉડાઉ |

## ઓળખાણ પડી?



લંકાપતિ રાવણ અને મંદોદરીના વિવાહ થયા હતા એ જ સ્થળે રાવણનું મંદિર છે. એ સ્થળ કયા શહેર નજીક છે એ જણાવો.

અ) પટના બ) જોધપુર ક) જેતલસર ડ) જબલપુર

## ગુજરાત મોરી મોરી રે

વાડિયા પેલેસ, હરિસિદ્ધિ માતાનું મંદિર અને શુલપાણેશ્વર અભયારણ્ય ગુજરાતના કયા સ્થળે સ્થિત છે એ જાણો છો?

અ) નડિયાદ બ) રાજપીપળા
ક) કુંભારિયા ડ) વાંસદા

## માતૃભાષાની મહેક

ઘણા ધનથી શ્રીમંત પણ મનથી ગરીબ હોય છે જે ઘરમાં ધન અપાર, ગરીબાઈ ગાતો ફરે, ધૂળ પડી ઈ ધનમાં, સાચું સોરઠિયો ભણે સુભાષિતમાં સુપેરે વ્યક્ત થાય છે. છતી મૂડીએ અછતની રોકકળ કરતાં લોકોના ધનમાં ધૂળ પડી એટલે કે એવું ધન વ્યર્થ છે એમ કહેવાયું છે.

## ઈર્શાદ

જો બારણાં હો બંધ તો ખોલી શકાય છે,
ખુલ્લી હવાની કેદ ક્યાં તોડી શકાય છે?
--- *વિનોદ ઓઝા*

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે બારીક તફાવત છે' વાક્યમાં બારીક શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) અદ્ભુત બ) નકામો ક) સહેજ ડ) આસમાની

## માઈન્ડ ગેમ

શરીરના આકારમાં તેમ જ ખોરાક લેવામાં હરણ સાથે સામ્ય ધરાવતું અને મહદ્ંશે આફ્રિકામાં જોવા મળતા પ્રાણીનું નામ શું?

અ) Hyena બ) Caracal
ક) Warthog ડ) Gazelle

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચ | ય | ૨ નિ | ૩ ત | ■ | ૪ પ | ૫ રં | ૬ પ | રિ | ૭ ત |
| ડ | ■ | ૮ જ | મા | ૯ લ | ■ | ૧૦ જ | જ | ■ | વા |
| ૧૧ કા | હુ | ■ | ૧૨ લ | ગ્ને | ૧૩ શ | ■ | ૧૪ વ | ખ | રી |
| રી | ■ | ૧૫ અ | ■ | ૧૬ ત | ર | ૧૭ ભા | ણી | ■ | ખ |
| ■ | ૧૮ ત | મા | ■ | ૧૯ ર | ત | લ | ■ | ૨૦ સં | ■ |
| ૨૧ ફ | ■ | ૨૨ ન | ૨૩ વિ | ■ | બં | ■ | ૨૪ ન | ક | ૨૫ રા |
| રિ | ■ | ૨૬ વિ | ઘા | ૨૭ નિ | ધી | ■ | ૨૮ વ | ર | ખ |
| યા | ■ | ય | ■ | રૂ | ■ | ૨૯ સા | ચે | ■ | ણ |
| ૩૦ દ | ૩૧ ખ | ■ | ૩૨ ગા | પ | ચી | ■ | ૩૩ ત | ૩૪ ન | હા |
| ■ | ૩૫ રા | મા | ય | ણ | ■ | ૩૬ મ | ન | વ | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ■ | ૮ | ૯ | | ■ | |
| | ■ | ૧૦ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | | ■ | |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | ■ |
| ■ | ૨૦ | | | ■ | | ■ | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | | ૨૫ | | ■ | |
| | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | ■ |
| ૨૯ | ૩૦ | ■ | | ■ | ૩૧ | | | | ૩૨ |
| ૩૩ | | | | ■ | ૩૪ | | | ■ | |

### આડી ચાવી

૧. લાગલગાટ (૬)
૫. ભરેલો ગ્લાસ --- ખાલી હોય (૩)
૭. --- પડવી એટલે ઓળખાવું (૩)
૮. યાદ કરે (૩)
૧૦. વાહન ચલાવવા --- નાખવું પડે (૩)
૧૨. બાબર --- એટલે બાબરની આત્મકથા (૨)
૧૩. યમુનાના ભાઇ (૨)
૧૫. આનંદનો મેળાવડો (૩)
૧૬. નહીંતર (૩)
૧૮. ખપાવવુંનું આજ્ઞાર્થ (૩)
૨૦. આનંદ આપે એવું (૩)
૨૧. એક --- આદમીને હીજડો બનાવે (૩)
૨૩. માપ, પ્રમાણ, વિસ્તાર (૨)
૨૪. અમીર (૪)
૨૬. આકર્ષણ (૩)
૨૮. બધા લોકો મળે એને --- કહેવાય (૨)
૨૯. ધીરે (૨)
૩૧. બદલાવ (૫)
૩૩. ગાયબ (૪)
૩૪. થાક લાગવો તે (૩)

### ઊભી ચાવી

૧. જનોઇ દેવાનો સંસ્કાર (૫)
૨. બીજાનું (૨)
૩. બહેન ભાઇને બાંધે (૩)
૪. --- ચડવી એટલે ખોટું લાગવું (૨)
૫. ---, તમે રાખડી નથી બંધાવી? (૨)
૬. ચોમાસામાં વરસાદ --- વરસે (૪)
૯. મોટો ઉત્સવ (૪)
૧૧. પાણીનો વહેળો (૨)
૧૪. ભમરો (૪)
૧૫. કમાણી (૪)
૧૭. ધૂળ (૨)
૧૯. એક આચાર્યનો શિષ્ય પરિવાર (જૈનોમાં) (૨)
૨૧. મનને ગમે એવું (૫)
૨૨. --- બંધન બધાને ગમે (૨)
૨૩. કર્મવશ (૪)
૨૪. ગાય-ભેંસનું ટોળું (૨)
૨૫. ડાયરી, દૈનંદિની (૪)
૨૭. સહાય (૩)
૩૦. સ્ત્રીજાતિ (૨)
૩૧. રસ્તો (૨)
૩૨. નમેલું (૨)

## સુડોકુ-૯૦૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૯ | ૮ | | ૨ | ૧ | | |
| | | | ૪ | ૬ | | | | ૩ |
| | ૬ | | | | | | ૮ | |
| ૭ | | ૨ | | | | | | ૧ |
| | ૪ | | | ૭ | | | ૬ | |
| ૧ | | | | | | ૮ | | ૨ |
| | ૫ | | | | | | ૩ | |
| ૬ | | | | ૪ | ૯ | | | |
| | | ૩ | ૫ | | ૬ | ૯ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૮ | ૪ | ૬ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૨ |
| ૫ | ૧ | ૮ | ૩ | ૨ | ૯ | ૪ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૩ | ૫ |

## ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| આદર | તિરસ્કાર |
| આસાન | મુશ્કેલ |
| અવાજ | નીરવતા |
| અસ્ત | ઉદય |
| આખર | આરંભ |

**ઓળખાણ પડી?** નવસારી

**માઈન્ડ ગેમ** બપૈયો

**ચતુર આપો જવાબ અર્થ જણાવો** નાશ

**ગુજરાત મોરી મોરી રે** બન્ની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન નિપીન શેઠ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કમલ માતલિયા (૪૮) મહેશ સંઘવી (૪૯) વિપિન શાહ (૫૦) ધવલ શાહ (૫૧) હરીશ ભટ્ટ (૫૨) નયના હરેશ ભટ્ટ

# ટૅરિફની આડઅસરે દેશના લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની નિકાસને મોટો ફટકો પડશે

મુંબઈઃ ટ્રમ્પની ટેરિફની આડઅસરે દેશના લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની નિકાસને મોટો ફટકો પડવાની સંભાવના છે. આ ક્ષેત્રના અભ્યાસુઓ માને છે કે, સુક્ષ્મ, નાના, મધ્યમ ઉદ્યોગો ટેરિફની અસરને સંતુલિત કરી શકશે નહી તેમજ માર્જિનમાં પણ ઘટાડો જોવા મળશે. દેશમાં કાર્યરત એમએસએમઈમાંથી ૫૦ ટકા નિકાસ વેપારમાં પ્રવૃત્ત છે.

અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાના નિર્ણયને કારણે દેશમાંથી નિકાસ પર અસર પડવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે ત્યારે બેન્કો નિકાસલક્ષી એવા માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ)ને ધિરાણ પૂરા પાડવામાં સાવચેતી ધરાવશે એમ બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો જણાવી રહ્યા છે.

આ અગાઉ પૂરી પડાયેલી લોન દબાણ હેઠળ આવી જવાની બેન્કોમાં ચિંતા ઊભી થઈ છે. અમેરિકાની પચ્ચીસ ટકા ટેરિફને કારણે નિકાસલક્ષી એવા એમએસએમઈની લોન કાચી પડવાની શકયતા વધી ગઈ છે. એમએસએમઈને પૂરી પડાયેલી લોન સામે ધિરાણદારો તેમની પાસેથી વધુ કોલેટરલ માગવાનું શરૂ કરાશે એમ એક બેન્કરે જણાવ્યું હતું. એમએસએમઈની એસેટ કવોલિટી અત્યારસુધી સ્થિર છે, પરંતુ આવનારા દિવસોમાં નિકાસ બજારમાં તેમની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે, જે તેમની એસેટ કવોલિટી પર અસર કરશે. ગયા નાણાં વર્ષમાં બેન્ક ધિરાણમાં એકંદર ઘટાડો થયો હતો પરંતુ એમએસએમઈને ધિરાણમાં ૧૪.૧૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી જે રિટેલ તથા સેવા ક્ષેત્રમાં થયેલી વૃદ્ધિ કરતા વધુ હતી.

દેશમાં કાર્યરત એમએસએમઈમાંથી ૪૮થી ૫૦ ટકા એમએસએમઈ નિકાસલક્ષી છે. આવી સ્થિતિમાં ધિરાણદાર બેન્કો નિકાસલક્ષી કરતા ઘરઆંગણે જેમનું વેચાણ વધારે છે તેવા એમએસએમઈને ધિરાણ પૂરુ પાડવાનું વધુ પસંદ કરશે એમ બેન્કરે વધુમાં જણાવ્યું હતું. પચ્ચીસ ટકા ટેરિફને કારણે ભારતના ટેકસટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફૂટવેર તથા એન્જિનિયરિંગ નિકાસ પર અસર પડવાની ચિંતા વ્યકત કરવામાં આવી રહી છે.

દેશના આર્થિક વિકાસ દર તથા રોજગાર પૂરા પાડવામાં એમએસએમઈની મહત્વની ભૂમિકા રહે છે. દેશની મોટાભાગની બેન્કોએ એમએસએમઈ ક્ષેત્રને જંગી લોન્સ પૂરી પાડી છે. ખાસ કરીને કોરોનાના કાળ બાદ એમએસએમઈને ટેકો પૂરો પાડવા ખાસ ધિરાણ યોજના પણ જાહેર કરવામાં આવી હતી.

ઊંચા ટેરિફને કારણે જે એમએસએમઈ પોતાની પરના બોજને પસાર કરી નહીં શકે તેમના માર્જિન પર દબાણ આવી શકે છે આવી સ્થિતિમાં તેમના દ્વારા પેમેન્ટમાં ઢીલ પડવાની શકયતા રહેલી છે, એમ અન્ય એક બેન્કરે જણાવ્યું હતું. નાણાં વર્ષ ૨૦૨૦માં એમએસએમઈની કુલ લોનમાં ૧૧.૦૩ ટકા લોન નોન પરફોર્મિંગ એસેટસ બની ગઈ હતી જે નાણાં વર્ષ ૨૦૨૫ના અંતે ૩.૫૯ ટકા પર આવી ગઈ હતી. હવે સ્થિતિ ફરી ગંભીર બનવાની બેન્કરોને ચિંતા સતાવી રહી છે. ■

# ટ્રમ્પની ટૅરિફ વૉર, ડૉલર, એફઆઈઆઈ અને કોર્પોરેટ પરિણામ આપશે બજારને દિશા

## ફોરકાસ્ટ

### નિલેશ વાઘેલા

મુંબઈઃ ભારતીય શેરબજારે આ સપ્તાહ દરમિયાન વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના દબાણ હેઠળથી પસાર થવાનું છે, જેમાં યુએસ ટેરિફ, મજબૂત ડોલર અને વિદેશી રોકાણકારોનું વેચાણ શામેલ છે. ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્રમી નબળી કમાણી પણ બજારના માનસને ખરડે છે. ભારતીય રિઝર્વ બેંકના નીતિગત નિર્ણયની આતુરતાથી રાહ જોવાઇ રહી છે. ભારત-યુએસ વેપાર પર રાજદ્વારી પ્રયાસો મહત્વપૂર્ણ છે. બજારની દિશા માટે રોકાણકારોની આ પરિબળો પર નજર છે.

વૈશ્વિક ઇક્વિટી બજારોમાં પાછલા સપ્તાહ દરમિયાન અમેરિકન ટેરિફને કારણે વેપાર સંબંધિત વ્યવધાન ઊભા થવાની ચિંતા ફરીથી સપાટી પર આવતાં વ્યાપક દબાણ જોવા મળ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડઝનબંધ દેશો પર નવા ટેરિફની જાહેરાત કરી છે, જેમાં ભારતના માલ પર પચ્ચીસ ટકા ડ્યુટીનો સમાવેશ થાય છે. આ અમેરિકન સંરક્ષણવાદના નવા યુગની શરૂઆત છે જેણે વૈશ્વિક વેપાર પરિદૃશ્યમાં વ્યાપક વિક્ષેપ અંગે નવી તંગદીલી અને ચિંતાને જન્મ આપ્યો છે. 'પારસ્પરિક ટેરિફ દરોમાં વધુ ફેરફાર' શીર્ષક ધરાવતા એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં, ટ્રમ્પે લગભગ ૭૦ દેશો માટે ટેરિફ દરોની જાહેરાત કરી હતી. અગાઉ પહેલી ઓગસ્ટ ટેરિફની અંતિમ તારીખ હતી, હવે નવા વેરા સાતમી ઓગસ્ટથી અમલમાં આવશે.

ટ્રમ્પ દ્વારા પહેલી ઓગસ્ટથી ભારતમાંથી આવતા તમામ માલ પર પચ્ચીસ ટકા ટેરિફ લાદવાની અને રશિયન ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનો ખરીદવા બદલ અનિશ્ચિત પેનલ્ટીની જાહેરાત કર્યા પછી ગુરુવારે ભારતીય શેરબજારે આંચકો અનુભવ્યો છે. અમેરિકાએ તાજેતરના દિવસોમાં જાપાન, યુકે અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય ભાગીદારો સાથે અનુકૂળ વેપાર સોદા કર્યા છે. જોકે, રશિયન આયાત માટે દંડનો સામનો કરનાર ભારત પહેલો દેશ છે.

બજારના પીઢ અભ્યાસુએ જણાવ્યું હતું કે, સ્થાનિક ઇક્વિટી બજાર વેપાર વાટાઘાટોને લગતી અનિશ્ચિતતામાં વધારા અને નબળા કોર્પોરેટ પરિણામોને કારણે અફડાતફડીમાંથી પસાર થવું પડ્યું છે. બજાર સાવચેતીભર્યા આશાવાદ અને રક્ષણાત્મક સ્થિતિ વચ્ચે અથડાતું રહ્યું, જે અંતે એફઆઇઆઇના સતત આઉટફ્લોને કારણે ગબડી ગયું. વૈશ્વિક પ્રતિકૂળતાઓ સાથે, રોકાણકારોએ સ્થાનિક પરિબળો પર ધ્યાન આપવાનું પસંદ કર્યું અને એફએમસીજી શેરો આકર્ષક મૂલ્યાંકન અને બાહ્ય આંચકાઓથી બચીને બહાર આવ્યા. જોકે, વૈશ્વિક સ્તરે, અમેરિકાના વધતા ફુગાવા અને ફેડરલ રિઝર્વ તથા બેન્ક ઓફ જાપાનના આક્રમક સંકેતોને કારણે બજારો દબાણ હેઠળ રહ્યા. વ્યાજ દરોમાં તાત્કાલિક ઘટાડો થવાની આશાઓ ઓછી થઈ ગઈ હોવાથી ઊભરતા બજારો પર ભારે પ્રભાવ પડ્યો હતો.

એક ટોચના બજાર વિશ્લેષકે જણાવ્યું હતું કે, રોકાણકારો આ સપ્તાહે વ્યાજદર અંગેના આરબીઆઇના નિર્ણય પર ઝીણવટભરી નજર રાખશે, સ્થિર ફુગાવાનો અંદાજ, વેપાર વાટાઘાટોમાં સંભવિત પ્રગતિ અને સ્થાનિક ક્ષેત્રોમાં પસંદગીયુક્ત મજબૂતાઈ રિકવરી માટે પાયો નાખે એવી અપેક્ષા છે. એ જ સાથે એફઆઇઆઇનું વલણ પણ મહત્ત્વનું છે. તેમણે જુલાઈમાં રૂ. ૩૧૯૮૮ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હોવાથી પહેલી ઓગસ્ટ સુધી ૨૦૨૫ માટે કુલ વેચાણ આંકડો રૂ. ૧,૩૧,૮૭૬ કરોડ સુધી પહોચ્યો છે. જોકે, પ્રાથમિક બજાર દ્વારા ખરીદી કરવાની એફઆઇઆઇ વ્યૂહરચના જુલાઈમાં પણ ચાલુ રહી, જેમાં માસિક ખરીદીનો આંકડો રૂ. ૧૪,૨૪૭ કરોડનો હતો. વર્ષ ૨૦૨૫ માટે પ્રાથમિક બજાર દ્વારા એફઆઇઆઇનું કુલ રોકાણ રૂ. ૩૬૨૩૫ કરોડ રહ્યું છે. જોકે, ડોલર ઇન્ડેક્સમાં ૧૦૦ સુધીનો તીવ્ર વધારો એ બીજી નકારાત્મક બાબત છે જે નજીકના ગાળામાં એફઆઇઆઇ પ્રવાહને અસર કરી શકે છે.

એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ સાથે સંકળાયેલા ફ્રન્ટરનીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે પાંચ રાજ્યોમાં તપાસ શરૂ કરી છે. આ રૂ. ૨૦૦ કરોડના ગેરકાયદે નફો ગજવે કરવાના આરોપસર એક્સિસના માજી ફંડ મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. આઇટી શેરોમાં ફંડોની વેચવાલીથી આઇટી ઇન્ડેક્સ પર ભારે અસર પડી અને ફાર્માસ્યુટિકલ્સ સંબંધિત અનિશ્ચિતતાએ ફાર્મા ઇન્ડેક્સ પર પણ અસર કરી હતી, જોકે આ ક્ષેત્રની ઘણી કંપનીઓના સારા પરિણામો આપ્યા છે.

પાછલા સપ્તાહના કોર્પોરેટ પરિણામમાં સનફાર્માએ જુન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૨૭૯ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યું હતું. વન મોબિક્વિક સિસ્ટમની ખોટ પ્રથમ ક્વાર્ટરમાં વધીને રૂ. ૪૨ કરોડ થઇ છે, જ્યારે રેવન્યૂ ૨૦.૭ ટકાના કડાકા સાથે રૂ. ૨૭૧ કરોડ રહી છે.

સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઇન્શ્યોરન્સે જૂન ક્વાર્ટર દરમિયાન ચોખ્ખા નફામાં ૧૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૬૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. રાજ્ય માલિકીની પાવર જાયન્ટ એનટીપીસી લિમિટેડનો જૂન ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧૧ ટકા વધીને રૂ. ૬,૧૦૮.૪૬ કરોડ થયો છે.

મહિન્દ્રાનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૨૪ ટકા વધીને રૂ. ૪૦૮૩ કરોડ નોંધાયો હતો. સ્પેન્સરર્સ રિટેલની ખોટ પ્રથમ ક્વાર્ટરમાં વધીને રૂ. ૬૧.૬૦ કરોડ નોંધાઇ છે. પાછલા વર્ષે સમાનગાળામાં કંપનીએ રૂ. ૪૩.૪૩ કરોડની ખોટ નોંધાવી હતી. કેપીઆઇટી ટેકનો નફો જૂન ક્વાર્ટર દરમિયાન ૧૬ ટકા ઘટીને રૂ. ૧૭૨ કરોડ રહ્યો હતો.

એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૮૦.૯૧ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૭.૯૧ કરોડની કુલ આવક, ૮૦.૯૭ ટકાની વૃદ્ધિ રૂ. ૨.૬૧ કરોડનો એબિટા અને ૫૯.૩૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧.૩૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઇપીસી પ્રોજેક્ટ, ટોલવે કલેકશન સહિતના કામકાજમાં વ્યસ્ત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કંપની હાઇવે ઇન્ફ્રાસ્ટ્રકચરની પ્રાઇસ બેન્ડ રૂ. ૬૫થી રૂ. ૭૦ અને અરજી માટે લોટ સાઈઝ ૨૧૧ છે. આ રૂ. ૧૩૦.૦૦ કરોડનું બુકબિલ્ડિંગ જાહેર ભરણું પાંચમી ઓગસ્ટે ખુલશે અને સાતમી ઓગસ્ટે બંધ થશે. શેરની ફાળવણી આઠમી ઓગસ્ટે અને લિસ્ટિંગ ૧૨ ઓગસ્ટે થશે.

મંઝિલ એસેટ મેનેજમેન્ટે મુંબઈ ખાતે ખાનગી યુએઈ રોકાણ સમિટ, મંઝિલ મજલિસનું આયોજન કર્યું હતું, જેમાં દુબઈના નીતિ ઘડવૈયા, નાણાકીય નિષ્ણાતો, કાનૂની નિષ્ણાતો અને ટોચના ડેવલપર્સ સહિત ૨૫૦થી વધુ ખાસ આમંત્રિત ઉપસ્થિત રહ્યાં હતાં. આયાજકોએ દુબઇના આગામી દાયકાની વિકાસ રૂપરેખા સમજાવવા સાથે ત્યાં રિઅલ એસ્ટેટમાં રોકાણ માટેના સંપૂર્ણ સોલ્યુશનની સમજ આપી હતી. દુબઈના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રાઇમ ઝોનમાં વાર્ષિક ધોરણે વીસથી ત્રીસ ટકા જેટલી વૃદ્ધિ અને સાતથી દસ ટકાનું ચોખ્ખું કરમુક્ત વળતર નોંધાયું છે, ભારતીય મૂડી ઝડપથી માળખાગત વૈશ્વિક રોકાણ માળખા તરફ વળી રહી છે. ■

# સારા વરસાદને કારણે એસી, કૂલર અને વીજ વપરાશમાં ઘટાડો

નવી દિલ્હીઃ જુલાઈમાં દેશમાં વીજળીનો વપરાશ માત્ર બે ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ નોંધાયો છે. ઉપલબ્ધ અહેવાલ અનુસાર દેશભરમાં થયેલા વરસાદને કારણે એર કન્ડીશનર, કુલર જેવા ઉપકરણોનો ઉપયોગ ઘટતા વીજ વપરાશ ઘટયો છે.

દેશમાં વીજળી વપરાશ અને માગના ડેટા દર્શાવે છે કે જુલાઈ ૨૦૨૫ દરમિયાન, દેશમાં વીજળીનો વપરાશ વાર્ષિક ધોરણે માત્ર ૨.૬ ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ થયો હતો. વીજળીની માગમાં આ નજીવો વધારો મુખ્યત્વે દેશભરમાં સક્રિય ચોમાસાને કારણે થયેલા ભારે વરસાદ અને તેના કારણે એર કન્ડીશનર, કુલર જેવા ઠંડક ઉપકરણોના ઓછા ઉપયોગનું પરિણામ હતું. જુલાઈમાં એક દિવસમાં સૌથી વધુ વીજળીની માંગ પણ જુલાઈ ૨૦૨૪માં લગભગ ૨૨૬.૬૩ ગીગાવોટ હતી તે ઘટીને ૨૨૦.૫૯ ગીગાવોટ થઈ ગઈ હતી. એ નોંધનીય છે કે મે ૨૦૨૪માં એક જ દિવસમાં સૌથી વધુ વીજળીની માંગનો સર્વકાલીન ઉચ્ચ સ્તર ૨૫૦ ગીગાવોટની આસપાસ પહોંચ્યો હતો.

અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૩માં આ આંકડો ૨૪૩.૨૭ ગીગાવોટ હતો. સરકારી અંદાજ મુજબ, ૨૦૨૫ના ઉનાળામાં મહત્તમ વીજળીની માંગ ૨૭૭ ગીગાવોટ સુધી પહોંચવાની ધારણા હતી, પરંતુ આ વખતે એપ્રિલમાં શરૂ થયેલી ઉનાળાની ઋતુ દરમિયાન, જૂનમાં સૌથી વધુ માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા આઠ દિવસ પહેલા ૨૪મી મેના રોજ કેરળના દરિયાકાંઠે પહોંચ્યું હતું, જેના કારણે દેશભરમાં ભારે વરસાદ પડયો હતો અને જૂન-જુલાઈમાં એર કન્ડીશનર, ડેઝર્ટ કુલર વગેરેનો વપરાશ ઓછો થયો હતો. આ ઉપકરણોનું વેચાણ પણ ઘટી ગયું હતું. ■

# કોર્પોરેટ સેક્ટરની પ્રથમ ત્રિમાસિક નાણાકીય કામગીરી નિરાશાજનક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારના સેન્ટિમેન્ટ પર કંપનીઓના નાણાકીય પરિણામોની અસર રહેતા શેરલક્ષી કામકાજ વધી રહ્યાં છે. બજારના અભ્યાસુઓ અનુસાર કોર્પોરેટ સેકટરની પ્રથમ ત્રિમાસિક નાણાકીય કામગીરી નિરાશાજનક રહી છે.

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના જૂન ક્વાર્ટરમાં સંયુક્ત ચોખ્ખા નફામાં ૫.૯૭ ટકાનો વધારો નોંધાવ્યો છે. લાર્સન એન્ડ ટુબ્રોએ જૂન ક્વાર્ટર દરમિયાન ૨૯.૮ ટકાના વધારા સાથે રૂ. ૩,૬૧૭.૧૯ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો રળ્યો છે.

મારુતિ સુઝુકીએ પ્રથમ ક્વાર્ટરમાં સહેજ વધારા સાથે રૂ. ૩૭૯૨ કરોડનો નફો નોંધાવ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૩૭૬૦ કરોડ હતો. કોગ્નીઝેન્ટે ચોખ્ખા નફામાં ૧૪ ટકા વધારો અને વાર્ષિક રેવન્યુ ફોરકાસ્ટ પણ સુધારીને ચારથી છ ટકા જાહેર કરી છે. આર્સેલર મિત્તાલની ચોખ્ખી આવક ત્રણ ગણી વધીને ૧૭૯૩ મિલિયન ડોલર રહી છે.

સ્વીગીની ચોખ્ખી ખોટ પ્રથમ ક્વાર્ટરમાં બમણી થઇને રૂ. ૧૧૯૭ કરોડ નોંધાઇ છે. પીએનબીએ સ્ટેન્ડઅલોન ધોરણે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૭૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એનએસઇનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૨૯૨૪ કરોડ રહ્યો છે અને કુલ આવકમાં ત્રણ ટકાનો વધારો થયો છે.

પ્રાઇમરી માર્કેટની હલચલમાં શાંતિ ગોલ્ડ ઇન્ટરનેશનલનો શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૧૫ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. સપ્તાહ દરમિયાન બ્રિગેડ હોટલનો શેર તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા જેવા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. જીએનજી ઇલેક્ટ્રોનિક્સના શેર ૫૦ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

ઇન્ડિક્વીબ સ્પેસનો શેર તેના રૂ. ૨૩૭ના ઇશ્યુ ભાવ સામે લગભગ નવ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. મઝગાંવ ડોકના પ્રથમ ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. વારી એનર્જીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૯ ટકા વધીને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૭૪૫ કરોડ નોંધાયો હતો. એક્સેલસોફ્ટને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી છે. ■

# રશિયાથી કોલસાની આયાતમાં વધારો

નવી દિલ્હીઃ રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઇલ ઉપરાંત કોલસાની ખરીદીમાં પણ તાજેતરના સમયમાં વધારો જોવા મળ્યો છે. રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઇલ ઉપરાંત કોલસાની ખરીદીમાં પણ તાજેતરના સમયમાં વધારો જોવા મળ્યો છે.

વર્તમાન વર્ષના એપ્રિલ-મેમાં ભારતની થર્મલ કોલની આયાતમાં રશિયાનો હિસ્સો વધી ૧૩.૪૦ ટકા જેટલો રહ્યો હતો જે અમેરિકાના ૧૩.૭૦ ટકાની લગભગ નજીક છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮ તથા ૨૦૧૯માં અમેરિકા ખાતેથી ભારતમાં કોલસાની નિકાસ રશિયાની સરખામણીએ ચાર ગણી રહી હતી.

નાણાં વર્ષ ૨૦૨૫માં ભારતની કોલસાની એકંદર આયાતમાંથી ૧૧.૧૦ ટકા આયાત અમેરિકા ખાતેથી થઈ હતી, જ્યારે રશિયાનો હિસ્સો ૧૦.૭૦ ટકા હતો. આમ રશિયા ખાતેથી ક્રૂડ ઓઇલ ઉપરાંત ભારતની કોલસાની આયાત પણ વધી ગયાનું ચિત્ર નજરે પડે છે.

નાણાં વર્ષ ૨૦૧૯માં ભારતની કોલસાની આયાતમાં રશિયાનું સ્થાન આઠમું હતુ અને અમેરિકાનું ચોથુ હતું. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલ-મેમાં અમેરિકા ત્રીજા સ્થાને આવી ગયું છે જ્યારે રશિયા ચોથા સ્થાને એમ પ્રાપ્ત ડેટા જણાવે છે. ■

# લો બોલો! અમેરિકા પોતે જ રશિયા સાથે ક્રૂડ ઓઈલનો વેપાર કરતું હોવાનો ચીનનો દાવો

મુંબઈઃ અમેરિકા વિશ્વને રશિયા સાથે વેપારી સંબંધો ના રાખવા અને રાકે તો પેનલ્ટી લાદવાની ધમકીઓ આપી રહ્યું છે. એ જ સાથે રશિયા પાસેથી ક્રુડ તેલ તથા શસ્ત્રો ખરીદવા બદલ ભારતને પેનલ્ટી લાગુ કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે, પરંતુ અમેરિકા પોતે જ રશિયા સાથે વેપાર કરતું હોવાનો ચીન દ્વારા દાવો કરવામાં આવ્યો છે. રશિયાનું ક્રુડ તેલ ખરીદનારા દેશોના માલસામાન પર ૫૦૦ ટકા સુધી ટેરિફ લાગુ કરવાની અમેરિકાએ આપેલી ચીમકીના પ્રતિસાદમાં ચીને જણાવ્યું હતું કે આજની તારીખમાં પણ અમેરિકા રશિયા સાથે વેપાર કરી રહ્યું છે ત્યારે અમેરિકાને તે કઈ રીતે સ્વીકાર્ય છે? અને બીજા માટે કેમ નહીં? એમ સંયુક્ત રાષ્ટ્રમાં ચીનના કાયમી નાયબ પ્રતિનિધિ જેંગ શુઆંગે સવાલ કર્યો હતો.

ભારત પર પચ્ચીસ ટકા ટેરિફ જાહેર કરતી વખતે ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ તથા શસ્ત્રોની ખરીદી કરી ભારત રશિયાને મદદ કરી રહ્યું હોવાનો આક્ષેપ કરી આ માટે પેનલ્ટી વસૂલવાની જાહેરાત કરી હતી. જો કે ટેરિફ અંગેના ઓર્ડરમાં પેનલ્ટી બાબત કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

દરમિયાન પ્રાપ્ત અહેવાલ પ્રમાણે ભારતની ઓઈલ રિફાઈનરીઓએ રશિયા પાસેથી ક્રુડ તેલ ખરીદવાનું બંધ કરી દીધું છે. અમેરિકા દ્વારા પેનલ્ટીના કિસ્સામાં ભારતે હવે અન્યત્ર ખાતેથી ઓઈલ ખરીદવાની ફરજ પડશે જેને કારણે વિશ્વ બજારમાં ક્રુડ તેલના ભાવમાં વધારો થવાની શકયતા રહેલી છે.

જોકે, એક અહેવાલ અનુસાર ભારત સરકારે રિફાઇનરીઓને રશિયાથી આયત બંધ કરવા કોઈ આદેશ આપ્યો નથી. ભારત ક્રૂડ ઓઇલનો ત્રીજો મોટો વપરાશકાર દેશ છે. ક્રૂડ ઓઇલક્રૂડ ઓઇલના ભાવમાં વધારાથી ભારતનું આયાત બિલ વધી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

ક્રૂડ ઓઇલના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડોલર સુધીના વધારાથી ભારતના ક્રૂડ ઓઇલ આયાત બિલમાં ૧૩-૧૪ અબજ ડોલર જેટલો વધારો થઈ શકે છે. આ ઉપરાંત ઓઈલ માર્કેટિંગ કંપનીઓની પેટ્રોલ તથા ડીઝલ પરની અન્ડર રિકવરીસમાં વધારો જોવા મળશે.

રશિયા પાસે ડિસ્કાઉન્ટમાં ઓઇલ ખરીદીને કારણે મે ૨૦૨૨થી મે ૨૦૨૫ના ગાળામાં ભારતના ક્રૂડ ઓઇલના આયાત બિલમાં અંદાજે ૧૭.૨૦ અબજ ડોલરની બચત થવા પામી છે. દરમિયાન પાકિસ્તાનમાં ક્રૂડ ઓઇલ રિઝર્વ ઊભું કરવાની અમેરિકાની જાહેરાત બાદ હવે પાકિસ્તાને અમેરિકા પાસેથી પહેલી જ વખત ક્રૂડ ઓઇલ ખરીદી કરાર કર્યા છે. પાકિસ્તાનની એક રિફાઈનરીએ અમેરિકા પાસેથી દસ લાખ બેરલ ક્રૂડ ઓઇલ ખરીદવા કરાર કર્યા છે. આ ખરીદી વર્તમાન વર્ષના ઓકટોબરમાં પાર પડશે. પાકિસ્તાન દ્વારા અમેરિકા ખાતેથી પહેલી જ વખત આ ખરીદી કરવામાં આવી રહી છે. ■

# એફએમસીજી સિવાયનાં ક્ષેત્રોમાં વેચવાલીના દબાણ સાથે પીછેહઠ જોવા મળી

મુંબઈઃ એફઆઇઆઇની વધતી અને એકધારી વેચવાલી સહિતના પરિબળોને કારણે શેરબજારના માર્કેટ કેપિટલમાં ઘટાડો જોવા મળ્યો હતો. સપ્તાહ દરમિયાન માત્ર એફએમસીજી ઈન્ડેક્સ વધ્યો હતો. એફએમસીજી સિવાયના ક્ષેત્રોમાં વેચવાલીના દબામ સાથે પીછેહઠ જોવા મળી હતી. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૭.૧૫ લાખ કરોડનો ઘટાડો નોધાયો હતો. એફઆઈઆઈની રૂ. ૧૯,૧૩૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

શુક્રવાર તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૮૬૩.૧૮ પોઈન્ટ્સ (૧.૦૬ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના અંતમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૪૬૩.૦૯ના બંધ સામે આ શુક્રવારે ૮૦,૫૯૯.૯૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૧,૨૯૯.૯૭ પોઈન્ટ્સ પર ખૂલી ગુરુવાર, ૩૧ જુલાઈ, ૨૦૨૫એ ઉપરમાં ૮૧,૮૦૩.૨૭ સુધી તથા શુક્રવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૫એ નીચામાં ૮૦,૪૯૫.૫૭ સુધી ગયો હતો.

ગત શુક્રવાર ૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૫૧.૬૭ લાખ કરોડ હતું તે ૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રૂ.૭.૧૫ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૪.૫૨ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં, બીએસઈ સ્મોલકેપ (૨.૪૭ ટકા), બીએસઈ મિડકેપ (૧.૭૯ ટકા), બીએસઈ ૧૦૦ (૧.૧૬ ટકા), બીએસઈ ૨૦૦ (૧.૨૯ ટકા), બીએસઈ ૫૦૦ (૧.૪૭ ટકા) ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં માત્ર એફએમસીજી ઈન્ડેક્સ ૨.૪૧ ટકા વધ્યો હતો, જ્યારે ટેક ૩.૦૨ ટકા, પીએસયુ ૨.૮૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૭૫ ટકા, આઈટી ૨.૬૩ ટકા, હેલ્થકેર ૨.૩૭ ટકા, બેન્કેક્સ ૧.૯૬ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૬ ટકા, ઓટો ૧.૫૮ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૧.૫૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૪ ટકા અને પાવર ૦.૫૯ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૨૯ કંપનીઓના ભાવ વધ્યા, ૭૧ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૨૦૦માં ૫૦ કંપનીઓના ભાવ વધ્યા, ૧૫૦ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૩૦માં ૭ કંપનીઓના ભાવ વધ્યા અને ૨૩ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૫૦૦માં, ૧૨૮ કંપનીઓ વધી, ૩૭૨ કંપનીઓ ઘટી. મિડકેપમાં, ૩૬ કંપનીઓ વધી, ૧૦૧ કંપનીઓ ઘટી. સ્મોલકેપમાં, ૨૫૦ કંપનીઓ વધી, ૭૨૦ કંપનીઓ ઘટી અને એક કંપની યથાવત રહી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં હિંદુસ્તાન યુનિલિવર ૫.૩૪ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૪.૦૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૩.૮૬ ટકા ટ્રેન્ટ ૨.૭૨ ટકા અને આઈટીસી ૧.૭૨ ટકાનો વધારો થયો હતો. જ્યારે સર્વાધિક ઘટેલા પાંચ શેરોમાં કોટક બેન્ક ૬.૬૭ ટકા, ટાટા મોટર્સ ૫.૯૪ ટકા, ટાટા સ્ટીલ ૫.૪૯ ટકા, બીઈએલ ૪.૮૧ ટકા, અને ટાટા કન્સલ્ટન્સી ૪.૩૭ ટકા ઘટ્યા હતા.

ગ્રુપ અનુસાર ચડઉતારમાં એ ગ્રુપની ૭૨૭ કંપનીઓમાંથી ૧૮૪ કંપનીઓના ભાવ વધ્યા હતા, જ્યારે ૫૪૩ના ઘટ્યા હતા. બી ગ્રુપની ૧૨૪૦ કંપનીઓમાંથી ૨૯૧ કંપનીઓના ભાવ વધ્યા હતા અને ૯૪૪ કંપનીઓના ભાવ ઘટ્યા હતા, જ્યારે પાંચ કંપનીઓના ભાવ યથાવત રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન, બી ગ્રુપની ૧૧ કંપનીઓ પર નીચલી સર્કિટ બ્રેકર અને આઠ કંપનીઓ પર ઉપલી સર્કિટ બ્રેકર લાદવામાં આવી હતી. સપ્તાહ દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની બીએસઈ અને એનએસઈ પર રૂ. ૭૫,૧૦૮.૨૬ કરોડની ખરીદી અને રૂ.૫૧,૮૫૬.૪૮ કરોડની વેચવાલી રહી હતી. આમ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૨૩,૨૫૧.૭૮ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. ■

# નવા આવકવેરા બિલમાં કોઈપણ ફેરફાર નહીં

નવી દિલ્હીઃ આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે નવું આવકવેરા બિલ કોઈપણ કર દરમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરતું નથી. નવું આવકવેરા બિલ, ૨૦૨૫, લાંબા ગાળાના મૂડી લાભ પર કર દરમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂકે છે તેવા અહેવાલો પર સ્પષ્ટતા કરતા, આવકવેરા વિભાગે કહ્યું કે, તે (બિલ) કોઈપણ કર દરમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરતું નથી. બિલ પસાર કરતી વખતે આ સંદર્ભમાં કોઈપણ અસ્પષ્ટતાને યોગ્ય રીતે સંબોધવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું. ■

# કોપર પર પચાસ ટકા ટૅરિફના અમલથી અમેરિકાને જ વધુ નુકસાન થશે

નવી હિલ્હી : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલી ઓગસ્ટથી તાંબાની આયાત પર પચાસ ટકા જકાત લાદવાની જાહેરાત કરી છે. આ નિર્ણય ૧૯૬૨ના વેપાર વિસ્તરણ કાયદાની કલમ ૨૩૨ હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓના આધારે લેવામાં આવ્યો છે. હવે તેનો અમલ સાત દિવસ પાછળ ઠેલાયો છે કે નહીં, તેની સ્પષ્ટતા બાકી છે.

આ નિર્ણયનો હેતુ વિદેશી તાંબા પર નિર્ભરતા ઘટાડવાનો છે. અમેરિકાનો દાવો છે કે વિદેશી તાંબા તેના ઘણા ક્ષેત્રો જેમ કે સંરક્ષણ, સ્વચ્છ ઉર્જા અને માળખાગત સુવિધાઓ માટે ખતરો છે. ભારતે ૨૦૨૪-૨૫માં અમેરિકાને ૩૬૦ મિલિયન ડોલરના કોપર ઉત્પાદનોની નિકાસ કરી હતી.

ભારતીય કોપરમાં પ્લેટ્સ, ટયુબ અને કેટલીક અર્ધ-તૈયાર ઉત્પાદનોનો સમાવેશ થતો હતો. હવે આ વસ્તુઓ વધુ મોંઘી થશે. બધા દેશો પર એકસાથે ટેરિફ લાદવામાં આવી હોવાથી અને જાપાન તથા યુરોપિયન યુનિયન જેવા યુએસ ભાગીદાર દેશો પણ તેના દાયરામાં હોવાથી, વિશ્વભરના દેશોને સમાન રીતે અસર થશે.

થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવે જણાવ્યું હતું કે, આ નીતિથી યુએસ ઉદ્યોગને તે દેશો કરતાં વધુ નુકસાન થઈ શકે છે. ઇલેક્ટ્રિક વાહનો, પાવર ગ્રીડ, સેમિકન્ડક્ટર અને સંરક્ષણ ક્ષેત્રના ઇલેક્ટ્રોનિક્સ માટે કોપર મૂળભૂત કાચો માલ છે.

જો કાચા માલની કિંમત ૫૦ ટકા વધે છે, તો આ ક્ષેત્રો પ્રભાવિત થશે, ઉત્પાદન ધીમું થશે, કિંમતો વધશે અને સ્વચ્છ ઊર્જા અપનાવવાના અમેરિકાના પ્રયાસોને પણ ફટકો પડશે. એ જ સાથે ઇન્ફ્લેશન રેટ પર પણ અસર પડશે.

ટ્રમ્પ તેમના પહેલા કાર્યકાળથી જ રાષ્ટ્રીય સુરક્ષાના નામે વેપાર વિસ્તરણ કાયદાની કલમ ૨૩૨ હેઠળ ઉચ્ચ ક્ષેત્રીય ડયુટી લાદવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૨૦૧૮માં, ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવીને સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટકા ડયુટી લાદી હતી. ■

# ભાજપ કૉંગ્રેસના ભૂતપૂર્વ નેતાઓને સામેલ કરીને મહાયુતિના સાથી પક્ષોને ઘેરવાનો પ્રયાસ કરે છેઃ સપકાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે એવો આરોપ લગાવ્યો છે કે ભાજપ રાજ્યની ચૂંટણીમાં શિવસેના અને એનસીપીના વિધાનસભ્યો જીત્યા હોય તેવા મતવિસ્તારોના ભૂતપૂર્વ કોંગ્રેસી નેતાઓને પોતાની પાર્ટીમાં સમાવિષ્ટ કરીને મહાયુતિના સાથી પક્ષોને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે.

હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું કે, તાજેતરના મહિનાઓમાં પક્ષ બદલનારા સૌથી જૂના પક્ષના નેતાઓએ ડર અને લોભથી આવું કામ કર્યું છે, પરંતુ કોંગ્રેસ સ્પષ્ટતા અને આક્રમકતા સાથે તેની વિચારધારાને સુરક્ષિત રાખવા માટે કટિબદ્ધ છે.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને હાર મળી ત્યારથી મહારાષ્ટ્ર કોંગ્રેસ શ્રેણીબદ્ધ પક્ષપલટોનો સામનો કરી રહી છે, જેમાં તેને ફક્ત ૧૬ બેઠકો જ મળી હતી.

‘રાજીનામું આપનારા કોંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્યો ઘણા વર્ષોથી વિધાનસભ્ય તરીકે સેવા આપી રહ્યા હતા અને હવે તેઓ રાહ જોવા તૈયાર નથી. આ મતવિસ્તારોમાં પાર્ટીનું પુનર્ગઠન કરવા માટે અમારી પાસે ઘણો સમય છે,’ એમ તેમણે કહ્યું હતું.

બુલઢાણાના વિધાનસભ્યે એવો દાવો કર્યો હતો કે પક્ષપલટો કરનારા નેતાઓ સત્તાના ભૂખ્યા હતા અને કોંગ્રેસે તેમના માટે પોતાના દરવાજા કાયમ માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

તેમણે એવો આરોપ લગાવ્યો કે ભાજપ તેના સાથી પક્ષો શિવસેના અને એનસીપીના વિજયી મતવિસ્તારોમાં રહેલા કોંગ્રેસના નેતાઓને પોતાની પાર્ટીમાં સામેલ કરીને તેમને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે જેથી આગામી સમયમાં તેઓ આ મતદારસંઘો પોતાના કબજામાં લઈ શકે.

સપકાળે ધ્યાન દોર્યું હતું કે તાજેતરમાં કોંગ્રેસ છોડી દેનારા નેતાઓમાં કુણાલ પાટીલ ધુળે ગ્રામીણમાં ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતા, જ્યારે એનસીપીના ઉમેદવારોએ પરભણી જિલ્લાના પાથરી મતવિસ્તારમાં સુરેશ વરપુડકર અને ખડકવાસલામાં સંજય જગતાપને હરાવ્યા હતા અને કૈલાસ ગોરંટ્યાલ જાલનામાં શિવસેના સામે હારી ગયા હતા.

તેમણે કહ્યું કે ભાજપમાં જોડાયેલા ભોરના ભૂતપૂર્વ વિધાનસભ્ય સંગ્રામ થોપટે પણ એનસીપીના ઉમેદવાર સામે હારી ગયા.

‘એવું લાગે છે કે ભાજપ (શાસક) ગઠબંધનમાં રમત રમી રહી છે. તેઓ તૈયાર નેતાઓને લઈ રહ્યા છે,’ એમ સપકલે કહ્યું હતું.

કોંગ્રેસ છોડનારા ભૂતપૂર્વ વિધાનસભ્યોએ આ નિર્ણયને વ્યક્તિગત કારણોસર જવાબદાર ગણાવ્યો, એમ તેમણે ધ્યાન દોર્યું.

‘તે આશ્ચર્યજનક નહોતું, કારણ કે તેઓ પહેલાથી જ સંભવિત પક્ષપલટોની અમારી યાદીમાં હતા. આ પક્ષપલટો સંગઠનને મજબૂત બનાવવા અને મહત્વપૂર્ણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તેને તૈયાર કરવાના અમારા ઉદ્દેશને અસર કરી નથી,’ એમ સપકાળે કહ્યું હતું.

તેમણે એવો સવાલ કર્યો હતો કે એક કરોડ કાર્યકરો સાથેની સૌથી મોટી

(જુઓ પાનું ૪) ▸▸



**આલા ગણપતિ બાપ્પાઃ** ૨૭મીથી શરૂ થઈ રહેલાં ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને મોટાં મંડળોએ રવિવારની રજાને ધ્યાનમાં રાખીને પોતાનાં મંડળોની ગણપતિ મૂર્તિઓને લઈ જવાનું નક્કી કર્યું. આવી જ એક વિશાળકાય ગણેશ મૂર્તિ લાલબાગમાં વર્કશોપમાંથી બહાર આવી ત્યારે હાજર ગણેશભક્તોએ ઉત્સાહભેર તેનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

# પનવેલના ડાન્સ બારમાં મનસેએ કરી તોડફોડઃ આઠ વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ સભા સંબોધતી વખતે રાયગડ જિલ્લામાં પરપ્રાંતીયોના બાર વિશે કરેલી ટિપ્પણી બાદ મનસેના કાર્યકરોએ પનવેલના ડાન્સ બારમાં તોડફોડ કરી હતી. નિયમોનો ભંગ કરીને મહિલાઓ અશ્લીલ ડાન્સ કરતી હોવાનો દાવો કરી બારમાં તોડફોડ કરનારા આઠ જણ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.




રાયગડ જિલ્લાના પનવેલ ખાતે આવેલા નાઈટ રાઈડર્સ બારમાં શનિવારની રાતે મનસેના ૧૫થી ૨૦ કાર્યકર બામ્બુ સાથે ઘૂસ્યા હતા. બારમાંના ફર્નિચર, કાચ, દારૂની બૉટલો અને લાઈટની કથિત રીતે તોડફોડ કરી હતી. આ તોડફોડનું વીડિયો રેકોર્ડિંગ મનસેના કાર્યકરો દ્વારા જ કરવામાં આવ્યું હતું. બાદમાં તોડફોડનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

શનિવારે રાજ ઠાકરેએ પનવેલમાં સભા સંબોધતી વખતે પરપ્રાંતીયો દ્વારા રાયગડમાં ચલાવવામાં આવતા બિયર બાર્સ વિશે ટિપ્પણી કરવામાં આવી હતી. આ બાર્સ ગેરકાયદે હોવા છતાં તેને શા માટે બંધ કરવામાં નથી આવતા, એવો પ્રશ્ન પણ તેમણે કર્યો હતો. સભા બાદ રાતે મનસેના કાર્યકરો દ્વારા આ તોડફોડ કરવામાં આવી હતી.

ડાન્સ બાર પર હુમલા બાદ મનસેના એક પદાધિકારીએ કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજની પવિત્ર ભૂમિમાં ડાન્સ બારને કોઈ સ્થાન નથી. અમે આવી અશ્લીલતા પનવેલ કે અન્ય સ્થળે ચલાવી લઈશું નહીં.

આ પ્રકરણે પનવેલ તાલુકા પોલીસે બારમાલિકની ફરિયાદને આધારે મનસેના આઠ કાર્યકર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બારની અંદર અને બહાર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પોલીસ મેળવી રહી છે. આ પ્રકરણે સાક્ષીઓનાં નિવેદન પણ નોંધવામાં આવી રહ્યાં છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# નીતિન ગડકરીના ઘરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળીઃ આરોપીની ધરપકડ

નાગપુરઃ નાગપુરમાં કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના ઘરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પોલીસ કંટ્રોલ રૂમમાં આ ધમકીભર્યો ફોન આવ્યો હતો.

આ ફોન આવ્યા બાદ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. જોકે, પોલીસે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તત્પરતા દાખવતા થોડા જ સમયમાં આરોપીની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે સવારે ૮:૪૬ વાગ્યે પોલીસ કંટ્રોલ નંબર ૧૧૨ પર ગડકરીના ઘરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકીભર્યો ફોન આવ્યા બાદ પોલીસે સ્થાનિક પોલીસ સ્ટેશનને આ બાબતની જાણ કરી હતી. પ્રતાપ નગર પોલીસે અજાણ્યા વ્યક્તિઓ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમે ગડકરીના ઘરમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

થોડા કલાકો પછી, પોલીસે ગડકરીના ઘરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપીની ધરપકડ કરી. ધરપકડ કરાયેલા આરોપીનું નામ ઉમેશ વિષ્ણુ રાઉત છે. ઉમેશ વિષ્ણુ રાઉત મેડિકલ ચોક ખાતે આવેલી દેશી દારૂની દુકાનમાં કામ કરે છે. પોલીસે તેની નાગપુરના બીમા દાવખાના નજીક ધરપકડ કરી હતી.

તમને જણાવી દઈએ કે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી નાગપુરમાં હાજર છે. પોલીસ ટીમ હવે ધમકી પાછળનો હેતુ જાણવા માટે ધરપકડ કરાયેલા આરોપીની પૂછપરછ કરશે. શું આ ઘટના પાછળ કોઈ અન્ય કારણ પણ છે? ■

# ‘વિદેશ મંત્રાલય’ના કવરમાં સંતાડીને ગાંજાની તસ્કરી

## બૅન્ગકોકથી આવેલા પ્રવાસીની ૧૪ કરોડના ગાંજા સાથે ધરપકડઃ ‘ગુપ્ત-રાજદ્વારી’ પાર્સલ હોવાનું દર્શાવાયું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશ મંત્રાલય લખેલા અને અશોકચિહ્નવાળા કવરમાં સંતાડીને ગાંજાની તસ્કરીનો પર્દાફાશ કરી કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ અંદાજે ૧૪.૭૩ કરોડ રૂપિયાનો જપ્ત કર્યો હતો. આરોપીએ તેની પાસેનું પાર્સલ ‘ગુપ્ત અને રાજદ્વારી’ હોવાનું દર્શાવ્યું હતું અને તેની બૅગમાંથી યુનાઈટેડ નૅશન્સ ઑફિસ ઑન ડ્રગ્સ ઍન્ડ ક્રાઈમ (યુએનઓડીસી)ના અહેવાલો તેમ જ બનાવટી સિક્રેટ મિશનની નકલો પણ મળી આવી હતી.

કસ્ટમ્સ વિભાગના મુંબઈ ઝોનના અધિકારીઓએ રવિવારના મળસકે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી આરોપીને તાબામાં લીધો હતો. બૅન્ગકોકથી આવેલા પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યો હતો. તેની બૅગમાંથી મળેલા શંકાસ્પદ કવર અને અન્ય દસ્તાવેજોને આધારે તેની પૂછપરછ કરવામાં આવી હતી.

પૂછપરછમાં ઉડાઉ જવાબ આપનારા પ્રવાસી પાસેના કવરને ખોલવામાં આવતાં અધિકારીઓને પણ આંચકો લાગ્યો હતો. વિદેશ મંત્રાલય લખેલા કવર પર અશોકચિહ્ન પર છાપેલું હતું અને એ કવરમાંથી ઉચ્ચ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# ઉદ્યોગોને સરળ વહીવટી સહાય વૈશ્વિક આર્થિક પડકારોને દૂર કરવામાં મદદ કરી શકે છેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૨૫ ટકા ટેરિફ સહિત વૈશ્વિક વ્યાપારના અવરોધોને દૂર કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ઉદ્યોગોને સરળ વહીવટી સહાય આંતરરાષ્ટ્રીય આર્થિક પડકારોનો સામનો કરવામાં મદદ કરી શકે છે.

અમેરિકાએ શુક્રવારે ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે, જે અમેરિકાને થતી ૮૬ અબજ ડોલરની ભારતીય નિકાસમાંથી લગભગ અડધાને અસર કરી શકે છે.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ), નાગપુર ખાતે બે દિવસની વહીવટી પરિષદમાં બોલતાં ફડણવીસે શનિવારે કહ્યું હતું કે, ‘જો આપણે આપણા ઉદ્યોગોને સરળ વહીવટી સહાય પૂરી પાડીએ, તો આપણે કોઈપણ આંતરરાષ્ટ્રીય આર્થિક પડકારને દૂર કરી શકીએ છીએ.’

તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર ટૂંક સમયમાં નાગરિકોને કાર્યક્ષમ અને પ્રતિભાવશીલ શાસન પૂરું પાડવાના હેતુથી મુખ્ય સુધારાઓ અમલમાં મૂકશે.

તેમણે કહ્યું કે, આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી વ્યાપક ચર્ચા-વિચારણા બાદ વિભાગીય કમિશનરો અને વરિષ્ઠ અધિકારીઓની બનેલી છ સમિતિઓએ સુધારાલક્ષી ભલામણો રજૂ કરી છે.

‘આ સમિતિઓએ વહીવટી તંત્રમાં જરૂરી

(જુઓ પાનું ૪) ▸▸

# કાંદાના ભાવને મુદ્દે મુખ્ય પ્રધાન હસ્તક્ષેપ કરેઃ ડુંગળી ઉત્પાદકો

નાસિકઃ ભાવમાં ભારે ઘટાડા વચ્ચે, મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક સંગઠને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને વિનંતી કરી છે કે તેઓ એશિયામાં ડુંગળીના પાક માટે સૌથી મોટા બજાર લાસલગાંવ કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી) ખાતે તાત્કાલિક અને લાંબા ગાળાના ઉકેલો શોધવા માટે વિશેષ બેઠક બોલાવે.

એસોસિએશનના એક પ્રતિનિધિમંડળે તાજેતરમાં લાસલગાંવ એપીએમસીના ચેરમેન અને સચિવને લેખિત વિનંતી સુપરત કરી હતી, જેમાં તેમને આવી બેઠક માટે મુખ્ય પ્રધાનને ઔપચારિક આમંત્રણ આપવાની વિનંતી કરવામાં આવી હતી.

એસોસિએશને માગણીનો પુનરોચ્ચાર કરતા ફડણવીસને એક સત્તાવાર ઇ-મેઇલ પણ મોકલ્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક સંગઠનના સ્થાપક-પ્રમુખ ભરત દિઘોલે અને નાસિક જિલ્લા પ્રમુખ જયદીપ ભદાણે દ્વારા લખાયેલા આ પત્રમાં ભાવ ઘટવાને કારણે ખેડૂતોને પડી રહેલી ગંભીર નાણાકીય તકલીફો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

એસોસિએશનના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રમાં ડુંગળીના ખેડૂતોને હાલમાં પ્રતિ ક્વિન્ટલ માત્ર ૮૦૦થી ૧૨૦૦ રૂપિયા મળી રહ્યા છે, જ્યારે સરેરાશ ઉત્પાદન ખર્ચ ઓછામાં ઓછો ૨,૫૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે.

આ વિસંગતી ખેડૂતોને રોજિંદું નુકસાન પહોંચાડી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પરિસ્થિતિની તાકીદને ધ્યાનમાં રાખીને અમે તમને (મુખ્ય પ્રધાનને) વિનંતી કરીએ છીએ કે કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને સાથે તાત્કાલિક અને લાંબા

(જુઓ પાનું ૪) ▸▸




# માલેગાંવ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ જાહેર થયા બાદ પુણેમાં લેફ્ટનન્ટ કર્નલ પુરોહિતનું ઉષ્માભર્યું સ્વાગત

પુણેઃ ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં કોર્ટે નિર્દોષ જાહેર કરેલા સાત આરોપીઓમાંથી એક લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતનું રવિવારે પુણેમાં તેમના ઘરે પરત ફરતા પરિવારના સભ્યો અને સમર્થકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુરુવારે મુંબઈની એક ખાસ અદાલતે પુરોહિત, ભૂતપૂર્વ ભાજપ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને પાંચ અન્ય લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા, ઉત્તર મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના માલેગાંવ શહેરમાં થયેલા વિસ્ફોટમાં છ લોકોના મોત થયાના લગભગ ૧૭ વર્ષ પછી. તેમને નિર્દોષ જાહેર કરતી વખતે, કોર્ટે નોંધ્યું હતું કે તેમની વિરુદ્ધ ‘કોઈ વિશ્વસનીય અને મજબૂત પુરાવા’ નથી.

રવિવારે પુણે પરત ફરતા, તેમના મિત્રો, પરિવારના સભ્યો, સમર્થકો, વિવિધ જમણેરી સંગઠનોના સભ્યો અને અન્ય લોકો લો કોલેજ રોડ પર સ્થિત તેમના નિવાસસ્થાન શાંતિશીલા હાઉસિંગ સોસાયટીની બહાર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવા અને કેસમાં તેમની નિર્દોષ છૂટની

(જુઓ પાનું ૪) ▸▸



"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**